# સિદ્ધત્વની... યાત્રા

ભાગ-૪

# સિદ્ધત્વની...યાત્રા

ભાગ-૪



ગોંડલ સંપ્રદાયના તપસમ્રાટ ગુરુદેવ
પૂ. શ્રી રતિલાલજી મ.સા.ના સુશિષ્ય
રાષ્ટ્રસંત પૂજ્ય ગુરુદેવ
શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબ

: પ્રકાશક :
પારસધામ - મુંબઈ

PARASDHAM

# સિધ્ધત્વની યાત્રા - ૪

: પ્રેરણા :

## રાષ્ટ્રસંત પૂજ્ય ગુરુદેવ શ્રી નમ્રમુનિ મ.સા.

પ્રકાશક : પારસધામ - મુંબઈ.

દ્વિતીય આવૃતિ - જુલાઈ ૨૦૧૫

**: પ્રાપ્તિ સ્થાન :**

PARASDHAM

વલ્લભ બાગ લેન, તિલક રોડ, ઘાટકોપર (ઇસ્ટ)
મુંબઈ - 400077 • Ph. No.: +91-22-32043232

12/2A, બકુલ બગાન રો,
કોલકત્તા - 700025 • Ph. No.: +91-33-2475003

4, આફ્રિકા કોલોની, સૌરાષ્ટ્ર કલા કેન્દ્ર, કાલાવાડ રોડ,
રાજકોટ- 360005 • Ph. No.: +91-281-2577630

PAWANDHAM

B.C.C.I ક્રિકેટ ગ્રાઉન્ડની સામે, મહાવીર નગર, કાંદિવલી (વેસ્ટ),
મુંબઈ - 400067 • Ph.No.: +91-22-28093833

ઓલ્ડ પાદરા રોડ, હાથીભાઈ નગર,
વડોદરા - 390007 • Ph.No. +91-265-3293232

6/6 નેતાજી સુભાષ રોડ, મલ્લિક ફાટક પાસે,
હાવડા સાઉથ - 711101. • Ph.No. +91-93390-01757

PAVITRADHAM

પવિત્રધામ જૈન સંઘ-સેટેલાઈટ, પ્રેરણાતીર્થ દેરાસર પાસે, સેટેલાઈટ,
અમદાવાદ - 380015 • Ph.No. 09427325640

# આગમ અને આત્મા...

પરમાત્મા એક પછી એક આગમની ધારાઓ પોતાના મુખકમલમાંથી પ્રગટાવતા હોય અને એ આગમધારાઓ ભાવિક જીવોનાં અંતરને ભીંજવતી હોય. એ ક્ષણ કેવી હોય ? પરમાત્મા જ્યારે દિવ્ય મુખકમલમાંથી આગમધારા વહાવતા હોય અને એક એક વ્યક્તિનાં માનસમાં એમ થાય કે, પરમાત્મા બીજા કોઇને કહેતાં નથી, પરમાત્મા મને જ કહે છે અને મારું જ કહે છે!

પરમાત્મા મહાવીરની વાણીમાં એક વિશેષતા હતી. પરમાત્માના સમવસરણમાં અનેક વ્યક્તિઓ આવતી હોય, અનેક લોકો પોતાના પ્રશ્નો લઇને પ્રવેશ કરતાં હોય, અનેક પોતાની સમસ્યા લઇને ત્યાં આવ્યા હોય, પરમાત્માની વાણીને સાંભળે અને દરેકને પોતાની સમસ્યાનું સમાધાન એક જ શબ્દમાં મળી જાય! પરમાત્મા ભલે વિશાળ જનસમુદાયને સંબોધતા હોય પણ દરેક વ્યક્તિને પોતપોતાની રીતે પોતપોતાનું સમાધાન મળી જાય અને આ જગતનો નિયમ છે,

*જ્યારે સમાધાન મળે છે, ત્યારે સમાધિ મળે છે.*

જ્યારે આપણા પ્રશ્નોનું આપણી સમસ્યાનું સમાધાન મળે છે, ત્યારે અંતરમાં એક સંતોષનો ભાવ ઊગે છે, સમાધિ મળે છે. આ જ સંતોષ અને સમાધિને કારણે વ્યક્તિને સમર્પણતા લાવવાનો વિચાર જન્મે છે અને એવી જ સમર્પણતા જન્મી હતી ગૌતમસ્વામીને.

ના ! એકલા ગૌતમસ્વામીને જ નહીં, પણ અનેક અનેક ભાવિકોને પણ આવી સમર્પણતા જન્મી હતી. અનેક ભાવિકોને પરમાત્માનાં ચરણમાં શરણ મેળવવું હતું. પણ શરણ મેળવી શક્યા એવા અગિયાર મુખ્ય હતાં.

એક માળી જ્યારે આખોય બગીચો તૈયાર કરે, ત્યારે તેમાં થોડાં નાનાં નાનાં છોડ પણ હોય અને મોટાં વૃક્ષો પણ હોય. શોભાનાં ઝાડ પણ હોય અને ફળ આપતા વૃક્ષો પણ હોય. માત્ર બીજ ઉગાડનારા વૃક્ષો હોય અને એકલાં દેખાવ માટે જ ફૂલોના ઝાડ પણ હોય.

*“માળી તો એ જ કહેવાય જે બધાંની માવજત કરે !”*

હા ! માળી માવજત તો આખા બગીચાનાં બધાં જ વૃક્ષોની કરે, પણ એ જ જાણતો હોય કે આમાંથી કયા વૃક્ષને કેટલું પાણી આપવું, કોને કેટલું સિંચન કરવું, અને કોના ઉછેર પાછળ કેટલો ભોગ આપવો. એ જાણતો હોય છે, કયા માત્ર શોભાના વૃક્ષ છે અને કયા ફળ આપનારા છે. પરમાત્માના સમવસરણ રૂપી ઉદ્યાનમાં પરમાત્મા રૂપી માળી સૌથી વધારે માવજત કોની કરે ?

પરમાત્મા રાગ, દ્વેષ ન રાખે, પણ વિવેક જરૂર રાખે. પરમાત્મા આ મારું કે આ તારું એવો ભેદ ન રાખે, પણ વિવેક તો અવશ્ય રાખે જ. આપણા બત્રીસે બત્રીસ આગમમાં જો સૌથી વધારે નામ આવતું હોય તો તે છે ગણધર ગૌતમનું. માણવા આવવું એ અલગ વસ્તુ છે અને માળી બનવું એ અલગ વાત છે.

આપણે બધાં અત્યારે પરમાત્માએ ખીલવેલાં આ શાસનરૂપી ઉદ્યાનને માણવાવાળાં છીએ અને એના માળી છે ભગવાન મહાવીર સ્વામી...!

ભગવાન મહાવીર સ્વામીએ જોયું કે અહીંયા આસોપાલવ પણ છે અને આંબા પણ છે. એ જાણતા હતાં કે આંબા ઉપર વધારે ધ્યાન દેવાથી અનેક ફળો આવશે, અનેક બીજ નીકળશે અને એ બીજ બીજા અનેક આંબાઓને ખીલવશે.

એવી જ રીતે જો એક ગૌતમને દેશના આપીશ તો એ એના અનેક શિષ્યોને ઉપદેશ આપશે, એના અનેક શિષ્યો બીજા અનેક પ્રશિષ્યોને ઉપદેશ આપશે, એમ કરતાં કરતાં પરમાત્માનું શાસન ૨૧,૦૦૦ વર્ષ સુધી ચાલશે..!

પરમાત્માએ ગૌતમને દેશના આપી, ગૌતમે સુધર્મા સ્વામીને જ્ઞાન આપ્યું, સુધર્મા સ્વામીએ જંબૂ સ્વામીને આપ્યું, જંબૂ સ્વામીએ પ્રભવ સ્વામીને આપ્યું. આમ કરતાં કરતાં પરમાત્માની આ પરંપરા આજ આપણા સુધી પ્રાપ્ત થઇ ગઇ. પરમાત્માની એ વાણી આગમ દ્વારા આપણને પ્રાપ્ત થઇ..!

જો આગમ ન હોય તો ?

એક નાનકડી વાત છે. એક વિદેશી પર્યટક એક વખત આફ્રિકાના જંગલમાં ગયો. ત્યાં બધાં આદિવાસીઓ જ રહેતાં હતાં. એમના શરીર ઉપર મેલના થરના થર હતાં. કોઇ મળે તો ય ભલે અને ન મળે તોય ભલે..! કોઇને કોઇની સાથે કાંઇ લેવા દેવા નહીં..! ઘરબાર જેવું છે નહીં... અને ખાવા માટે ઝાડ ઉપરથી ફળ તોડીને ખાઇ લે છે..!

જ્યારે વિદેશી પર્યટકે જોયું કે અહીંયા તો કાંઇ છે જ નહીં, જે આદિવાસીઓ એ જિંદગીમાં ક્યારેય અરીસા જેવી વસ્તુ જ જોઇ ન હોય, જેણે પોતાનો ચહેરો જ જોયો ન હોય, જેણે ક્યારેય પોતાનું પ્રતિબિંબ જ જોયું ન હોય એને પોતાની ઓળખાણ થાય જ કેવી રીતે ?

''જેણે અરીસો જોયો ન હોય, એણે દેહની ઓળખાણ ક્યારેય ન કરી હોય..!''

*''જેણે આગમ જોયા ન હોય, એણે આત્માની ઓળખાણ ક્યારેય કરી ન હોય..!''*

અરીસો જેમ આપણા દેહનું, આપણા અંગેઅંગનું દર્શન કરાવે છે. એમ આગમરૂપી અરીસો તો આપણા અંતરનું દર્શન કરાવે છે!

અંતરનો આકાર કેવો છે ? અંતરમાં વિકાર કેટલા છે ?

અંતરમાં અવગુણો કેટલાં છે અને અંતરમાં સદ્ગુણો કેટલા છે ?

*''સ્વયંનું સ્વયં દ્વારા નિરીક્ષણ કરવા માટે જે પરનો આધાર લેવો પડે છે, એનું નામ છે આગમ..!''*

*સ્વયંનું, સ્વયં થકી, સ્વયં વડે, સ્વયંનું નિરીક્ષણ કરવા માટે જે પરનો આધાર લેવો પડે છે એ છે પરમાત્માની વાણી..!*

અને એ પરમાત્માની વાણી જ સ્વનું સ્વથી નિરીક્ષણ કરાવે છે !

હવે, પેલા વિદેશી પર્યટકે એક સાથે ૧૫ આદિવાસીઓનો ગ્રુપ ફોટો પાડ્યો

અને એક પછી એક બધાંને બતાવવા લાગ્યો. બધાંએ ફોટો જોયો અને એમાંથી ચૌદ જણને ઓળખી શક્યાં. પણ એક વ્યક્તિ બધાંથી ન ઓળખાણી. બધાં ફોટો જોતા ગયા અને બધાંનો પ્રશ્ન એક જ હતો કે આપણા પંદરમાં એક જણ અજાણ્યો છે.

બધાં બીજાને તો ઓળખી શકતાં હતાં, પણ પોતાની જાતને કોઇ ઓળખી શકતું ન હતું. કેમકે ક્યારેય કોઇએ પોતાની જાતને અરીસામાં જોઇ જ નહતી.

બસ !

'સ્વયંની, સ્વયં દ્વારા, સ્વયં થકી, સ્વયં વડે, જે ઓળખાણ કરાવવામાં આધારભૂત બને છે એને કહેવાય છે, આગમ !'

આજ સુધી હું બધાંને જાણતો આવ્યો છું. આજ સુધી હું બધાંને ઓળખતો આવ્યો છું. આજ સુધી મારી પાસે બધાંના પણ છે. આજ સુધી હું બધાંની ચાલ અને ચલગતને જોતો આવ્યો છું. પણ, આજ સુધીમાં મેં ક્યારેય મારું નિરીક્ષણ કર્યું નથી.

પેલા પંદરે આદિવાસીએ સર્વાનુમતે એક સાથે એક જ વાત જાહેર કરી કે, આમાં ચૌદ જાણીતા છે, પણ એક અજાણ્યો છે ! 'પોતાને.. પોતાની જાત વડે, પોતાના મોઢે પારકો જાહેર કરવો, એનું નામ અજ્ઞાન..!'

અને પોતે પોતાની જાતને ઓળખવી એ છે આગમની આરાધના..! પણ, બને છે એવું કે, અરીસાને જોઇને કદાચ આપણે આપણી જાતને ઓળખી શકીએ છીએ. અરીસાને જોઇને કદાચ આપણે આપણું નિરીક્ષણ કરી શકીએ છીએ. અરીસામાં જોઇને કદાચ સ્વયંની કક્ષા શું છે એને સમજી શકીએ છીએ. આજ સુધી આપણે આપણી જાતને ઓળખી હોય, આપણે આપણને જોયા હોય એવી ક્ષણો કેટલી ?

સ્વએ સ્વને જોઇ હોય એવી ક્ષણો કેટલી ?

આપણે આપણા 'સ્વ'ને કોઇ દિવસ જોયો હોય, જાણ્યો હોય, માણ્યો હોય, એવો એકેય સમય ખરો ?

બસ !

આ જ આપણી ખોટ છે.

આપણું છે, એને આપણે પૂછતાં નથી અને પારકું છે, એને આપણે પછ્યા વિના રહેતા નથી.

આપણું છે એને આપણે સાચવતા નથી અને જેને સાચવીએ છીએ એ કોઇ દિવસ સચવાતાં નથી.

*'જ્યારે સ્વયંના આત્માની સ્વયંના આત્મા સાથે ઓળખાણ વધવા લાગે છે, ત્યારે જગત માટેની ફરિયાદ ઘટવા લાગે છે.'*

**આ છે આધ્યાત્મિક સંદેશ..!**

જ્યારે સ્વયંની સ્વયં સાથે ઓળખાણ થાય છે, સ્વયંનું નિરીક્ષણ થાય છે, આત્મા જ્યારે આત્માને ઓળખવા લાગે છે, આત્મા જ્યારે દેહને ઓળખવા લાગે છે, આત્મા જ્યારે 'દેહ મારાથી પર છે' એવું સમજવા લાગે છે, ત્યારે તેની બધી જ ફરિયાદો ઘટ્યા વિના રહેતી નથી.

ઘણાં એમ કહે છે, તમે અત્યારે આગમની વાત કરો છો, આત્માની વાત કરશો, આત્માનો ઉપદેશ આપશો, પણ આત્માનો ઉપદેશ આ કાળમાં, અત્યારના સમયમાં શું કામનો ? અત્યારે આત્મા વિશેની વાતો સાંભળે કેટલાં..? સમજે કેટલાં..? સ્વીકારે કેટલાં..? અને અમલમાં મૂકે કેટલાં..?

જ્યારે વ્યક્તિ સ્વને ઓળખવા લાગે છે, સ્વયંના આત્માને ઓળખવા લાગે છે, 'હું કોણ છું ?' એની સમજ પડવા લાગે છે. 'હું આત્મા છું', એવો ખ્યાલ આવવા લાગે છે. ત્યારે તેને સમજ પડવા લાગે છે કે આ મારાથી પર છે, પર છે માટે હું કાયમ છું અને તે કાયમ નથી ! આપણે રોજ સ્નાન કરીએ છીએ, આપણે શરીરને સ્નાન કરાવીએ છીએ, વિચારો... શરીરને નવરાવ્યાં પહેલાં જેવું હતું અને નવરાવ્યા પછી જેવું છે, એ બેમાં ફરક કેટલો ?

પરમાત્મા કહે છે, તમારી ક્ષણ ક્ષણે તમારા જીવનની એક એક ચર્યા વખતે,

તમારા જીવનના એક એક કાર્યક્રમ વખતે જો તમારા અંતરમાં એકવાર તમારી ઓળખાણ હશે, તો જગતનાં બધાં જ કામ કરવા છતાં પણ તમે કર્મોથી એકદમ હળવાફૂલ હશો.

'મને પગ કે હાથ દુઃખે છે, એવી ફરિયાદ ક્યારે જન્મે ?' જ્યારે મારું સોએ સો ટકાનું મમત્વ, મારું સોએ સો ટકાનું ધ્યાન, મારા હાથ કે પગ પ્રત્યે હોય ત્યારે જ ફરિયાદ જન્મે. જેને આપણે પોતાનું માનીએ છીએ એનું જ આપણે ધ્યાન રાખીએ છીએ અને જેને આપણે પોતાનું માનતા નથી તેની આપણે ઉપેક્ષા કરીએ છીએ.

જેને પોતાનું માનીએ છીએ તેનો આપણને પ્રેમ છે અને પ્રેમ છે માટે એનું બરાબર ધ્યાન રાખીએ છીએ. જેની પ્રત્યે આપણને પોતાપણાનો, સ્વપણાનો, મારા જ છે, એવો ભાવ થતો નથી, એના પ્રત્યે કદાચ ફરજ બજાવતાં હોઇશું પણ એના પ્રત્યે આપણને લાગણી નહીં હોય અને લાગણી નહીં હોય તો એનામાં જે કાંઇ થતું હશેને, એની આપણે ઉપેક્ષા કરીશું.

*'જે આપણું છે, ત્યાં આપણું ધ્યાન છે.'*

જ્યાં આપણું નથી, ત્યાં આપણું ધ્યાન નથી અને આ જ આપણી ખોટ છે. જે આપણું છે એને આપણે સમજ્યા નથી અને જે આપણું નથી તેને આપણું સમજી, સમજીને જ જિંદગી પસાર કરી નાખીએ છીએ.

જે સમયે પરમાત્માના આગમની ધારાઓ પરમાત્માના મુખકમલમાંથી પ્રવાહિત થઇ રહી હતી અને જ્યારે ગૌતમ સ્વામી અને સુધર્મા સ્વામી આગમની ધારાઓને સમજી રહ્યાં હતાં, શીખી રહ્યાં હતાં, અંદરમાં ઉતારી રહ્યાં હતાં અને જેમ જેમ અંતરમાં ઉતરતું જતું હતું, તેમ તેમ તેમના અંતરમાં એક સંતોષ થતો હતો, તેમના મનનું સમાધાન થતું હતું, એમના અંતરમાં સમાધિનો ભાવ જન્મી રહ્યો હતો કે, ખરેખર ! હું જે છું એ આ નથી અને આ જે છે, તે હું નથી !

રોજ સામાયિક કરીએ છીએ એનું ફળ શું ? સાધનાનું ફળ શું ?

'દેહ તો દેહ જ રહેલો છે. મારે દેહની ફરિયાદને ઘટાડવી છે.'

કેમ ? કેમકે જે મારું હોય એની હું ફરિયાદ કરું પણ જે મારું નથી એની ફરિયાદ કરવા જેવી નથી. જે મારા હોય, એની જ ફરિયાદ કરાય. પણ જે પારકાં હોય તેની વધુ ફરિયાદ કરી શકાય નહીં.

આજે તમારું બાળક તમારા ઘરમાં તોફાન કરતું હોય તો તમે એને સમજાવીને, શિખામણ આપીને રોકી શકો. પણ જો પારકાનું બાળક પારકાનાં ઘરમાં તોફાન તો શું તોડફોડ પણ કરતું હોય તો તમે શું કરી શકો ?

ખાલી જોઇ શકો... પણ કાંઇ કરી ન શકો.

આ દેહ, આ શરીર, એ જો સાચી સમજ હોય તો, એ પારકાનું ઘર છે, એ મારું ઘર નથી. હા ! પણ આવી સમજ, આવા ભાવ, સમયે સમયે આવી શકતાં નથી. પણ, જ્યાં સુધી આવી સમજ અંતરમાં વસશે નહીં, ત્યાં સુધી આપણી સમસ્યાનું સમાધાન થવાનું નથી.

સમસ્યાઓનું સર્જન બે વ્યક્તિ વચ્ચે સર્જાય કેમ ?

બે વ્યક્તિની વચ્ચે સમસ્યા ત્યારે જ સર્જાય જ્યારે સાથે કોઇ ત્રીજું હોય. એકલા હોઇએ ત્યારે માત્ર શાંતિ હોય છે. પણ બેકલો થાય એટલે અશાંતિ વધ્યા વગર રહેતી નથી.

જ્યારે પરદેશ ગયેલી વ્યક્તિ સ્વદેશ પાછી ફરવાની હોય છે, ત્યારે તે પરદેશની બજારમાં નીકળે છે પોતાના દેશ માટે કંઇક લઇ જવા માટે. કંઇક કામ લાગે એવી વસ્તુ લેવા માટે. એ પરદેશનાં ફૂલો બહુ વખણાતા હતાં. વ્યક્તિ બજારમાં પહોંચી. એક તરફ ફૂલોની મોટી બજાર હતી, જ્યાં એક એકથી સુંદર ફૂલો મળતાં હતાં અને બીજી તરફ ઝવેરીની બજાર હતી, જ્યાં એક એકથી સુંદર રત્નો મળતાં હતાં. કિંમતી રત્નો ખૂબ સસ્તામાં મળી રહ્યાં હતાં. જ્યારે સુંદર ફૂલો ખૂબ મોંઘા મળી રહ્યાં હતાં. હવે એ વ્યક્તિ શું ખરીદશે ?

ફૂલો કે રત્નો ?

એ ધનાઢ્ય વ્યક્તિએ એક મોટી સૂટકેશ ભરીને સુંદરમાં સુંદર ફૂલો ખરીદ્યા..!

રસ્તામાં એને એક સમજુ, અનુભવી વ્યક્તિ મળી ગઇ. એણે પૂછ્યું, ભાઇ ! તું આ શું લઇ જાય છે ?

હું મારા દેશ માટે આ સુંદર ફૂલો લઇ જાઉં છું.

પણ ! ભાઇ સામે ઝવેરીની બજાર છે, ત્યાં સરસ અને કિંમતી રત્નો મળે છે.

ના ! પણ મને રત્નો લેવાનું મન નથી થતું.મને આ સુંદર અને સુગંધી ફૂલો ગમે છે.

પણ ! આ રત્નો લઇને તું તારા સ્વદેશમાં એને વેચીશ તો પણ તને ઘણી કિંમત મળશે. તું અત્યારે રત્નો લઇલે. પછી ત્યાં જઇને ફૂલો લઇ લેજે.

ના ! મારે તો ફૂલ જ લેવા છે.

છતાં, પેલી સમજુ વ્યક્તિએ બહુ આગ્રહ કર્યો ત્યારે એણે માત્ર એક રત્ન લીધું. એક તરફ માત્ર એક રત્ન લીધું... અને એક તરફ આખી બેગ ભરીને ફૂલો લીધાં. ચાર-પાંચ દિવસ પછી પોતાના દેશ પહોંચ્યો. ત્યાંથી બે દિવસે પોતાને ગામ ગયો. બધાંને ભેગા કર્યાં અને કહેવા લાગ્યા, ''હું તમારા બધાં માટે પરદેશથી સુંદર અને સુગંધી ફૂલો લાવ્યો છું અને હું મારું આખું ઘર એ ફૂલોથી શણગારવાનો છું.''

એની પત્નીએ પૂછ્યું, ''તમે મારા માટે શું લાવ્યાં છો ?''

તારા માટે પણ સરસ ફૂલો લાવ્યો છું..!

એણે બેગ ખોલી, ફૂલોને જોયાં અને એની આંખોમાંથી આંસુની ધાર વહેવા લાગી. એક માત્ર 'રત્ન' રત્નની જેમ ચમકતું હતું અને બધાં જ ફૂલો કરમાઇને ચીમળાઇ ગયાં હતાં..!

કહેવાનો આશય એ જ કે, આ તમારો સંસાર, તમારો પરિવાર, તમારા

સગાંસ્નેહીઓ બધાં ફૂલો જેવા છે અને તમે કરેલી સામાયિક એ 'રત્ન' જેવી છે! તમે ભરેલી બેગ ફૂલોની છે પણ એની સાથે તમે લીધેલા ધર્મ એક રત્ન સમાન છે!

હવે એ જ વિચારવાનું કે, 'જ્યારે આ ભવનો કિનારો છૂટશે અને પરભવના કિનારા સુધી પહોંચીશું ત્યારે આપણે ભરેલી ફૂલોની બેગ આપણને કામ લાગશે કે આપણે હાથમાં લીધેલું એકાદ રત્ન?''

હે પરમાત્મા ! મને ખબર હતી કે ફૂલ તો કરમાઇ જાય, મને સમજ હતી કે ફૂલો તો કરમાવાનાં જ હોય, મને ખબર હતી કે, ફૂલો જેવો આ સંસાર, પરિવાર અને આ સમાજ બધાં જ છોડવાનાં છે, છૂટવાના છે, છતાંય એને સાચવવામાં મારો ભવ ક્યાં ગયો એ ખબર પડી જ નહીં અને જ્યારે સમજ રૂપી દાંતિયો મળ્યો ત્યારે માથામાં ટાલ પડી ગઇ હતી.

*અનુભવનો દાંતિયો મળે ત્યારે માથામાં ટાલ પડી ગઇ હોય છે. ટાલ પડી ગયા પછી દાંતિયો શું કામનો ?*

એમ જ્યારે ખબર પડે કે આ મારો સંસાર, આ પરિવાર, આ સમાજ, કાંઇ જ મારું નથી... મારું થયું નથી. હે પરમાત્મા ! આ ભવની અંદર આ બધાં ફૂલોને મારે સાચવવા છે, સંભાળવા છે, પણ આ ફૂલોને ક્યારેય મારી સાથે લઇ જવા નથી..!

ફૂલને સાચવવાનાં હોય, સાથે લઇ ન જવાનાં હોય..!

રત્નને સાચવવાના પણ હોય અને સાથે લઇ જવાનાં પણ હોય..! પણ, જે ફૂલને જ સાચવે છે... ફૂલને જ સંભાળે છે અને ફૂલને જ સાથે લઇ જાય છે તે "FOOL" કહેવાય છે..!

પણ, આ માંહ્યલો આ વાતને સમજી શકતો નથી..!

પરમાત્માના આગમો આપણને એ જ દર્શન કરાવે છે કે, તારું વાસ્તવિક દર્શન કરી લે, તું કોણ ? તારું કોણ ? તારું શું ?

આજ સુધીમાં આપણે ક્યારેય... ''હે જીવ ! તને કેમ છે ?'' એવો પ્રશ્ન

આપણી જાતને કર્યો છે ?

કોઇ સંબંધીનાં ખબર આવે કે, પેલા ભાઇ બીમાર પડ્યાં છે અને એમને લીલાવતી હોસ્પિટલમાં દાખલ કર્યા છે, તમે મારતી મોટરે તેની ખબર કાઢવા હોસ્પિટલમાં દોડશો..! માંહ્યલો માંદો પડ્યો છે, પણ આપણે ક્યારેય એને માટે મનની મોટર દોડાવી નથી..!

આપણા દેહમાં કંઇક તકલીફ થાય... જરાક માથું દુઃખે કે તાવ આવે કે જરાક પગ કે પેટ દુઃખે આપણે હાંફળાફાંફળા થઇ જઇએ... હેરાન પરેશાન થઇ જઇએ... દુઃખી દુઃખી થઇ જઇએ, પણ... પણ... આ ખુદનો જ માંહ્યલો માંદો પડ્યો હોય... પણ આપણે ખબર કાઢવા ગયા નહીં..!

''જે જગતનું ધ્યાન રાખે, પણ ખુદની સામે ન જુએ, એ કેવો લાગે ?''

જેના ઘરમાં ખાવાના વેંત ન હોય પણ બહારનાને જઇને ખીર-પૂરી જમાડે એ કેવો લાગે ?

બસ, સ્વ તરફ દ્રષ્ટિ કરી સિધ્ધત્વને પામીએ..!

**- રાષ્ટ્ર સંત પૂ. નમ્રમુનિ મ.સા.**

# ધર્મ...

આત્માની સમજ આપનાર આગમમાં ભગવાન મહાવીરે મોક્ષમાં જવાના ૭૩ ધર્મરૂપી દોરડાં બતાવ્યાં છે. સંસારરૂપી કૂવામાંથી જો બહાર નીકળી દિવ્ય, અલૌકિક અને તેજોમય આત્મપ્રકાશને માણવો હોય તો આ ૭૩ ધર્મરૂપી દોરડામાંથી એકાદ દોરડાંને અવશ્ય પકડવું જોઈએ..! પણ એ દોરડું પકડવાનું મન ક્યારે થાય ? જ્યારે કૂવો, કૂવો લાગે ત્યારે..!

વ્યક્તિ જ્યારે સમજે કે આ માત્ર કૂવો જ છે અને આ કૂવામાં અંધારા સિવાય કાંઈ જ નથી. જો મારે અજવાળાનાં દર્શન કરવા હોય, પ્રકાશને નીરખવો હોય તો મારે કૂવામાંથી બહાર નીકળવાનો પ્રયત્ન કરવો જ પડશે અને કૂવામાંથી બહાર નીકળવા માટે દોરડાંને પકડવું જ પડશે. ના ! માત્ર દોરડાંને પકડવાથી જ કાંઈ પ્રકાશનાં દર્શન ના થાય, એ દોરડાંને પણ 'આધાર' હોવો જોઈએ..! દોરડાંના આધાર પર શ્રધ્ધા રાખી, ધીમે ધીમે દોરડાંને પકડી ઉપર આવવાનો પ્રયત્ન કરવો પડે..!

જો કૂવો કૂવો જ લાગે... પ્રકાશને નીરખવાની તમન્ના હોય... દોરડાં અને દોરડાંના આધાર ઉપર ભરોસો હોય... કે, આ બંને મને બહારનાં પ્રકાશનાં દર્શન કરાવશે તો જ કૂવામાંથી બહાર નીકળી શકાય. બહાર નીકળવાના પ્રયત્નને સફળ બનાવી શકાય..!!

જ્યારે આપણને સંસાર, સંસાર જ લાગશે, સંસારની અસારતા સમજાશે, ત્યારે જ પરમાત્મા રૂપી પ્રકાશને માણવાનું મન થશે, ત્યારે જ સંસારરૂપી કૂવામાંથી બહાર નીકળવા ધર્મરૂપી દોરડાંને પકડવાનું મન થશે..!

હા, દોરડું પકડ્યા પછી તેના નક્કર આધારરૂપ 'ગુરુ'ની આવશ્યકતા પડશે. માત્ર ધર્મ કરવાથી કાંઈ મોક્ષમાં ન જવાય. પરમાત્માના દર્શન કંઈ ધર્મનું માત્ર દોરડું પકડવાથી ના થાય... એ માટે જરૂરી છે, ધર્મની સાચી સમજ આપનાર, આત્માને પરમાત્માની સાચી ઓળખાણ કરાવનાર, મોક્ષના દર્શનની ઝાંખી કરાવનાર, નક્કર આધારરૂપ 'ગુરુદેવની' અને પરમાત્માને પામવાની તમન્નાની... તલસાટની..!!

દોરડાંરૂપી ધર્મ પ્રત્યે વિશ્વાસ હોવો જોઇએ... એના આધારરૂપ 'ગુરુદેવ' પ્રત્યે શ્રધ્ધાભાવ હોવો જોઇએ... તો જ સંસારરૂપી કૂવામાંથી બહાર નીકળવાના પ્રયત્નરૂપી સાધના સિધ્ધિ થશે..!

જો કૂવાની અંદર અશાંતિ અને ભયનો અહેસાસ થશે તો જ બહાર નીકળી શાંતિ અને સુખ પામવાની ઇચ્છા થશે.

જો સંસારની અસારતા... સંસારની ક્ષણભંગુરતાનો અહેસાસ થશે તો જ પરમ સુખ અને પરમ શાંતિને પામવાની તમન્ના થશે... તલસાટ થશે..!!

શાંતિની જરૂર એને જ પડે છે જેને અશાંતિની અનુભૂતિ હોય !

જેને અંધારું ગમતું હોય એને પ્રકાશમાં જવાનું મન થાય જ નહીં..!

જેને સંસારમાં અશાંતિ લાગે એને જ ધર્મમાંથી શાંતિ મેળવવાનું મન થાય..!

જેમ જેમ કૂવામાંથી બહાર ઉપર આવતા જાવ તેમ તેમ બહારના પ્રકાશનાં અજવાળાં દેખાતાં જાય અને પ્રકાશનું કિરણ દેખાતાં જ બહાર નીકળવાની ઝંખના તીવ્ર બનતી જાય..!

ધર્મનું દોરડું પકડવાથી... સાધનાનાં એક એક સ્ટેપ આગળ વધવાથી... આત્માનાં એક એક ગુણ ખીલતા જાય... ગુણનો ગુણાકાર થતો જાય..!

એક સદ્ગુણ પકડો... અનંતા સદ્ગુણો આપમેળે આવી જશે..!

એક ગુણની પ્રાપ્તિ અનેક ગુણોની પ્રાપ્તિ કરાવે છે..! આ કૂવામાં રહેવું જ નથી એવું જ્યારે Feel થાય ત્યારે જ Fielding શરૂ થાય..! વિચાર માત્રથી કાંઇ જ ના થાય..! વિચારો તો આવ-જા કર્યા કરે..!

પણ જ્યારે હૃદય Feel કરે ત્યારે Feeling બળવત્તર બની જાય..!

મગજથી વિચારેલું મળશે કે નહીં નક્કી નથી, પણ હૃદયથી વિચારેલું મળ્યા વિના રહેતું નથી..!

કૂવો માત્ર કૂવો જ છે એવું Feel થાય તો જ કૂવામાંથી બહાર નીકળવાનું મન થાય.

સંસાર માત્ર સંસાર જ છે એવું સંવેદન થાય... એવી પ્રતીતિ થાય... ત્યારે જ ધર્મસાધના કરવાની રુચિ થાય..!

પ્રતીતિ પછીનો પુરુષાર્થ હંમેશાં તીવ્ર જ હોય છે અને ત્યારે પ્રકાશ દેખાયા વિના રહેતો નથી..!

મોક્ષમાં જવાની સાધના કરવાનો આ અમૂલ્ય એવો માનવભવ મળ્યો છે, જે ૩, ૧૩ અને ૧૫મા ભવે મોક્ષ મળવાની ખાતરી અપાવે છે.

માટે જ ધર્મનું દોરડું પકડી, સદ્‌ગુરુનો આધાર લઇ, સંસારરૂપી કૂવામાંથી બહાર નીકળી, પરમાત્માના દિવ્ય પ્રકાશને પામવાનો સંકલ્પ તીવ્ર બનાવવો જોઇએ અને સાધનાને સિધ્ધત્વ તરફ લઇ જવી જોઇએ..!

# સમ્યક્ પરાક્રમ...

જ્યારે પગમાં કાંટો વાગે ત્યારે તેને બહાર કાઢવા માટે કાંટો જ વપરાય છે. તેમ 'પર'માં થયેલા પરાક્રમને 'સ્વ' તરફ લઇ જવા માટે 'પરાક્રમ'ની જ જરૂર પડે છે.

પરાક્રમનું મારણ કરવા માટે પરાક્રમની જ જરૂર પડે છે..!

પરાક્રમનું મારણ કરવા પરાક્રમ જ હોય છે. 'અક્રમ' ક્યારેય નથી હોતું..!

જગતની અંદર એક દર્શન એવું માને છે કે, તમે કંઇ જ ન કરો તો મોક્ષ થાય અને પરમાત્મા મહાવીર એમ કહે છે, તમે ''સમ્યક્ પરાક્રમ'' કરો તો જ મોક્ષ થાય..!

કાંટા વગર કાંટાને ક્યારેય કાઢી શકાતું જ નથી... હા ! પણ, કાંટાને કાઢવા માટે આપણે જેટલો કાંટો અંદર નાખ્યો હોય તેટલો જ કાંટો આપણે બહાર કાઢી લેતા હોઇએ છીએ.

''કાંટાને કાઢવા માટે વપરાયેલો કાંટો કોઇ દિવસ કાયમ હોતો નથી. પરાક્રમને કરવા માટે કરેલું પરાક્રમ પણ ક્યારેય કાયમ હોતું નથી !''

'પર'માં ગયેલા આત્માને જ્યારે 'સ્વ' તરફ જવું હોય છે, ત્યારે પણ 'પર'નો આધાર લેવો જ પડે છે.

'પર'થી 'પર' થવા માટે પણ પરનો જ આધાર હોય છે. 'સ્વ' થકી સ્વને સ્વ તરફ લઇ જવા માટે સ્વનો આધાર હોય છે..!

સમ્યક્ પરાક્રમ એટલે 'પર'થી 'પર' થવા માટેનો 'સ્વ'નો પુરુષાર્થ..!

સમ્યક્ પરાક્રમ એટલે શું ?

અસમ્યક્ પરાક્રમ 'પર'ને 'સ્વ' કરવા માટેનો સ્વનો પુરુષાર્થ..!

બંને વચ્ચે શું ફરક છે ?

''એક તો જે મારું નથી તેને છોડવું તે સમ્યક્ પરાક્રમ અને જે મારું નથી તેને પકડવું એ અસમ્યક્ પરાક્રમ..!''

મારો આત્મા જ્યારે મારો બની જશે ત્યારે કોઇનો નહીં બની શકે અને ત્યારે કોઇનો નહીં રહે..!! અને જ્યારે કોઇનો નહીં રહે ત્યારે પોતાનો બની જશે અને

જ્યારે પોતાનો બની જાય તેને ‘મોક્ષ’ માં જવું કહેવાય છે..! મારો આત્મા જ્યાં સુધી કોઇકનો છે... કોઇકનો થવા જાય છે... કોઇક માટે કંઇ પણ કરે છે, ત્યાં સુધી પોતાનો નથી... પોતાના માટે નથી અને ત્યાં સુધી પોતાના ગુણોને પ્રાપ્ત કરી શકતો નથી..! મારો આત્મા જ્યારે પોતાની તરફ વળે છે... પોતાનો બને છે... ત્યારે એ પરમાત્માને પામે છે... પરમાત્મા બને છે.

પણ ! બને છે એવું કે સામાયિકના ‘‘કરેમિ ભંતે’’ના પાઠ વખતે... આપણા આત્માને અંતરથી એટલો તો ખ્યાલ આવવો જ જોઇએ કે ‘‘પચ્ચક્ખામિ’’ બોલતી વખતે હું ‘‘પચ્ચક્ખાણ’’ કરું છું. ‘‘પચ્ચક્ખાણ’’ એટલે પરાક્રમ..!

‘‘પરાક્રમ’’ એટલે ‘પર’થી ‘પર’ થવા માટેનું પરાક્રમ..!

પર કોણ છે ? ‘‘સાવજ્જં..!’’

સાવજ્જં જોગં પચ્ચક્ખામિ..!

‘સાવજ્જં’ એટલે હું મારા આત્માને મારનારી કોઇ પણ પ્રવૃત્તિ કરીશ નહીં..!

‘‘ક્રોધ’’ એ મારા આત્માના ક્ષમા ગુણને મારી નાખે છે...

‘‘અહમ્’’ એ મારા નમ્રતાના ગુણને મારી નાખે છે...

‘‘કપટ’’ એ મરા સરલતાના ગુણને મારી નાખે છે...

‘‘લોભ’’ એ મારા સંતોષ નામના આત્માના ગુણને મારી નાખે છે...

જે મારું બાળક છે એને હું જ મારી નાખુ છું..!

જે મારું પોતાનું છે એને હું જ મારી નાખુ છું..!

હું આજથી હે ભગવાન ! હું મારા જ બાળકને મારી નાખવાના પચ્ચક્ખાણ કરું છું..!

સામાયિક બાંધી છે ત્યારે એક કલાક પૂરતું હું જે મારું ‘ક્ષમા’ નામનું બાળક છે તેને મારી નાખીશ નહીં..! આત્મગુણોનો વધ કરનારા યોગોના હું પ્રત્યાખ્યાન કરું છું..!

જીવ મરે છે. એ જીવને ક્યારેય પાપ લાગતું જ નથી. પણ ‘‘જીવને ન મારવો’’

એવો જે ઉપયોગ રાખવો જોઇએ, તે આપણે મારીએ છીએ તેનું પાપ લાગે છે..!

સવર્જ્ઞં એટલે આત્મગુણોનો વધ કરનાર અને યોગ એટલે પ્રવૃત્તિ... જેમાં આત્મા જોડાય..!

મનઃવચન અને કાયા સાથે જ્યારે આત્મા જોડાય તેને ''યોગ'' કહેવાય..!

પહેલાં શ્રધ્ધા જાગે છે... પછી પ્રતીતિ જાગે છે... પછી રુચિ જાગે છે... રુચિ પછી સ્પર્શના જાગે છે અને સ્પર્શના પછી પાલના જાગે છે. પાલના પછી હું કરી શક્યો છું એવી અનુભૂતિ જાગે છે. એવી કીર્તના થાય છે, એવી આત્માને અનુભૂતિ થાય એટલે એ બહારમાં પ્રદર્શિત થાય એને ''સોહહિતા'' કહેવાય..!

''આરાહિતા'' એટલે આજ્ઞાની આરાધના કરીને !

ઘણાં જીવો આજ્ઞાની આરાધના કરીને બધાં દુઃખોનો નાશ કરી દે છે..! પરમાત્માની વાણી ઉપર શ્રધ્ધા કરીને જે એની પાલના કરે છે, બધાં દુઃખોથી પર થઇને પરમપદને પામી જાય છે...

જ્યારે ખબર પડી ગઇ કે સમ્યક્ પરાક્રમ ૭૩ જાતના છે અને ૭૩ દોરડા દ્વારા આપણે સંસારરૂપી કૂવામાંથી બહાર નીકળી શકીએ એમ છીએ એટલે તરત જ એમ થાય કે એ ૭૩ દોરાડાં કયા કયા હશે ?

હવે, જેને કૂવો કૂવો જ લાગે છે... એને જ દોરડું દોરડું લાગે છે... દોરડું જેને દોરડું છે એવું ફીલ થાય છે... એની ફીલીંગ્સ ચાલુ થઇ જાય છે.

જેને કૂવો કૂવો લાગતો નથી તેને દોરડું દોરડું લાગતું નથી... અને જેને દોરડું દોરડું લાગતું નથી, તેને દોરડું પકડવાના ભાવ થતાં નથી અને જે પકડી શકતો નથી એ પાર પામી શકતો નથી..!

પહેલી અનુભૂતિ એ જ કે, કૂવો કૂવો લાગવો જોઇએ..!

''જેને સંસાર, સંસાર લાગે છે એને જ મોક્ષ મોક્ષ લાગે છે અને જેને મોક્ષ, મોક્ષ લાગે છે એને જ સંસાર અસાર લાગે છે..!''

**એકતાલીસમો બોલ**

# નિવૃત્તિ પછી અનિવૃત્તિ

## સ્વભાવ પચ્ચક્ખાણ

सब्भाव–पच्चक्खाणेणं भंते! जीवे किं जणयइ ?
सब्भाव–पच्चक्खाणेणं अणियट्टिं जणयइ ।
अणियट्टिं पडिवण्णे य अणगारे चत्तारि केवलिकम्मंसे खवेइ, तं
जहा–वेयणिज्जं, आउयं, णामं, गोयं । तओ पच्छा सिज्झइ
बुज्झइ मुच्चइ परिणिव्वायइ सव्वदुक्खाणमंतं करेइ ।

આત્મા પર સાથે જોડાઈને જે પ્રવૃત્તિ કરે તેને **सब्भाव** કહેવાય.
યોગ જ્યારે ક્રિયામાં આવે તેને **सब्भाव** કહે છે.
**सब्भाव पच्चक्खाण** એટલે શું તે સમજવા જેવું છે.
આત્માની કંઈક વૃત્તિ હોય તો જ પ્રવૃત્તિ જન્મે.

આત્માની વૃત્તિ વગર પ્રવૃત્તિ જન્મે નહીં.

**વૃત્તિ અને પ્રવૃત્તિને છોડવી એટલે સબ્ભાવ પચ્ચક્ખાણ .**

વૃત્તિ છૂટે એટલે ઘાતીકર્મોનો ક્ષય થાય છે. પછી માત્ર અઘાતીકર્મો વધે છે.

કર્મો કુલ આઠ પ્રકારના છે.

**જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય, મોહનીય, આયુષ્ય, નામ, ગોત્ર અને અંતરાય.**

આ આઠમાંથી ચાર ઘાતીકર્મો છે અને ચાર અઘાતીકર્મો છે.

આત્માના ગુણોનો ઘાત કરાવે તેને ઘાતીકર્મ કહેવાય છે.

અને શરીર, સંજોગો આદિ અપાવે તેને અઘાતીકર્મ કહેવાય છે.

પરમય કરી દે તે ઘાતીકર્મ.

પરની સાથે જોડે તે અઘાતીકર્મ.

**સબ્ભાવ પચ્ચક્ખાણ** ની પ્રક્રિયા થાય ત્યારે, આત્માની બધી જ વૃત્તિઓ છૂટવા લાગે.

આ કારણે પ્રવૃત્તિ માત્ર છૂટવા લાગે. અને આત્મા એકદમ સ્થિર થવા લાગે.

હવે તેને કાયાથી પ્રવૃત્તિ કરવી નથી, મનથી ઝાઝું વિચારવું નથી, વચનથી કંઇ બોલવું નથી.

ધીમે ધીમે પ્રવૃત્તિમાં ઘટાડો કરીને તે અનિવૃત્તિની અવસ્થા મેળવે છે. અનિવૃત્તિની અવસ્થામાં આત્મા અડતાલીસ મિનિટ રહે તો અડતાલીસમી મિનિટે તેને કેવળજ્ઞાન અને કેવળદર્શન થઈ જાય છે.

અનિવૃત્તિ શબ્દ સમજવા જેવો છે.

અધર્મથી નિવૃત્ત થયા પછી, ધર્મમાર્ગે પ્રબળ વેગવાળી પ્રવૃત્તિ હોય તેને અનિવૃત્તિ કહે છે.

સંસારમાંથી, સંસારી વિચારોથી નિવૃત્ત થઈ ગયા પછી આત્માએ ધર્મના સર્વશ્રેષ્ઠ વિચારોમાં જોડાઈ જવું એટલે અનિવૃત્તિ.

અનિવૃત્તિની અવસ્થામાં સંસારનો વિચારમાત્ર ન આવે અને ધર્મ સિવાયનો કોઈ વિચાર ન આવે.

સંસારની પ્રવૃત્તિ છૂટે અને ધર્મની પ્રવૃત્તિ વેગવાન થઈ જાય ત્યારે અનિવૃત્તિની અવસ્થા આવે છે.

ધર્મ સિવાયની કોઈ પ્રવૃત્તિ થાય નહીં, તેવી અવસ્થામાં રહેવાથી આત્મા બધાં કર્મોને ખપાવીને પરમાત્માપદને પ્રાપ્ત કરી લે છે.

સાર એટલો કે, સંસારની પ્રવૃત્તિથી છૂટીને, ધર્મની પ્રવૃત્તિમાં અત્યંત વેગવાળા બનીને એવું જોડાવું કે, સંસાર તરફ જવાનો વિચાર માત્ર ન આવે.

આ અવસ્થા એક કલાક માટે આવી જાય એટલે એક કલાકમાં કેવળજ્ઞાન અને કેવળદર્શન થઈ જાય.

પરંતુ આમ જલ્દીથી થતું નથી.

કેમકે, આપણે જેટલા સંસારમાં લીન થઈએ છીએ તેટલા સંયમમાં લીન થતા નથી.

આપણે પરમાં લીન થઈએ છીએ તેટલા સ્વમાં લીન થતા નથી.

આપણે વિભાવમાં લીન થઈએ તેટલા **સદ્ભાવ** માં લીન થતા નથી.

**સદ્ભાવ** માં લીનતા એટલે કે અનિવૃત્તિ.

અનિવૃત્તિ થઈ જાય એટલે આત્મા ચારેચાર કર્મો ખપાવીને પરમાત્માપદની પ્રાપ્તિ કરી લે છે.

પ્રવૃત્તિમાત્ર છોડવાથી અયોગિતા આવે છે.

એટલે કે, મન વિચારતું નથી. વચન બોલતું નથી.

કાયા કશું કામ કરતી નથી.

એટલે કે બધું સ્થિર થઈ જાય છે. આ અવસ્થામાં કેવળ અડતાલીસ મિનિટ માટે રહી જવાથી સિદ્ધ થવાય છે.

સ્થિર થાય તે સિદ્ધ થાય.

મન, વચન અને કાયાની પ્રવૃત્તિને છોડનાર સ્થિર થાય છે.

**સ્થિરતા લાવે તેને સાધના કહેવાય છે.**

સ્થિરતાનો પ્રત્યેક પ્રયોગ અસ્થિરતાને લાવશે, પરંતુ અસ્થિરતાને આવવા નહીં દો તો સ્થિર થઈ શકશો .

સાયકલ શીખે નહીં તે ક્યારેય પડતો નથી. પરંતુ સાયકલ શીખવાનો પ્રયત્ન કરનાર વ્યક્તિ પડયા વગર રહેતો નથી. પડતાં પડતાં તે સાયકલ શીખવાનો પ્રયત્ન કરે તો તેને સાયકલ આવડયા વગર રહેતી નથી.

સાધનામાં સ્થિરતા લાવવાનો પ્રયત્ન કરવામાં આવું જ થાય છે.

એક તરફ તે વ્યક્તિએ પરમાત્માને પકડવાના છે અને એક તરફ તેણે સંસારથી દૂર ને દૂર જવાનું છે.

સાયકલ શીખવાનો પ્રયત્ન કરનાર વ્યક્તિ ભલે પડે, પણ તે પડી ન રહે, ઊભો થાય અને સાયકલ શીખવાનું ચાલુ રાખે તો તેને સાયકલ આવડી જાય છે. તેમ સંસારની પ્રવૃત્તિથી મુક્તિ લઈને સ્થિર થવાનો પ્રયત્ન કરનાર વ્યક્તિ સિદ્ધ થવાની શક્યતા ધરાવે છે. સાયકલ શીખનાર વ્યક્તિ પડે ત્યારે સાયકલ લઈને પડે છે. પરંતુ પડયા પછી પહેલાં તે પોતે ઊભો થાય છે અને પછી તે સાયકલને ઊભી કરે છે.

સાધનાના ક્ષેત્રમાં પણ શરૂમાં સાધક પડે છે. સાધક પડે એટલે સાધના પણ પડી જાય છે. સાધના પડી જાય પછી પહેલાં સાધકે ઊભું થવું જરૂરી છે, તે પછી તેણે સાધનાને ઊભી કરવાની છે.

આમાં સફળતા તેને જ મળે છે, જેની પડવાની તૈયારી હોય, પડી ગયા પછી ઊભા થવાની તૈયારી હોય અને ઊભા થયા પછી ફરીથી પુરુષાર્થની તૈયારી હોય.

**બેંતાલીસમો બોલ**

# પદ પ્રમાણેની પ્રવૃત્તિ

## પ્રતિરૂપતા

पडिरुवयाए णं भंते । जीवे किं जणयइ ?
पडिरुवयाए णं लाघवियं जणयइ ।
लहुभूए णं जीवे अप्पमत्ते, पागडलिंगे, पसत्थलिंगे,
विसुद्धसम्मत्ते, सत्त समिइ–समते, सव्वपाणभूयजीवसत्तेसु
वीससणिज्जरुवे, अप्पपडिलेहे, जिइंदिए, विउलतव–समिइ–
समण्णागए यावि भवइ ।

પ્રતિરૂપતાથી શેની પ્રાપ્તિ થાય છે, તે સમજતાં પહેલાં 'પ્રતિરૂપતા' શબ્દનો અર્થ સમજવા જેવો છે.

પોતે જે પગથિયાં પર છે, જે પાત્રમાં છે, તે પગથિયાં અનુસારની, તે પાત્ર અનુસારની પ્રવૃત્તિને પ્રતિરૂપતા કહેવાય છે.

પોતે જે સ્થાન કે પદમાં છે, તે પદ કે સ્થાન અનુસારની પ્રવૃત્તિને પ્રતિરૂપતા કહે છે.

પોતે જે છે, તે હોવું, તે કરવું, તે બતાવવું અને તેમ રહેવું, તેને પ્રતિરૂપતા કહેવાય છે.

શ્રાવક હોય તો શ્રાવક જેવું હોવું, શ્રાવક જેવું બનવું, શ્રાવક જેવું દેખાવું, તેને શ્રાવકપણાની પ્રતિરૂપતા કહેવાય છે.

સાધુ હોય તો, સાધુ પ્રમાણે હોવું, રહેવું, ચાલવું, બોલવું, બેસવું, ખાવું, પીવું અને સૂવું આ સાધુપણાની પ્રતિરૂપતા છે.

જે પદમાં છીએ, તે પદ અનુસારની પ્રવૃત્તિ એટલે પ્રતિરૂપતા.

પ્રતિરૂપનું વિરોધી બહુરૂપી છે.

**બહુરૂપીનું કોઈ એક રૂપ હોતું નથી.**

**પ્રતિરૂપનું કોઈ બીજું રૂપ હોતું નથી.**

સાધનાના ક્ષેત્રમાં સાધક પ્રમાણે જીવવું એટલે પ્રતિરૂપતા.

સાધકતાની અવસ્થામાં જીવવાથી આત્માને શો લાભ થાય છે, આ વાતને ઉદાહરણથી સમજીએ.

કોઈ પણ દીકરીના લગ્ન થાય એટલે તે માત્ર તેના પતિને એકલાને નહીં, પણ સાસુ, સસરા, નણંદ, પતિના ઘર સુદ્ધાંને પરણે છે. તે માત્ર પતિની પત્ની નથી થતી, તે ઉપરાંતના બધા વ્યવહારો પણ તે કરે છે.

તે રીતે, સાધુ થવું એટલે તેની સ્વ તેમજ સમાજ પ્રત્યેની જવાબદારી નિભાવવી. તે જ્યાં છે, તે પદ અનુસારની જવાબદારી નિભાવે તેને સાધુપણાની પ્રતિરૂપતા કહે છે.

સંઘમાં આવનાર શ્રાવક, પોતાની શ્રાવક તરીકેની જવાબદારી નિભાવે તેને શ્રાવકપણાની પ્રતિરૂપતા કહેવાય છે.

પ્રતિરૂપતાને કારણે, તેનામાં રહેલાં માયા અને કપટ જાય છે.

હોય કંઈક અને દેખાય કંઇક, તેવો ભાવ તેને હોતો નથી.

હોય તેવા દેખાવું, તેવા હોવું, તેવું બતાવવું અને તેવું જ થવું એટલે પ્રતિરૂપતા.

કપટીનું ક્યારેય એક રૂપ હોતું નથી.

સરળ વ્યક્તિનું રૂપ ત્રણેય કાળમાં એક હોય છે.

હોવું અને દેખાવું – આ બે વચ્ચેના ફરકને મિટાવવું એટલે પ્રતિરૂપતા.

પોતે છે તે જ દેખાય, પોતે છે તે જ દર્શાય છે, આથી તેનામાં બીજો કોઈ પણ જાતનો ભાવ આવતો નથી.

પોતે છે તેનાથી વધુ ઊંચો બતાવવાનો અહમ્ તેનામાં હોતો નથી. મોટા ભાગની વ્યક્તિઓને પોતે જે છે તેના કરતાં, પોતે જે ન હોય તેવું દેખાડીને જગતને આંજવાના બહુ ભાવ હોય છે.

જગતને આંજવાના ભાવને ઘટાડવા, તેને લઘુતા કહે છે. વ્યક્તિની અંદર રહેલી કામના તેમજ કપટભાવ ઘટે ત્યારે જ આ ગુણ આવી શકે.

વ્યક્તિ પોતે હોય તેવો દેખાય ત્યારે હળવો ફૂલ હોય છે. કેમ કે તેને કશું **છૂપાવવા જેવું હોતું નથી. છૂપાવવા જેવો ભાર જગતમાં બીજો કોઈ નથી.**

કાગડાને કાગડો દેખાવું હોય તો વાંધો આવતો નથી. પરંતુ કાગડાને મોર દેખાવું હોય તો પીંછાં ખોસવા પડે છે.

કાગડાને કદી પોતાના પીંછાંનો ભાર ન લાગે, પણ મોરના પીંછાં પહેર્યા હોય તો તેનો ભાર તેને લાગ્યા વગર ન રહે.

માટે કાગડો પોતે કાગડો રહે તે જ ઉત્તમ. કાગડો મોર થવા જાય, ત્યારે તેને ભાર પણ હોય છે અને ભય પણ હોય છે. અને ભયભીતતાને કારણે તેના પીંછાં ખર્યા વગર રહેતા નથી.

જગતમાં સાચા માણસને કદી ભાર હોતો નથી. પરંતુ ખોટા માણસને અનહદ ભાર હોય છે.

કેમ કે, સાચું હંમેશાં આપણું હોય છે. અને જે આપણું હોય તેનો ભાર હોતો નથી. ખોટું હંમેશાં પારકું હોય છે અને પારકાનો ભાર લાગ્યા વગર રહેતો નથી.

આમ, જેવા હોવું તેવા દેખાવું એટલે પ્રતિરૂપતા.

પોતે હોય તેવો દેખાય, તે વ્યક્તિ હંમેશાં હળવો રહે છે.

જેવા હોવું તેવા દેખાવું તે હળવાપણાની નિશાની છે. જેવા ન હોવું તેવા દેખાવું તે ભારેપણાની નિશાની છે.

જે આપણું નથી, તેને પોતાનું બનાવીએ ત્યારે, આપણું મન ભારે થાય છે, આપણું હૃદય ભારે થાય છે, અને આપણા પગ પણ ભારે થાય છે.

આથી, પ્રતિરૂપ વ્યક્તિ  સદાય પ્રસન્ન હોય છે અને પ્રતિરૂપ ન હોય તેવી વ્યક્તિ સદાય અપ્રસન્ન હોય છે.

પ્રતિરૂપ વ્યક્તિને કોઈ પણ જાતનો ભય કે ચિંતા હોતી નથી.

મારવાડના એક ભાઈની વાત જાણવા જેવી છે.

મારવાડના આ ભાઈએ દીક્ષા લીધી. દીક્ષા પછી તેમનાં કપડાં ફાટેલાં હતાં, ફાટેલે કપડે તે વિહાર કરતા હતા. તેમની સાથે વિહારમાં એમના એક સગાં હતા. દીક્ષા લીધેલા ભાઈના ફાટેલા કપડાં જોઈને પેલા સગાંએ તેમને કહ્યું, ''આવા ફાટેલાં કપડાં પહેરતાં તમને શરમ નથી આવતી ?''

આ સંત પાસે એક સમયે કરોડ રૂપિયા રોકડા હતા. પણ અત્યારે ફાટેલા કપડે વિહાર કરતા હતા. એમણે આપેલો જવાબ પણ સાંભળવા જેવો છે.

એમણે ફક્ત એટલું જ કહ્યું, ''મારે કાંઈ છૂપાવવું નથી કે કાંઈ દેખાડવું નથી. પછી શું સારું કે શું ખરાબ ? શું ફાટેલું કે શું સાંધેલું ? મારે કોઈને દર્શન દેવા નથી. દર્શન દેવા હોય તેને સારા કે ફાટેલા કપડાંની ચિંતા રહે. હું તો નીકળ્યો છું દર્શન કરવા માટે,નહીં કે દર્શન દેવા માટે.''

વિચાર કરો કે, જેની પાસે કરોડ રૂપિયાની રોકડ હોય, દીક્ષાના દિવસે જેણે

હીરાની વીંટીઓની પ્રભાવના કરી હોય, તે વ્યક્તિ ફાટેલા કપડે વિહાર કરે ત્યારે તેની મસ્તી અને તે મસ્તીના શબ્દો કેવા હોય !

એમ કહી શકાય કે સાધનાની ચાસણીમાં ઝબોળાઈને આત્માની જલેબી બહાર નીકળી છે.

**વ્યક્તિની અંદરથી દેખાડવાની વૃત્તિ ઘટે ત્યારે તેની પરવાઓ ઘટવા લાગે છે** અને પરવા જેટલું પરેશાન જગતની બીજી કોઈ ચીજ કરતી નથી. પ્રતિરૂપતા આવે એટલે વ્યક્તિ પરવાથી પર થઈ જાય છે. કેમ કે એને કંઈ દેખાડવું જ નથી.

ઘેરથી બહાર નીકળતાં આપણે વાળ સરખા કરીએ છીએ, તેના મૂળમાં બીજા આગળ સારા દેખાવાની વૃત્તિ છે.

પરંતુ, વાળ કેવા લાગે છે એની પરવા રાખનાર, પરમાત્મા કેવા લાગશે તેની પરવા કરતો નથી.

**જે પરમાત્માની પરવા કરવા લાગે, તે ક્યારેય જગતની પરવા કરતો નથી.**

હજી આપણે બધા પર સાથે જોડાયેલા છીએ, માટે આપણે પરવા કરીએ છીએ.પર સાથે જોડાયેલો ન હોય તેની પરવા ઘટવા લાગે છે અને પરવા ઘટવા લાગે તે પરથી પર થયા વગર રહેતો નથી.

આત્મા જ્યારે આત્માના ભાવમાં રહેવા લાગે ત્યારે આત્મિક ગુણો બહાર પ્રગટ થયા વગર રહેતા નથી.

આત્મજ્ઞાન પામેલી કોઈ પણ વ્યક્તિ વાસ્તવમાં આત્માના ઉપયોગમાં રહેતી હોય ત્યારે તેનામાં આત્માના ગુણો આવ્યા વગર રહેતા નથી અને આ ગુણો પ્રગટ થયા વગર રહેતા નથી.

જેનો આત્મા થોડોક પણ આત્મિક ભાવમાં હોય તે વ્યક્તિ શાંતિ રાખી શકે.

**આત્મા આત્મા સાથે જોડાય નહીં ત્યાં સુધી આત્માનો ગુણ પ્રગટ થાય નહીં.**

આત્મા સાથે જોડાયેલા આત્માને તેના ગુણો પ્રગટ કરવા ન પડે, તેની મેળે જ તે પ્રગટ થઈ જાય.

મહાવીરને નમ્રતા રાખવી ન પડે, કેમકે મહાવીરનો આત્મા મહાવીરના આત્મા સાથે જોડાયેલો છે. આથી તેમના દરેક વર્તનમાં નમ્રતા દેખાયા વગર રહે જ નહીં.

આમ, આત્માને પામેલી વ્યક્તિ આત્મા સાથે જોડાયેલી હોય ત્યારે આત્માના ગુણો તેણે પ્રગટાવવા પડતા નથી તે સહજતાથી પ્રગટ થઈ જતા હોય છે.

**ક્ષમા રાખવી પડે તેની ક્ષમાને ક્ષમા ન કહેવાય. તે ક્ષમા પરિસ્થિતિની હોય છે.**

શાંતિ રાખવી પડે તેની શાંતિને શાંતિ ન કહેવાય. તે શાંતિ પરિસ્થિતિની હોય છે.

પરિસ્થિતિ છે તેથી તે શાંતિ રાખે છે અને પરિસ્થિતિ જાય એટલે અશાંતિ બહાર આવ્યા વગર રહેતી નથી.

આત્મા સાથે જોડાયેલી વ્યક્તિ ની લઘુતા સહજતાથી બહાર આવે છે.

આત્મા સાથે જોડાયા પછી આત્માના ગુણો બહાર આવવા લાગે, તેમાંનો એક ગુણ લઘુતા છે.

આવી વ્યક્તિ એકદમ લઘુતાના ભાવમાં હોય છે. તેનામાં ભારેપણું હોતું નથી. તેના પગ હળવાશથી પડતા હોય છે. તેના પગલાંમાં ધમ-ધમ્ અવાજ ન આવે.

હાથીની કાયા ભારેખમ હોવા છતાં તેનાં પગલાંમાં ક્યારેય ધમધમાટ હોતો નથી.માટે જ હાથીની ચાલને 'હસ્તિચાલ' કહી છે, પરંતુ અહમ્‌વાળી, ક્રોધી વ્યક્તિ ચાલે ત્યારે ધમ ધમ અવાજ આવશે. તે સમયે જેમ તે વ્યક્તિની અંદર રહેલા આવેગો બહાર અભિવ્યક્ત થઈ રહ્યા છે, તેમ હાથીની ચાલ પરથી  હાથીની અંદર રહેલા સદ્‌ગુણો પણ બહાર અભિવ્યક્ત થાય છે.

સામાન્ય પરિસ્થિતિમાં હાથી શાંત હોય છે. આથી તેના પગલાં પણ શાંત

હોય છે. **શરીર ભારે હોવાથી પગલાં ભારે હોતાં નથી. મન ભારે હોય તો જ પગલાં ભારે હોય છે.**

વાસણ ધોવાતા હોય તે વખતે ધોનાર વ્યક્તિનું મન ખબર પડી જાય. વાસણ ફટ્-ફટ્ મૂકાતા હોય ત્યારે ખ્યાલ આવી જાય કે તે ભાઈનો મૂડ બરાબર નથી. કાં તે ઉતાવળમાં છે, કાં તેના મનમાં ઉદ્વેગ છે અથવા તેના મનમાં બીજા વિચાર ચાલે છે અને તે આ કામ કરી રહ્યો છે.

ઘરમાં બારણું બંધ કરનાર વ્યક્તિ પણ બે પ્રકારે બારણું બંધ કરે છે. કાં હળવેકથી તે બારણું બંધ કરીને સ્ટોપર ચડાવશે, કાં તે ફટાક દઈને બારણું બંધ કરશે. ફટાક દઈને બારણું બંધ કરનાર માણસ તડફડિયો હશે પરંતુ સહજતાથી બારણું બંધ કરનાર માણસ શાંત હશે.

કોઈ પણ પદાર્થને ઉપાડ્યા પછી તેને મૂકીએ ત્યારે આત્માના અંદરના ગુણો કે અવગુણો બહાર પ્રગટ થયા વિના રહેતા નથી.

પ્રતિરૂપ વ્યક્તિના હાથમાં સંયમ હોય છે, પગમાં સંયમ હોય છે અને તેના વચનમાં પણ સંયમ હોય છે.

મનમાં અશાંતિ ન હોય તો હાથપગ ક્યારેય અશાંત થતા નથી.

રોટલી બનાવતી વખતે તમે ગુસ્સામાં હશો ત્યારે રોટલી બેવડી સ્પીડથી ગોળ થતી હશે. તે ફટાફટ મૂકાતી હશે. તમારી અંદર કંઈક ઉદ્વેગ હશે ત્યારે તમારી રોટલી કાળી થઈ જશે. મગજ ઠેકાણે હોય તેની રોટલી ક્યારેય બળી ન જાય. તેવી વ્યક્તિ પાત્ર પણ શાંતિથી મૂકે અને શાંતિથી ઉપાડે.

પાત્રનો અવાજ આવે એટલે સમજવું કે તેની અંદર કંઈક અવાજ ચાલે છે.

પારકાનો અવાજ અંદર હોય તો જ પાત્રનો અવાજ આવે છે. પારકાનો અવાજ અંદર ન હોય તો પાત્રનો અવાજ ક્યારેય ન આવે.

જેમ પાત્રનું, તેવું જ થાળીનું.

ઘણા લોકો જમ્યા પછી થાળીને ધડ્ દઈને મૂકશે. તેનું કારણ એ કે અંદર કંઈક તિરસ્કાર પડ્યો છે, કોઈક માટેનો તિરસ્કાર પડ્યો છે. આ તિરસ્કાર મનમાંથી હાથમાં અને હાથદ્વારા વસ્તુમાં આવ્યો.

આપણા શરીરની એકેએક પ્રતિક્રિયાઓ આપણા અંતરમાનસનું દર્શન કરાવનારી હોય છે.

પ્રતિરૂપ અથવા આત્માને પામેલી વ્યક્તિ કેવી હોય ?

તે ક્યારેય પ્રમત્ત ન હોય. તે અપ્રમાદી હોય, સદાને માટે સાવધાન હોય.

આત્મા આત્માના ભાવમાં હોય ત્યારે આત્માના સદ્ગુણો બહાર આવ્યા વગર રહેતા નથી ચાહે તે ગમે તે હોય.

આત્મા આત્માના ઉપયોગમાં જોડાયેલ હોતો નથી ત્યારે અવગુણ બહાર આવ્યા વગર રહેતા નથી.

હું જ્યારે મારી સાથે જોડાઉં છું ત્યારે જગત આખામાં ક્યારેય કોઈને દુઃખી કરી શકતો નથી, ચાહે તે પદાર્થ હોય કે વ્યક્તિ.

પરંતુ હું જ્યારે મારામાં નથી ત્યારે હું પારકાને પણ હેરાન કરું છું અને પદાર્થને પણ હેરાન કરું છું.

**અંદર ક્યાંક ધમાલ ચાલતી હોય તો જ ધમધમાટ બહાર આવે.** પારકાની ધમાલ ન ચાલતી હોય તેના હોઠ કે જીભ ક્યારેય ધમધમાટ કરી જ ન શકે.

**આથી સાવધાન વ્યક્તિ ક્યારેય અસભાન હોતો નથી.** અંદરના હાલ બેહાલ હોય તો ચાલ બેહાલ થયા વગર રહેતી નથી. અંદર ઈચ્છાનું પેટ્રોલ ન હોય તો પગમાં ઝાઝું જોર ન હોય. પગ એકદમ મંદ ગતિએ ચાલતા હોય.

અવિધ્ન હોય તે જ મંદ હોય છે.

ઉદ્વિગ્ન હોય તે ક્યારેય મંદ હોતો નથી.

આપણે જે કરીએ છીએ તે સાધનાની અભિવ્યક્તિ હોય છે. આંતરિક

સાધના આ હોવી જોઈએ.

સાધનાની આ સમજ આવી જાય પછી તે વ્યક્તિનો સમગ્ર વ્યવહાર, જીવનશૈલી બદલાયા વગર રહેતાં નથી.

તેનામાં ક્રોધ, અહમ્, કપટ, કે લોભ હોઈ શકે, પરંતુ તે પોતાના આ દુર્ગુણોને જોનારો, નિહાળનારો હોય છે અને જે આ જુએ, તેમાંથી બધું દૂર થયા વિના રહેતું નથી.

પ્રતિરૂપ હોય તેનો બહારથી વ્યવહાર પણ ચોખ્ખો હોય છે. ધર્મને પામેલી વ્યક્તિની પ્રક્રિયા ઉપરાંત ક્રિયા પણ શુદ્ધ હોય છે. તે પ્રશસ્તલિંગવાળો હોય છે.

'પ્રશસ્તલિંગ' શબ્દનો અર્થ સમજવા જેવો છે.

'લિંગ' એટલે ઉપકરણ. અને 'પ્રશસ્તલિંગ' એટલે શ્રેષ્ઠ ઉપકરણ.

શ્રેષ્ઠ ઉપકરણ એટલે મુહપત્તી.

શ્રેષ્ઠ ઉપકરણ એટલે રજોહરણ.

શ્રેષ્ઠ ઉપકરણ એટલે પાતરાં.

શ્રેષ્ઠ ઉપકરણ એટલે સંયમમાં સહાયક બનતો કોઈ પણ પદાર્થ. પ્રતિરૂપ, એટલે કે પરમાત્માના ધર્મને અનુરૂપ વ્યક્તિ. શ્રાવકપણાને અનુરૂપ હોય તેવા શ્રાવક, કે સાધુપણાને અનુરૂપ સાધુ બંને પાસે હંમેશાં શ્રેષ્ઠ ઉપકરણો હોવા જોઈએ.

કોઈ મુનિ પાસે પિસ્તોલ ક્યારેય ન હોઈ શકે.

તમે જે પાત્રમાં, જ્યાં છો તેને અનુરૂપ પ્રવૃત્તિ કરવી એટલે પ્રતિરૂપતા.

માનો કે, કોઈક ગૃહસ્થને કોઈ શાક ખૂબ ભાવે છે, પરંતુ ગૃહિણી એમ કહે કે શાક સમારતાં તેનો જીવ ચાલતો નથી. આને કારણે ઘરમાં રોજેરોજ બોલાચાલી અને તંગ વાતાવરણ થાય છે. આ સંજોગોમાં શું કરવું?

અહીં એ વાત સમજવા જેવી છે કે તમે જે સ્થાનમાં છો તેને અનુરૂપ તમારો વ્યવહાર હોવો જોઈએ.

ગૃહસ્થ અવસ્થામાં તમે ગૃહસ્થધર્મ ન અપનાવો તો તેને પણ પરમાત્માએ અધર્મ કહ્યો છે.

કેમ કે, દ્રવ્યહિંસા કરતાં ભાવહિંસાનું અનેકગણું મહત્ત્વ છે. તે સમયે તેવું થઈ શકે કે ધીમે ધીમે સમજ આપીને, તમારા ભાવમાં મક્કમ રહીને તેમને સુધારવાનો પ્રયત્ન કરી શકો અને તે જ તમારી સાધના છે.

એટલું યાદ રાખો કે ધર્મ માટેનો પ્રત્યેક આગ્રહ અધર્મ કહેવાય છે.

ધર્મના બનનાર વ્યક્તિ પાસે ધર્મનાં ઉપકરણો અવશ્ય હોવા જોઈએ. ભલે તેને તે વાપરે કે ન વાપરે.

જે શ્રાવકના ઘરમાં સાધુપણાનાં પાતરાં ન હોય તે ઘર શ્રાવકનું ઘર ન કહેવાય. કેમ કે ઉપકરણ રાખવા તે પણ શ્રાવકની શ્રાવક અવસ્થાની ફરજ છે.

આ ઉપકરણ ખુદના દ્રવ્ય વડે લાવેલાં હોવાં જોઈએ અને તેને પૂજાના સ્થાનમાં રાખવાં જોઈએ. આ ઉપકરણોની પૂજા કરવાની જરૂર નથી, પરંતુ તેને જોઈને શ્રાવકના મનમાં ભાવ જાગશે કે મારે કોઈક દિવસ દીક્ષા લેવાની છે.

**સાધુ બનવું છે, પણ બની શકતો નથી તેને કહેવાય શ્રાવક.**

પરમાત્મા પાસેથી દેશના સાંભળીને કેટલાક લોકો દીક્ષા લઈ લે છે, પરંતુ ઘણા લોકો દીક્ષા લઈ શકતા નથી.

સુબાહુકુમાર પરમાત્મા મહાવીરની દેશના સાંભળે છે અને ઘણા બધાને દીક્ષા લેતા જુએ છે. એ પછી તે મહાવીર સ્વામીની પાસે આવીને કહે છે, ''હે ભગવાન ! હું આ સહુની જેમ દીક્ષા લઈ શકું એમ નથી. આપની પાસે આટલા બધા રાજાઓ, આટલી બધી વ્યક્તિઓ દીક્ષા લે છે, પરંતુ હું લઈ શકતો નથી. દીક્ષા લઈ શકવા માટે હું સમર્થ નથી, માટે હું શ્રાવકપણું સ્વીકારું છું.''

**પરમાત્માનો ભક્ત તેને જ કહેવાય જે પરમાત્માની પાસે રહે અથવા પરમાત્માને પોતાની પાસે રાખે.**

ભરત રામની પાસે રહી શકતા નથી, પરંતુ રામની ચાખડીને રામ માનીને તે રામના વનવાસના ચૌદ વરસ પસાર કરે છે.

એટલે **શ્રાવકનો ભાવ એવો હોવો જોઈએ કે કાં પોતે સાધુ બનવું, કાં સાધુને સહાયક બનવું.**

વ્યક્તિ પોતાની પાસે તદ્નુસારના ઉપકરણ રાખે છે, ત્યારે તેના દ્વારા તે વ્યક્તિના સમ્યક્ત્વની વિશુદ્ધિ થાય છે. કેમ કે પરમાત્માને ન જોવા છતાં, પરમાત્માના ઉપકરણને જોઈને પણ પરમાત્મા પ્રત્યેનો તેનો પ્રશસ્ત ભાવ વધે છે. પરમાત્માના ઉપકરણને જોઈને વ્યક્તિને પરમાત્મા બનવાનો ભાવ થઈ જાય છે.

રજોહરણ અને પાતરાં હોય તે ઘરને જ શ્રાવકનું ઘર કહેવાય અને શ્રાવક સદાય સમિતિવાળો હોય.

સમિતિ એટલે સમજપૂર્વકનો વ્યવહાર.

તે ચાલે ત્યારે નીચું જોઈને ચાલે. તે બોલે ત્યારે સમજીને બોલે. તેનું દરેક કાર્ય સમજપૂર્વકનું હોય.

આ ગુણો સાધુને પણ લાગુ પડે છે.

સાધુ કે શ્રાવક વિશ્વસનીય હોવા જોઈએ અને વિશ્વસનીય બનવા માટે તદ્નુસાર વ્યવહાર હોવો જોઈએ.

અગાઉના જમાનામાં શ્રાવકો રાણીના અંતઃપુરમાં પણ જઈ શકતા, એવી એમની વિશ્વસનીયતા હતી.

પ્રતિરૂપ વ્યક્તિ વિશ્વાસને લાયક હોય છે. તે ક્યારેય અવિશ્વાસુ હોતો નથી. કેમ કે તેનું અંતર અને બહાર એક જ હોય છે.

**કાચના ઘરમાં રહે તેને સાધક કહેવાય, કેમ કે તેનું જીવન હંમેશાં પારદર્શક હોય છે.**

આવી વ્યક્તિ પોતે પણ સંભાળીને રહે છે અને બીજાની સાથે પણ

સંભાળીને રહે છે.

સાધકે સ્વનું તેમજ પરનું સંભાળવાનું હોય છે.

શ્રાવકના લક્ષણોમાંનું એક લક્ષણ પરમાત્માએ **'સાગરવરગંભીરા'** ગણાવ્યું છે.

એટલે કે, શ્રાવક સાગરની જેમ વિશાળ ઉદરવાળો અને ગંભીર હોય છે. તેના પેટમાંથી ક્યાંય વાત જતી નથી.

બધે વાતો કરનાર કદી શ્રાવક બની ન શકે.

તેવી વ્યક્તિ આ ભવમાં નહીં, ભવોભવમાં પણ પોતાનું ડૂબાડ્યા વગર રહેતો નથી.

કોઈક સંસારી વ્યક્તિએ કોઈ સંત પાસે પોતાના મનોભાવ પ્રદર્શિત કર્યા હોય અને તેમાંથી તેણે સમાધાન મેળવવાનો વિચાર કર્યો હોય, તેણે પોતાના ભાવની આલોચના કરી હોય ત્યારે સંત તે સંસારી વ્યક્તિની વાતને અન્યના મોંએ કદી ન કરે.

એક વ્યક્તિની વાત બીજી વ્યક્તિને મોંએ કરવા જાય તેને ભવિષ્યમાં મોઢું જ મળતું નથી. કદાચ મોઢું મળે તો તે ખૂલતું નથી અને મોં ખૂલે તો બોલાતું નથી.

અનંતા જીવો આ રીતે એકેન્દ્રિયમાં ગયા છે. આનું કારણ એ કે તેમને જીભ મળ્યા પછી તે લોકોએ પોતાની કે ભગવાનની નહીં, પણ પારકાની વાત જ કર્યા કરી છે.

પરની વાત કરનારો હંમેશાં પરતંત્રતાના ભવમાં જાય છે. અન્યની ઉપર આધાર રાખવો પડે તેને પરતંત્ર કહેવાય.

મનુષ્ય અને દેવ સિવાયના બધા પરતંત્ર જીવો છે. આમ શ્રાવક દરેક વાતનું સમજપૂર્વક આચરણ કરનારો હોય છે.

તમે જે અવસ્થામાં છો એને અનુરૂપ જીવન જીવો.

દરેકે પોતાના પાત્ર પ્રમાણે પાત્રતાનો વિકાસ કરવાનો હોય છે.

તેંતાલીસમો બોલ

# ધર્મની સહાય, કરો સદાય

## વૈયાવચ્ચ

वेयावच्चेणं भंते ! जीवे किं जणयइ ?
वेयावच्चेणं तित्थयर–णामगोयं कम्मं णिबंधइ ।

વૈયાવચ્ચ કરવાથી જીવને શું લાભ થાય છે?

વૈયાવચ્ચ કરવાથી તીર્થંકર નામગોત્રનો બંધ થાય છે.

'વૈયાવચ્ચ'નો અર્થ સમજવા જેવો છે.

પ્રત્યેક નિરાધારને આધાર આપવો,

પ્રત્યેક અસહાયને સહાય આપવી,

આનું નામ વૈયાવચ્ચ .

પછી એ દસ વ્યક્તિ હોય કે વીસ, સાધુ હોય કે શ્રાવક, અપંગ હોય કે બિમાર, અંધ હોય કે મૂંગો.

આમાં એટલો વિવેક જાળવવો જરૂરી છે કે તે વ્યક્તિ ધર્મના ક્ષેત્રમાં ધર્મને અનુકૂળ હોવી જોઈએ. તો જ તે ચેષ્ટા સમ્યક્ પરાક્રમ કહેવાય.

કોઈક શ્રાવકને સહાય કરો, સાધુને સહાય કરો,ગરીબને સહાય કરો, અને બિન લાદેન જેવા કોઈકને સહાય કરો, તેમાં ફરક છે.

જે સહાય ધર્મના માર્ગે વાળતી હોય તેને સમ્યક્વૈયાવચ્ચ કહેવાય.

પરંતુ જે સહાય અધર્મના માર્ગે વાળે તેને સમ્યક્વૈયાવચ્ચ કહી ન શકાય.

**वेयावच्चेणं भंते ! जीवे किं जणयइ ?**

**वेयावच्चेणं तित्थयर–णामगोयं कम्मं णिबंधइ ।**

એટલે કે,વૈયાવચ્ચ કરવાથી તીર્થંકર નામકર્મનો બંધ થાય છે. જે કર્મ અતિશય પુણ્યનો ઉદય કરાવે તે કર્મને તીર્થંકર નામકર્મ કહેવાય.

ચક્રવર્તી બનવું,

વાસુદેવ બનવું,

પ્રતિવાસુદેવ બનવું,

રાજા બનવું,

ગુરુ બનવું,

આચાર્ય બનવું,

ઉપાધ્યાય બનવું,

આ સૌ તીર્થંકર નામકર્મનો ઉદય છે.

એટલે કે –

**અતિશયની પ્રાપ્તિ કરાવે એવા કોઈ પણ પુણ્યને તીર્થંકર નામકર્મ કહેવાય છે.**

કર્મગ્રંથમાં સ્પષ્ટ વ્યાખ્યા આપવામાં આવી છે કે તીર્થંકર નામકર્મ એટલે વિશિષ્ટ પુણ્યના અતિશય બતાવતી પ્રકૃતિ અથવા જેના દ્વારા આત્માને બહારના સંજોગોમાં, બીજા કરતાં અલગ, શ્રેષ્ઠ, ઉત્તમ તેમજ વિશિષ્ટતાની પ્રાપ્તિ કરાવે તેવા પુણ્યને તીર્થંકર નામકર્મ કહેવાય છે.

તમારે ઘેર રહેલા વૃદ્ધ માતાપિતા પાણી માગે અને તમે તેમને પાકું પાણી આપો, તેમ છતાં તમને તીર્થંકર નામકર્મ બંધાય છે.

કારણ કે આ ક્રિયા વૈયાવચ્ચની ક્રિયા છે.

અને વૈયાવચ્ચ ની દરેક ક્ષણ તીર્થંકર નામકર્મને બંધાવે છે પરંતુ તીર્થંકર નામકર્મની આ પેટાપ્રકૃતિ છે.

તીર્થંકર નામકર્મની એક નહીં, અસંખ્ય પ્રકૃત્તિ હોય છે.

તીર્થંકર, વાસુદેવ, પ્રતિવાસુદેવ, રાજા, ગુરુ, આચાર્ય, મેનેજર આવાં મોટાં પદો તીર્થંકર નામકર્મની પેટા પ્રકૃતિમાં આવે છે.

કેમ કે,

પદમાત્ર તીર્થંકર નામકર્મના ઉદયથી મળે છે.આથી કહેવાય છે કે,

નામ અને ગોત્રકર્મ ભેગા મળે છે ત્યારે તીર્થંકર પદની પ્રાપ્તિ થાય છે.

ચોત્રીસ અતિશય હોય તેને તીર્થંકર કહેવાય છે.

કોઈ એક રાજા આદેશ આપે છે અને તેને બીજા બધા માને છે. જેને તીર્થંકર નામકર્મની પેટાપ્રકૃતિનો ઉદય હોય તેને જ આમ થાય.

તીર્થંકર નામકર્મ અસંખ્ય વાર બંધાય છે.

તીર્થંકરનામ ગોત્રકર્મ ઉત્કૃષ્ટ કક્ષાનું અને નિકાચિત બંધાય, ત્યારે ત્રીજા ભવે તે વ્યક્તિ અવશ્યમેવ તીર્થંકર બને, બને અને બને જ.

પરંતુ જે તીર્થંકર નામકર્મ નિદ્ધત, હળવું કે મધ્યમ બંધાય, તે ત્રીજા ભવે, તેરમા ભવે કે અસંખ્યાતાકાળ પછી પણ ઉદયમાં આવી શકે.

સાધના, આરાધના, વૈયાવચ્ચ વગેરે કોઈપણ પ્રકારે આત્માના ગુણોનો ઉઘાડ થાય તો જ તીર્થંકર નામકર્મ બંધાય છે.

ધર્મના માર્ગે વાળતી સહાયને વૈયાવચ્ચ કહેવાય છે, પછી તે સહાય ભલે ને કોઈ પણ વ્યક્તિને કરી હોય !

એક પુસ્તક તમે કોઈને વાંચવા આપો તો તે પણ વૈયાવચ્ચ કહેવાય અને તેના વડે પણ તીર્થંકર નામકર્મ બંધાય છે.

ચુમાલીસમો બોલ

# વેદનને આપો વિદાય

## સર્વગુણ સંપન્નતા

सव्वगुणसंपण्णयाए णं भंते ! जीवे किं जणयइ ?
सव्वगुणसंपण्णयाए णं अपुणरावत्तिं जणयइ ।
अपुणरावत्तिं पत्तए णं जीवे सारीरमाणसाणं दुक्खाणं णो भागी भवइ ।

વ્યક્તિ ગુણની સંપન્નતા પ્રાપ્ત કરવા લાગે ત્યારે તેને શું પ્રાપ્ત થાય છે?

ગૌતમસ્વામીના મનમાં પણ આ પ્રશ્ન ઉત્પન્ન થયો હતો કે ગુણપ્રાપ્તિ કરવાથી શું થાય છે ?

પરમાત્મા મહાવીરની ઉપદેશ ધારામાં આ વિષય વારંવાર આવતો હતો કે તમે તમારા આત્માના ગુણોને વિકસાવો.

આ કારણે ગૌતમસ્વામીને પ્રશ્ન થયો હતો.

**વ્યક્તિ ગુણસંપન્ન બને ત્યારે તેના બધા અવગુણ જતા રહે છે.**

પરંતુ સૌથી મોટો અવગુણ ક્યો ?

આત્માનો એક અવગુણ મોટામાં મોટો છે અને તે અવગુણને કારણે જ સંસાર છે. તે અવગુણ જતો રહે તો સંસાર સંસાર ન રહે. આત્માનો જે ગુણ છે, તે જ તેનો મોટામાં મોટો અવગુણ પણ છે. આ અવગુણ ન હોય તો આત્માને પરમાત્મા બનતાં એક સેકંડ જેટલી વાર પણ ન લાગે !

આ ગુણ છે વેદનગુણ.

સુખ અને દુઃખ વેદવાની આત્માની વૃત્તિને કારણે મોહ સર્જાય છે.

મોહ ન સર્જાય તો કર્મો પણ ન સર્જાય.

અને કર્મો ન સર્જાય તો સંસાર કયાંથી રહે ?

આમ, **સુખ અને દુઃખ અનુભવવાની આત્માની વેદનવૃત્તિ એટલે આત્માનો સૌથી મોટો અવગુણ.**

વેદનવૃત્તિ જડમાં ન હોય, ચેતનમાં જ હોય. એટલે કે વેદન કરે તે ચેતન.વેદનવૃત્તિ ન હોય તે જડ.

વેદન આત્માનો સંયોગ ગુણ છે અને વેદનવૃત્તિ તે આત્માનો અવગુણ છે.

**अपुणरावत्तिं पत्तए णं जीवे**

**सारीरमाणसाणं दुक्खाणं णो भागी भवइ ।**

આ અવગુણ જાય પછી આત્મા શરીર અને મનના કોઈ પણ દુઃખનો ભાગીદાર બનતો નથી.

જરા વિચારો કે સવારથી સાંજ આપણે જે કંઈ કરીએ છીએ તે વેદનવૃત્તિથી જ કરીએ છીએ.

એટલે કે, સુખ અને દુઃખને વેદવાની આપણા આત્માની વૃત્તિ જ સંસારનું કારણ છે.

આત્મા આત્મા સાથે જોડાય એટલે પરનું વેદન ચાલ્યું જાય છે. આત્માના

આત્મા સાથેના જોડાણથી તે શરીર અને મનથી પર થઈ જાય છે. આને કારણે પરની અનુભૂતિ પણ રહેતી નથી.

આપણે પર સાથે જોડાયેલા રહીએ ત્યાં સુધી જ વેદન કે સ્પંદન થતું હોય છે. પર ન હોય તો પરનું વેદન પણ ન હોય. અને પરનું વેદન ન હોય તો આત્માને આત્માનું વેદન કરવાનું હોતું નથી.

પોતાના આત્માને ભૂલીએ ત્યારે આપણે પરનું વેદન કરીએ છીએ. આ વેદનને કારણે આપણામાં સુખ અને દુઃખ જન્મે છે. વેદન ન હોય તો સુખ કે દુઃખ જન્મી શકે નહીં.

જે ચેતન વ્યક્તિ જડને અનુભવે તે જડ જેવો ચેતન છે.

વાસ્તવમાં જ્ઞાન એ આત્માનો ગુણ છે, જ્યારે વેદન એ આત્માનો વિભાવ છે.

જોવું એ આત્માનો ગુણ કહેવાય. જોડાવું એ આત્માનો અવગુણ કહેવાય.

જડ ક્યારેય જોડાતું નથી પરંતુ જડમાં ચેતન જોડાય છે.

સામે ચાલીને આત્માને ચોંટતો હોય એવો એક પણ જડ પદાર્થ નથી. કેમ કે, જડને ચેતનનું વેદન કરવું નથી. ચેતન ભ્રમમાં છે માટે તેને જડનું વેદન કરવું છે.

આત્માને ચેતન કહેવાય.

પરંતુ શરીર, પદાર્થ, વસ્તુ, શબ્દો, દૃશ્ય, સુગંધ, સ્વાદ અને સ્પર્શને જડ કહેવાય.

ચેતન જડને જુએ, સાંભળે, સુંઘે, સ્પર્શે ત્યારે તે તેનું વેદન કરે છે. આથી તેનામાં સારું કે ખરાબના ભાવ જન્મે છે. આ કારણે કર્મો બંધાય છે અને આથી સંસાર જન્મે છે.

આત્મા જડને અનુભવતો ન હોય તો તે ક્યારેય જડની સાથે ન હોય.

જડનું વેદન ઘટાડે ત્યારે જ આત્મા પોતે આત્મામાં વસી શકે છે.

ગજસુકુમારના માથા પર અંગારા મૂક્વામાં આવ્યા ત્યારે તેને અંગારાનું વેદન

થતું હતું. પરંતુ 'તે મારાથી પર છે' તેવું જ્ઞાનવેદન કરતા હોવાથી અનુભવનું વેદન થતું નહોતું.

**પોતાના જ્ઞાનનું જ વેદન કરે ,તેને જ્ઞાની કહેવાય. પરનું વેદન કરે તેને અજ્ઞાની કહેવાય.**

તે દૃષ્ટિએ આપણે સૌ અજ્ઞાની છીએ, કેમ કે આપણે પરને અનુભવીએ છીએ અને પરના અનુભવમાં સ્વની અનુભૂતિ કરીએ છીએ. આમ કરીશું ત્યાં સુધી આપણો ભ્રમ રહેવાનો અને ભ્રમ હોય ત્યાં સુધી આપણું ભ્રમણ રહેવાનું છે.

આત્મા જ્યારે આત્માને અનુભવવા લાગે ત્યારે તે પરનો અનુભવ ઘટાડે છે.

ગુણસંપન્ન થાય એટલે શરીર અને માનસના બધા દુઃખોથી આત્મા પર થઈ જાય છે. કેમ કે, **વેદન કરવું તે અવગુણ છે પરંતુ વેદનથી પર થવું તે સર્વગુણ છે.**

વેદન આત્મા કરી શકે. આત્મા વેદન કરે તેને વિભાવ કહેવાય.

જાણવું અને ભળવું આ બેમાં ભેદ છે.

જાણવું એટલે જ્ઞાન.

અનુભવવું એટલે વેદન.

કેવળજ્ઞાની આત્મા દરેક પદાર્થને જુએ ખરા, પણ ક્યાંય જોડાય નહીં. એમના થકી દરેક પદાર્થને સ્પર્શ થતો હોય, પરંતુ તેનાથી તેમને કશું વેદન થાય નહીં.

ભગવાન મહાવીર સ્વામીને રેવતી બિજોરાપાક વહોરાવે અને એ બિજોરાપાકને મહાવીર સ્વામી વાપરે ત્યારે એમ કહેવાય કે એમના શરીરને શાતા વળી ગઈ.

એટલે કે બિજોરાપાકનું વેદન જે ખાય તે કરતું હોય. મહાવીર સ્વામી ભગવાન કેવળજ્ઞાન અવસ્થામાં માત્ર જોતા હોય કે બિજોરાપાક નામનો એક પદાર્થ શરીર નામના બીજા પદાર્થને મળે છે. તેનાથી અનુકૂળતા જન્મે છે. આ અનુકૂળતા શાસનની અનુકૂળતા માટે જરૂરી છે. આથી હું એક પદાર્થ બીજા પદાર્થને આપી રહ્યો

છું. હું તો માત્ર તેને જોનારો છું.

પરંતુ આપણે જો એમ વિચારીએ કે હું બિજોરાપાકને ભોગવી રહ્યો છું તો હું પરને ભોગવી શકું છું તેવા મિથ્યાત્વનો ઉદય થાય છે.

**સ્વ ક્યારેય પરને ભોગવી શકતું જ નથી, પણ સ્વનો ભ્રમ પરને ભોગવે છે.**

વાસ્તવમાં, સ્વ હંમેશાં સ્વને ભોગવે છે પરંતુ સ્વ પરને ભોગવે છે તેવા પ્રકારનો ભ્રમ કરે છે. માટે તેના કર્મ બંધાય છે.

સ્વ પરને ભોગવતો હોવાનો ભ્રમ ઊભો કરે છે, તેથી તે અવગુણસંપન્ન કહેવાય છે.

આત્મા પરને ભોગવી શકતો નથી, એવું માનવા લાગે ત્યારે તે સર્વગુણસંપન્ન થવા લાગે છે.

સામાયિક કરતી વખતે મારે સ્વનું વેદન કરવું છે તેવા ભાવ થવા જોઈએ.

પરના જોગમાત્રનો હું ત્યાગ કરું છું.

પરનો જોગ જ મારા સ્વના ગુણોની ઘાત કરે છે.

પર ન હોય તો સ્વની ઘાત ક્યારેય ન થાય.

ક્રોધ શાથી જન્મે છે ?

કોઈ વસ્તુ, વ્યક્તિ કે વાતાવરણથી ક્રોધ જન્મશે.

આત્માને આત્મા પર ક્રોધ ક્યારે આવે ?

આત્મા પરરૂપ, પર માટે, પર થકી અને પરમાં જતો હોય ત્યારે જ આત્માને ક્રોધ આવે.

સામાયિક એટલે સ્વ તરફ જવું.

સ્વ વડે સ્વની સાધના કરનારને ક્રોધ ન આવવો જોઈએ.

આત્મપ્રતિષ્ઠિત અને પરપ્રતિષ્ઠિત – એમ બે પ્રકારના ક્રોધ હોય છે.

પોતાને પોતાના આત્મા પર ક્રોધ આવે છે, કારણ કે પર સાથે સ્વની સરખામણી કરવાથી ક્રોધ આવે છે અને પરની સરખામણી વિના ક્યારેય સ્વ પરનો ક્રોધ સંભવ નથી.

પર ન હોય તો સ્વને ક્યારેય ક્રોધ આવી ન શકે.

પર વિના વિભાવમાં જઈ ન શકાય.

**સ્વના ભાવની વિકૃતિ એટલે વિભાવ.**

કોથળીમાં પેક કરેલું દૂધ એમનું એમ રાખીએ તો તે ઘણા દિવસો સુધી એમનું એમ રહે પરંતુ તેને બહાર કાઢવામાં આવે તો તે થોડા સમયમાં બગડી જાય છે.

આમ, પરની અસર ન થાય તો સ્વ ક્યારેય બગડતો નથી.

આપણે બગડીએ છીએ વિભાવથી. વિભાવ પરને કારણે આવે છે.

આત્મા ક્યારેય પર વિના વિભાવ કરી શકતો નથી.

વિભાવ એટલે ક્રોધ, માન, માયા, લોભ, રાગ અને દ્વેષ.

અડધી રાતે કોઈક મને મારા નામથી જગાડે અને હું જાગી જાઉં તો તેનો અર્થ એ કે હું વિભાવમાં છું.

અને મારું નામ સાંભળવા છતાં હું ન જાગું તો તેનો અર્થ એ કે હું સ્વભાવમાં છું.

કેમ કે, પર સાથેનું મારું જોડાણ શરીર તેમજ નામ માટેનું છે. નામ થકી આપણી ઓળખ તે વિભાવ છે.

આત્મા થકી જેટલી ઓળખ છે તે સ્વભાવ છે.

નામથી કોઈ બોલાવે અને જવાબ દેવો પડે તે વાત સાચી, પરંતુ આપણું આપણા નામ પ્રત્યેનું સભાનપણું પણ વિભાવ છે.

'આત્મા' અહીં આવો, એમ કહીએ તો કોણ આવવાનું?

હકીકતમાં 'આત્મા, અહીં આવો' તે સાંભળવું, તે પણ વિભાવ છે. કારણ

કે કાનથી સાંભળવું તે વિભાવ છે.

આત્માએ આત્માથી સાંભળવું તે જ સ્વભાવ છે. આત્માએ પર વડે સાંભળવું તે વિભાવ છે.

સર્વગુણસંપન્નતાની પ્રાપ્તિ થાય ત્યારે તેનું શરીર અને મન સાથેનું જોડાણ તૂટે છે. તેને કારણે શરીર અને મન સાથેના વેદન તૂટે છે. તેને લઈને કર્મબંધન તૂટે છે. હવે નવા કર્મબંધ થવાના નથી. આથી સુખ અને દુઃખ તેને અસર કરતા જ નથી.

**ગમતું અને ગમતાં જ્યાં સુધી ગમે, ત્યાં સુધી વિભાવ છે.**

એટલે કે, આપણું મન ગમો કરે ત્યાં વિભાવ છે.

**પિસ્તાલીસમો બોલ**

# સ્નેહ-તૃષ્ણાની સાંકળથી મુક્તિ

**વીતરાગતા**

**वीयरागयाए णं भंते ! जीवे किं जणयइ ?**
**वीयरागयाए णं णेहाणुबंधणाणि तण्हाणुबंधणाणि य वोच्छिंदइ,**
**मणुण्णामणुण्णेसु सद्दफरिस–रसरूवगंधेसु चेव विरज्जइ ।**

વીતરાગતાથી શેની પ્રાપ્તિ થાય છે ?

આગમમાં બે શબ્દો આવ્યા –

**णेहाणुबंधणाणि अमै तण्हाणुबंधणाणि**

આમાં **ऋणानुबंध** જેવો કોઈ શબ્દ આવ્યો નથી. એટલે મારી માન્યતા એવી છે કે ઋણાનુબંધ જેવું કંઈ હોતું નથી.

હા, સ્નેહાનુબંધ હોઈ શકે.

તમે જેને ઋણાનુબંધ કહો છો, તેને અમે સ્નેહાનુબંધ કહીએ છીએ.

પણ મોટા ભાગના લોકો ઋણાનુબંધનો અર્થ જુદો કરતા હોય છે. તેઓ માને છે કે, આ ભવમાં એક વ્યક્તિ પાસેથી આપણે લાખ રૂપિયા લીધા હોય તો આવતા ભવમાં તેને લાખ રૂપિયા ચૂકવવા પડશે. પરંતુ, આવું નથી.

આ ભવમાં કોઈના લાખ રૂપિયા લઈ લીધા પછી પસ્તાવો કર્યો, એટલે તમે તમારાં કર્મો ખપાવી દીધાં અને તમારો મોક્ષ થઈ ગયો. તો શું પેલાને લાખ રૂપિયા આપવા માટે તમારો મોક્ષ અટકી જવાનો છે ?

આથી જ અમારું માનવું છે કે - સ્નેહાનુબંધ કે વેરાનુબંધ હોઈ શકે.

પરંતુ ઋણાનુબંધ હોતા નથી.

**સુખ-દુઃખ આપણાં કર્મો મુજબ આપણને મળે છે, વ્યક્તિ મુજબ નહીં.**

ઋણાનુબંધ હોય તો કર્મો નહીં, પણ વ્યક્તિ મહાન થઈ જાય.

આપણી માન્યતા મુજબ બધું કર્માનુસાર થાય છે.

ઘણી વખત એવું બને કે, યોગાનુયોગ તે મુજબ બની પણ જાય, પણ તે કેવળ યોગાનુયોગ જ હોય છે.

ભગવાન મહાવીરનો જ દાખલો લઈએ.

એમના કાનમાં ખીલા મારવામાં આવ્યા પરંતુ ભગવાન મહાવીર તો મોક્ષમાં જતા રહ્યા.

ખીલા મારનારને જે કર્મ બંધાયું, તેને શું ભગવાન મહાવીર મોક્ષમાંથી પાછા આવીને ખીલા મારવાના છે ? તે શક્ય નથી.

આથી આપણે ઋણાનુબંધને નહીં પણ કર્માનુબંધને માનીએ છીએ.

વ્યક્તિ પ્રત્યે અચાનક લાગણી કે ગુસ્સો થઈ જવો તે વાત અલગ છે. તે ગત જન્મને કારણે હોય છે.

કોઈક વ્યક્તિને જોઈ કે જાણી ન હોય, છતાં અચાનક તેને માટે અંદરથી અત્યંત લાગણી કે દ્વેષ થવો તેને સ્નેહાનુબંધ કે વેરાનુબંધ કહેવાય છે.

સ્નેહનો કે વેરનો અનુબંધ કર્મના અનુબંધને અનુસરે છે, પરંતુ ઋણાનુબંધ હોતો નથી.

સ્નેહાનુબંધમાં વ્યક્તિને અન્ય વ્યક્તિ કે પદાર્થ પ્રત્યેની ઘેલછા હોય છે.

કોઈ પણ વ્યક્તિ પ્રત્યેની તૃષ્ણા યા અત્યંત આસક્તિના ભાવને **णेहाणुबंधणाणि** કહેવાય છે.

વ્યક્તિ પ્રત્યે અચાનક ઉત્પન્ન થઈ ગયેલી લાગણી તે વ્યક્તિ ગમે તેટલું ખરાબ કરે યા હેરાન-પરેશાન કરે, તો પણ માણસ તેને છોડી શકતો નથી. આના માટે સ્નેહાનુબંધ જવાબદાર છે.

પરંતુ, માત્ર આ ભવને લગતો પ્રેમ હોય તો તે પ્રેમ ક્યારે દ્વેષરૂપ થઈ જાય તે નક્કી નહીં.

એટલે કે, **કોઈ પણ વ્યક્તિ તેના સ્નેહાનુબંધ યા વેરાનુબંધને કારણે મળે છે, નહીં કે ઋણાનુબંધને કારણે.**

તમે કોઈને દુઃખ આપ્યું હોય તો તે જ વ્યક્તિ તમને દુઃખ આપે તે જરૂરી નથી, કોઈ પણ વ્યક્તિ દુઃખ આપી શકે છે. કેમ કે, તમે કર્મો બાંધ્યા છે. અને તે કર્મો ભોગવતી વખતે તમને કોઈ પણ રીતે દુઃખ મળશે.

કેમ કે, વ્યક્તિ જો વ્યક્તિને દુઃખ કે સુખ આપતી હોય તો કર્મબંધ નામની ચીજ જ ઊડી જાય છે. વ્યક્તિ તેમાં નિમિત્તરૂપ બની શકે પરંતુ તેની તે જ વ્યક્તિ નિમિત્તરૂપ બનવી જરૂરી નથી.

તેને તથા પ્રકારનાં સુખ કે દુઃખ મળશે, પણ તે કોઈ પણ વસ્તુ, વ્યક્તિ કે વાતાવરણ દ્વારા મળશે.

આમ, ઋણાનુબંધ એટલે વ્યક્તિવિશેષ.

અને સ્નેહાનુબંધ એટલે પોતપોતાના કર્મ અનુસારનું.

આ વિષય પર બહુ ઉંડાણપૂર્વક ચિંતન કરાયેલું છે કે માનવમાં ઋણાનુબંધ

આવે તો કેટલા બધા પ્રશ્નો ઉદ્ભવે ?

એક વ્યક્તિ બીજી વ્યક્તિને દુઃખ કે સુખ આપી દે અને તેવું પરસ્પર થાય એટલે તેનો મોક્ષ થઈ જાય. પરંતુ એમ થઈ શકે નહીં. નહીંતર આવું જ સુખ - દુઃખ આપવાનું ચક્કર ચાલતું રહે .યોગાનુયોગ પાંચ-પચીસ કેસમાં એવું બને ખરું, પણ તેનો મતલબ એવો હરગીઝ નથી કે અનંતકાળથી આ જ પરંપરા ચાલતી આવી છે.

આથી કહી શકાય કે, સ્નેહાનુબંધ કે દ્વેષાનુબંધ હોઈ શકે. રાગ કે દ્વેષનું આ પરિણામ છે અને તેમાં વ્યક્તિ નિમિત્ત બની જાય છે.

સ્નેહનો કે વેરનો આ સંબંધ લાખો ભવ સુધી ચાલી શકે છે. પરંતુ પ્રત્યેક સંબંધને અંતે તો EXPIRY DATE લખાઈને જ આવે છે.

**वीयरागयाए णं णेहाणुबंधणाणि**

**तण्हाणुबंधणाणि य वोच्छिदइ**

વીતરાગ અવસ્થાની પ્રાપ્તિથી સ્નેહ અને દ્વેષના ભાવો તૂટી જાય છે.

તૃષ્ણા તૂટે ત્યારે વીતરાગતા જન્મે છે.

પછી તે સારા કે ખરાબ શબ્દ, રૂપ, ગંધ, રસ, સ્પર્શ- આ તમામથી વિરક્ત થવા લાગે છે.

આપણને જ્યાં સુધી જગતનું કંઈ પણ ગમે છે ત્યાં સુધી આપણે ભગવાન બની શકતા નથી.

**વીતરાગી એ જ બની શકે, જેણે રાગ, દ્વેષ અને તૃષ્ણાને છોડી દીધા હોય.**

તૃષ્ણા એટલે તરસ.

**આપણને જેમાં રસ હોય, તે બધાની આપણને તરસ હોય.**

આથી જેને રસ પડે તે વીતરાગી બની શકતો નથી. પણ જેનો જગતનો રસ તૂટે, તે વ્યક્તિ જ વીતરાગી બની શકે.

**જ્ઞાનની કદી તૃષ્ણા ન હોય,જ્ઞાનની જિજ્ઞાસા હોય છે.**

આત્માનું ઊર્ધ્વીગમન કરાવે તેને જિજ્ઞાસા કહેવાય.

દરિયાનું પાણી અને મીઠું પાણી બંને પાણી જ કહેવાય છે, પરંતુ એક પાણી બગીચાને ઉજાડી નાખે છે, બીજું પાણી બગીચાને લીલોછમ કરી નાખે છે.

**જ્ઞાનની પિપાસાને જિજ્ઞાસા કહેવાય.**

**સંસારની પિપાસાને તૃષ્ણા કહેવાય.**

આત્માને આત્મા મેળવવાનો ભાવ થાય તેને સંવેગ કહેવાય. અને આત્માને પારકું મેળવવાનો વિચાર થાય તેને રાગ કહેવાય.

ઘણાને એમ થાય કે બંને થોડું થોડું હોવું જોઈએ, પરંતુ હકીકત એ છે કે જેમ હસવું અને લોટ ફાકવો એક સાથે શક્ય નથી તેમ, આ બન્નેનો મેળ પણ શક્ય નથી.

જગતમાં ક્યાંય આપણો મેળ પડી શકતો નથી. છતાં, મેળ પાડવા પાડવામાં આ આખો મેળો ઊભો થાય છે અને અંતે મેળો છૂટી જાય ત્યારે આપણને ખબર પડે છે કે આમાંથી એકેયની સાથે આપણો મેળ પડ્યો નથી.

જે આત્માને મળે છે તેને જગતમાંથી કંઈ મેળવવું હોતું નથી અને જગતમાંથી કંઈક મેળવવું હોય તેને આત્માનું કંઈ મળતું નથી.

એટલે કે, **જે મેળામાં હોય તેનો મેળ પડતો નથી.**

અને મેળ પડી જાય, તે મેળામાં હોતો નથી.

આપણો મેળ પરમાત્મા સાથે પડી જાય અને સંસારના મેળામાંથી આપણે છૂટી જઈએ, તેને વીતરાગતા કહેવાય છે.

અને આ વીતરાગતાની પ્રાપ્તિ થવાથી આપણે પરમ પદને પામી શકીએ છીએ.

વીતરાગતાથી શેની પ્રાપ્તિ થાય છે ?

વીતરાગતાથી સ્નેહનાં તેમજ તૃષ્ણાનાં બંધન તૂટે છે.

પરમાત્માએ કેવળ બે જાતનાં બંધન જ બતાવ્યા છે - સ્નેહનું અને તૃષ્ણાનું.

તેમણે દ્વેષનું બંધન બતાવ્યું નથી. આવું કેમ ?

આ વાત ઉદાહરણથી સમજીએ.

કોમળ દેખાતું ફૂલ હાથમાં લઈએ તો તે ઠંડું લાગે છે, પરંતુ આ ફૂલને અગ્નિમાં નાંખીએ તો તે ફૂલ બળી જાય છે.

આનો અર્થ એ કે, અગ્નિ તે ફૂલમાં મોજૂદ જ હતો, પણ આપણને દેખાતો ન હતો. બળવાનો તેનો સ્વભાવ ન હોત તો ગમે તેવા અગ્નિમાં પણ તે બળી શકત નહીં.

સોનું કે લોઢું અગ્નિમાં ક્યારેય બળી શકતા નથી. કેમકે તેની અંદર અગ્નિ નથી તેનો બળવાનો સ્વભાવ નથી.

જેમ ફૂલમાં બળવાનો સ્વભાવ પડેલો છે, તેમ રાગમાં જ દ્વેષનો સ્વભાવ પડેલો છે.

આપણે જ્યાં રાગ કરીએ છીએ ત્યાં દ્વેષ છુપાયેલો હોય છે, પરંતુ આપણને તે દેખાતો નથી. એટલે કે, રાગનો સ્વભાવ જ દ્વેષનું કારણ છે. રાગ ન હોય ત્યાં ત્રણેય કાળમાં દ્વેષ ન હોય.

આ કારણે, પરમાત્માએ કેવળ રાગનું બંધન બતાવેલું છે.

રાગ વ્યક્તિ વિશેષ પ્રત્યે વધુ હોય તૃષ્ણા વસ્તુ વિશેષ પ્રત્યે હોય છે. બન્નેથી છૂટે તે વીતરાગ પદ મેળવે છે.

**છેંતાલીસમો બોલ**

# નિંદા-પ્રશંસા સહેવાની ક્ષમતા

## ક્ષમા

**खंतीए णं भंते ! जीवे किं जणयइ ?**
**खंतीए णं परीसहे जिणेइ ।**

હે ભગવાન, ક્ષમા રાખવાથી શો લાભ થાય છે ?

પરમાત્માએ ક્ષમાને ક્ષમતા કહેલી છે.

**ક્ષમા એટલે પરિસ્થિતિઓની સામે જય મેળવવાની ક્ષમતા.**

ક્ષમા એટલે તમામ પ્રકારની પરિસ્થિતિને સહન કરવાની સહનશીલતા.

સહન શેને કરવાની હોય ? અનુકૂળતાને કે પ્રતિકૂળતાને ?

ક્ષમા શેના પ્રત્યે રાખવાની હોય ? કડવા શબ્દો પ્રત્યે કે મીઠા શબ્દો પ્રત્યે ?

આપણે માનીએ છીએ કે સામેવાળો આગ જેવો થાય ત્યારે આપણે પાણી

જેવા થવું, આપણે જતું કરી દેવું, પરંતુ પરમાત્માની દષ્ટિએ ક્ષમા એટલે દરેક પરિસ્થિતિને સહન કરવાની ક્ષમતા અને આ પરિસ્થિતિ ખરાબ જેટલી જ સારાની પણ હોય છે.

**દુઃખ વખતે ક્ષમા રાખી શકનાર માણસ સુખ વખતે એટલી ક્ષમા રાખી શકતો નથી.**

સુદર્શન ચૂર્ણ પચાવવું કદાચ સહેલું છે, પરંતુ મીઠાઈ પચાવવી એટલી સહેલી નથી.

આ મીઠાઈને પચાવવા જેવી પરિસ્થિતિ એટલે ક્ષમતા. સામેવાળી વ્યક્તિ આપણાં ખૂબ વખાણ કરે, ભરપેટ પ્રશંસા કરે, અતિશય અહોભાવ અને લાગણી બતાવે, તે સમયે તે લાગણીને સહન કરવી એટલે ક્ષમતા.

કેમ કે, આ સમયે ક્ષમા રાખવી ખૂબ અઘરી છે. કડવા શબ્દો પ્રત્યે ક્ષમા રાખનાર વ્યક્તિ મીઠા શબ્દો વખતે ક્ષમા રાખી શકતી નથી. ક્ષમા એટલે સમતા.

પરમાત્માએ પરીષહ માત્ર પ્રતિકૂળતા છે તેમ નથી કહ્યું પણ સહન કરવું પડે તે બધાને એમણે પરીષહ કહ્યા છે. એટલે કે, પરીષહ બે પ્રકારના હોય – અનુકૂળ અને પ્રતિકૂળ. તમારાં વખાણ થાય, પ્રશંસા થાય, સત્કાર અને પુરસ્કાર થાય, તે પરિસ્થિતિને પણ પરમાત્માએ પરીષહ કહ્યો છે.

જ્ઞાની વ્યક્તિ ગુસ્સાને કદાચ સહન કરી શકશે, પરંતુ પોતાના વખાણને તે સહન નહીં કરી શકે અને તેનામાં અહમ્‌ભાવ આવી જાય.

આથી જ કહ્યું છે કે સામેવાળો ફૂલ ધરે કે શૂલ, પણ આપણને કંઈ ન સ્પર્શે, તેને વીતરાગતા કહેવાય.

**કાંટાઓને સહન કરવા સહેલા, પરંતુ ફૂલને સહન કરવા અઘરા હોય છે.**

એક પુસ્તકમાં એક ફકીરની સરસ વાત છે.

એક બહુ મોટા ફકીર હતા. ગેરસમજને કારણે લોકો તેને ગુનેગાર માને છે

અને તે ફકીર પર લોકો પથ્થરોનો વરસાદ વરસાવે છે. તે વખતે એક અન્ય ફકીર ત્યાં આવે છે. આ ફકીર પેલા ગુનેગાર મનાતા ફકીરને એક ફૂલ મારે છે. પથ્થરોનો વરસાદ નિશ્ચિંતતાથી સહન કરી રહેલો ફકીર, ફૂલ વાગતાં જ શરીરનો તે ભાગ પંપાળવા લાગ્યો. જાણે તેને ફૂલ ખૂબ જ વાગ્યું હોય.

લોકોને આ જોઈને નવાઈ લાગી. ટોળામાંના કોઈએ પ્રશ્ન પૂછ્યો, ''અમે તમને આટલા બધા પથ્થરો માર્યા, છતાં તમે ન પંપાળ્યું, પણ આ ફૂલ તમને એટલું બધું વાગી ગયું કે તમે તે જગ્યાએ પંપાળવા લાગ્યા?''

ફકીરે આ પ્રશ્નનો જવાબ આપતાં કહ્યું, '' પથરા મારનારા અજ્ઞાની હતા. અજ્ઞાનીના પથરા મને વાગતા નહોતા. પણ આ ફકીર તો જ્ઞાની વ્યક્તિ છે. માટે તેમનું ફૂલ પણ મને વાગ્યું.''

એટલે કે, અજ્ઞાની વ્યક્તિ આપણી સાથે ગમે તેવો અપવ્યવહાર કરે તો આપણને ખાસ અસર થતી નથી. પરંતુ જ્ઞાની વ્યક્તિ એક કડવો શબ્દ કહી દે, તો જ્ઞાનીને અસર થાય. અજ્ઞાનીને આની કંઈ અસર થાય નહીં.

આથી પરમાત્માએ કહ્યું છે કે, પરીષહની સામે જીતવાનું બળ આપે તેને ક્ષમા કહેવાય.

કડવા શબ્દરૂપી પથરાઓને સહન કરવા સહેલા છે, પરંતુ મીઠા શબ્દોને સાંભળતી વખતે ક્ષમા રાખવી ખૂબ અઘરી છે.

આપણે અત્યાર સુધી સાંભળતા આવ્યા છીએ કે અપમાન, તિરસ્કાર કે કડવાશની સામે ક્ષમા રાખવાની હોય.

પરંતુ મીઠા શબ્દોને પચાવી શકે તે સાચો ક્ષમાવાન.

પરમાત્માએ કહ્યું છે કે ક્ષમાથી પરીષહો જીતાય છે.

બે પ્રકારના પરીષહો પરમાત્માએ દર્શાવ્યા છે : કડવા અને મીઠા.

કડવાશ વખતે હળવાશ રાખે અને મીઠાશ વખતે પણ હળવાશ રાખે તેને

ક્ષમા કહેવાય.

આપણી ક્ષમા ક્યારે વધારે રહે ? આયંબિલ કરતી વખતે કે મિઠાઈ ખાતી વખતે ?

આયંબિલના પદાર્થને આપણે સહન કરી લઈએ છીએ, પરંતુ મીઠાઈને આપણે સહન કરી શકતા નથી.

કેમ કે, મીઠાઈ આપણને તરત જ વિભાવ લાવી દે છે. માટે જ, કોઈ પણ પરિસ્થિતિને સહન કરવાની સહનશક્તિને પરમાત્માએ ક્ષમા કીધી છે.

પ્રતિકૂળતા તેમજ અનુકૂળતા વખતે જે ક્ષમા રાખવામાં આવે તેને જ સાચી ક્ષમા કહેવાય.

કડવા શબ્દો વખતે ક્ષમા રાખવી, તે કદાચ જ્ઞાનીનો ગુણ કહેવાય. પરંતુ મીઠા શબ્દો વખતે પણ ક્ષમા રાખવી તે સૌથી મોટો સદ્‌ગુણ કહેવાય.

**જેને** રચયહ **થાય તે ફૂલાઈ જાય.**

થોડા દિવસ ઉપર મારા જન્મદિવસનો કાર્યક્રમ ચાલતો હતો. અમે બહાર નીકળ્યા ત્યારે 'ટાઈમ્સ ઓફ ઈન્ડિયા'ના પ્રતિનિધિએ મને પૂછ્યું, ''મહારાજ સાહેબ, આટલા બધા લોકો તમને શુભેચ્છા આપવા આવ્યા છે, આટલા બધા લોકો રક્તદાન કરી રહ્યા છે. આ જોઈને તમને કેવું લાગે છે ?''

આના જવાબમાં મેં એમને કહ્યું, '' હું માત્ર એટલું વિચારું છું કે હું એક સામાન્ય સાધુ છું, છતાં લોકોનો આટલો ભક્તિભાવ છે તો પરમાત્મા મહાવીર સ્વામી ખુદ વિચરતા હશે અને દેશના આપતા હશે ત્યારે લોકોનો કેટલો બધો અહોભાવ હશે !''

પરમાત્મા મહાવીર સ્વામી એ અહોભાવને પણ સહન કરતા હતા.

**વખોડવાને બધા સહન કરી શકે, પરંતુ વખાણને સહન કરી શકે તેને મહાવીર કહેવાય.**

અપમાનને સહન કરીએ એ બરાબર, પણ વખાણને સહન કરે તે સાચો

ક્ષમાવાન.

**અપાર અનુકૂળતાઓ હોવા છતાં આત્માના ભાવમા હોય તેને સાધક આત્મા કહેવાય છે.**

સંવત્સરી જાય એટલે આપણે કાર્ડ લખીએ છીએ કે તમારા આત્માને અમે દુભવ્યો હોય તો 'મિચ્છામિ દુક્કડમ્'. પરંતુ સામેવાળાના વખાણ બદલ ક્યારેય આપણે ક્ષમા માગીએ છીએ ?

આપણે વખાણ કર્યા ત્યારે સામેવાળાને કર્મબંધન કરાવ્યા હતા, છતાં આપણે તેની ક્ષમા માગતા નથી.

પરમાત્માનો ધર્મ કહે છે.

**परीसहे जिणेइ ।**

એટલે કે, પરીષહોને જીતાડે તે જ સાચી ક્ષમા !

સુડતાલીસમો બોલ

# કામનાના ત્યાગથી અકિંચનતા

## નિર્લોભતા

मुत्तीए णं भंते ! जीवे किं जणयइ ?
मुत्तीए णं अकिंचणं जणयइ । अकिंचणे य जीवे अत्थ-
लोलाणं पुरिसाणं अपत्थणिज्जे भवइ ।

સૌ પ્રથમ અકિંચનતાનો અર્થ સમજીએ.

જગત જેની કામના કરે તેને કંચન કહેવાય.

કામનાના લાખો કમનીય પદાર્થો સામે હોય, છતાં કિંચિતમાત્ર આસક્તિનો ભાવ ન હોવો, તેને અકિંચનતા કહે છે.

કંચન એટલે કમનીયતા એટલે કે આપણે કામના કરીએ તેવો કોઈ પણ પદાર્થ !

ગમતી વ્યક્તિ કે વસ્તુ ગમે તેવી હોય પણ આપણને સારી લાગે છે અને

અપ્રિય વ્યક્તિ કે વસ્તુ ગમે તેવી સારી હોય તો પણ આપણને ખરાબ લાગે છે.

સીદીભાઈને પોતાનું સીદકું ગમે તેવું કાળું હોય તો પણ રૂપાળું લાગે અને રાજાનો રાજકુંવર તેને સામાન્ય લાગે છે.

એટલે કે, આપણા મનમાં કામના પડેલી હોય તેવા કામનાના હજારો પદાર્થોની વચ્ચે કિંચીતમાત્ર કામના ન જન્મે તેને અકિંચનતા કહેવાય છે.

કંઈ ન મળે અને કશું ન ભોગવે તે અકિંચન નથી.

**લાખ વસ્તુ મળે, છતાં એક પણ વસ્તુ ન ભોગવે તેને અકિંચન કહેવાય.**

આસપાસ કંચનનો પાર ન હોય છતાં એક પણ કામના ન હોય તેને અકિંચનતા કહેવાય,તેને મુકતતા કહેવાય છે.

મુક્તતા એટલે જેને કોઈનું બંધન નથી હોતું.

આપણી જીભને સારા પદાર્થ ભોગવવાનું, આંખને સારું દશ્ય જોવાનું, કાનને સારા શબ્દો સાંભળવાનું, અને કાયાને સુંવાળી પથારી કે સુંવાળી વ્યક્તિનું બંધન થઈ ગયું છે. આ બંધનમાંથી મુક્તિ એટલે મુકતતા.

મુકતતા એટલે પદાર્થોથી મુક્તિ નહીં , પરંતુ પદાર્થ પ્રત્યેના આસક્તિભાવના બંધનથી મુક્તિ!

લાખો પદાર્થો હોવા છતાં એક પણ પદાર્થ સાથે મોહબંધન નથી, તેને મુકતતા અથવા અકિંચનતા કહેવાય છે.

અકિંચન વ્યક્તિ ક્યારેય સ્વાર્થીને ગમવાનો નથી, કેમ કે અકિંચન વ્યક્તિ પાસેથી કંઈ મળી શકે તેમ નથી હોતું. આ કારણે સ્વાર્થી વ્યક્તિનો સ્વાર્થ પોષાતો નથી. સ્વાર્થ પોષાતો ન હોય તે સંબંધો જીવતા નથી. ધીમે ધીમે તે મૃત થતા જાય છે.

કેશી ગુરુનો ભેટો પામીને પરદેશી રાજા રાજપાટ છોડી દઈ પોતાની સાધના કરવા લાગે છે. તે અકિંચન ભાવમાં આવી જાય, તેને કંઈ સ્પર્શે નહીં , રાજાપણાનું તેને કોઈ બંધન રહે નહીં , તે તેની રાણીને ગમતું નથી. કેમકે, રાણીનો સ્વાર્થ પોષાતો નથી.

મિત્રોની મિત્રતા અને સગાંઓની સગાઈ આખરે તો સ્વાર્થના શ્વાસ પર જ જીવતી હોય છે.

**તમારી પાસે માલ હોય અને તમને મળે તેને કહેવાય મિત્રો.**

જગતનો નિયમ છે કે તમારી પાસે કંચન હોય તો તમારી કામનાવાળા લાખો હોય છે. તમારી પાસે કંચન ન હોય તો તમારી કામનાવાળા કોઈક જ હોય છે.

પરમાત્માનું વાક્ય છે કે

**अत्थलोलाणं पुरिसाणं अपत्थणिज्जे भवइ ।**

એટલે કે, અર્થલોલૂપ વ્યક્તિઓ માટે એ અપ્રાર્થનીય બની જાય છે.

પ્રાર્થનીય એટલે પ્રિય અને અપ્રાર્થનીય એટલે અપ્રિય.

તમારે કેવા થવું છે ?

**अकिंचणं ।**

મુક્તતાથી જીવને શો લાભ થાય છે ?

મુકતતાથી જીવને અકિંચનતાની પ્રાપ્તિ થાય છે.

અને અકિંચનતાથી શો લાભ થાય છે ?

વ્યક્તિ પોતાની કામના ઘટાડતી જાય તેમ તેની અંદરનો આસકિતભાવ તૂટે છે. તેની પોતાની કામના ઘટે છે. આથી તેનો કંટાળો ઘટે છે.

**કામના ન હોય તો ક્યારેય કંટાળો હોય નહીં.**

કામના હોય અને મળી જાય તો ક્ષણભરનું સુખ હોય છે, પછી પાછું તેનું તે જ દુઃખ. કામના ઘટે એટલે અકિંચનતા આવે છે.

અકિંચનતા આવવાથી વ્યક્તિ નિર્લેપ થઈને શાંતિ ભોગવવા લાગે છે.

જેની પાસે કામના કરવા લાયક કંઈ પણ છે, જેના મનમાં કામના પડી છે, તે ક્યારેય અકિંચન બની શકતો નથી.

કામના વગરની વ્યક્તિને અકિંચન કહેવાય છે.

અડતાલીસમો બોલ

# સર્વત્ર વર્તો સરખું

## સરલતા

अज्जवयाए णं भंते ! जीवे किं जणयइ ?
अज्जवयाए णं काउज्जुययं भावुज्जुययं भासुज्जुययं अविसंवायणं जणयइ । अविसंवायण – संपण्णयाए णं जीवे धम्मस्स आराहए भवइ ।

હે ભગવાન, સરળતાથી શેની પ્રાપ્તિ થાય છે ?

સરળતાથી અવિસંવાદતાની પ્રાપ્તિ થાય છે.

સરળ વ્યક્તિ અવિસંવાદી હોય છે.

અર્થાત્ તેનું વર્તન તમામ સ્થળે એકસરખું હોય છે.

પરંતુ વિસંવાદી વ્યક્તિનું વર્તન સ્થળ મુજબ બદલાતું રહે છે. આવી વ્યક્તિ કપટી હોય છે.

મોટા ભાગની વ્યક્તિ બીજાની પાસે સારું લગાડવા માટે, કોઈકનું ખરાબ બોલ્યા વગર રહેતી નથી.

પરંતુ સરળ વ્યક્તિ હંમેશાં સત્ય સિવાય કંઈ બોલતી નથી.

**સરળ વ્યક્તિની કાયામાંથી પણ સરળતા નીતરતી હોય છે.**

'કાયાની સરળતા' સમજવા જેવી છે.

ઘણી બધી વ્યક્તિઓ કેવળ બેઠેલી હોય તો પણ આપણને તે સાદી સીધી લાગે. તેને જોઈને આપણને થાય કે આ માણસમાં કંઈ કપટ હશે નહીં. તેના હાવભાવ, તેનો દેખાવ આપણને તદ્દન સરળ લાગશે. આવી વ્યક્તિ પર 'સરળ' હોવાનું લેબલ ન હોય, છતાં અજાણી વ્યક્તિ પણ તેને જોઈને કહી શકે કે તે વ્યક્તિ તદ્દન સરળ છે.

આ થઈ કાયાની સરળતા.

કાયાની આ સરળતા શેમાંથી જન્મે ?

જેણે ક્યારેય કોઈનું ખરાબ ન ઈચ્છયું હોય, જે ક્યારેય પાછળથી કોઈનું ખરાબ ન બોલ્યો હોય, જેને કોઈનું ખરાબ બોલવાની ઈચ્છા ન થતી હોય, તે માણસ કાયાનો સરળ હોય છે.

મોઢે મીઠો, પણ પાછળથી ખરાબ બોલનારા માણસને જોઈને જ આપણને ખબર પડી જાય કે આ માણસ સરળ નથી.

સરળ આત્મા દરેક સમયે એક સમાન હોય છે.

મન, વચન અને કાયાની ઐકયતા હોય તેને સરળતા કહેવાય છે. મનમાં જુદું અને વચનમાં જુદું, વચનમાં જુદું અને કાયામાં જુદું હોય તેને કપટી કહેવાય છે.

જે વ્યક્તિ બધી જ વાસ્તવિકતાનો સ્વીકાર કરી શકે તેને સરળ આત્મા કહેવાય છે.

તેનામાં ક્યાંય વિખવાદ હોય નહીં, તે વિખવાદ કરે નહીં અને તે વિખવાદ કરાવે નહીં.

સરળ વ્યક્તિ હંમેશાં બધાને સાથે રાખે અને કપટી હંમેશાં ભાગલા પડાવે છે.

**સરળ વ્યક્તિ વટ પણ ન કરે અને બનાવટ પણ ન કરે,**

**કોઈને તે છેતરે નહીં અને વેતરે પણ નહીં.**

આ જમાનામાં જે વેતરી શકે છે, તેનું નામ હોય છે.

**છળથી કોઈને વેતરી શકાશે, કોઈને છેતરી શકાશે, પણ ક્યારેય તરી નહીં શકાય.**

**તમારે છેતરવું છે, વેતરવું છે કે તરવું છે ?**

સરળ વ્યક્તિ કોઈને છેતરતો નથી, વેતરતો નથી,

માટે તે તરતો હોય છે.

અત્યારે કદાચ મોક્ષ ન થાય તો વાંધો નથી,

પરંતુ સીધા બનવું, સરળ બનવું આપણા માટે બહુ સહેલું છે.

પદ પર હોય તેવી વ્યક્તિઓ મોટે ભાગે રાજકરણી હોય છે.

કેમ કે, કોઈકની ખુરશી છીનવીએ તો જ તે આપણને મળે.

પરંતુ તે મેળવેલામાંથી આપણને દુઃખ સિવાય કંઈ મળવાનું નથી.

કોઈકને પાડીને તેની પર ઊભા રહેવું, કોઈકને ઉતારીને આપણે ચડવું,આને કપટ કહેવાય છે.

સરળ વ્યક્તિ ક્યારેય આવું કરતો નથી.

સરળ વ્યક્તિ ક્યાંય વિસંવાદી ન હોય.

વિખવાદી હોય તે વિસંવાદી હોય.

ભાગલા પડાવે તે વિખવાદી હોય.

આવા મનુષ્યો મોં પર મીઠું બોલીને તમારી નબળાઈઓ જાણી લેશે અને સમય આવ્યે ઘા કરશે.

આત્મા સરળ બને ત્યારે આત્મા સહજ બને છે.

ઉપાશ્રય એવું સ્થળ છે જ્યાં સરળ બનવાનું છે, સહજ બનવાનું છે અને સાધક બનવાનું છે.

સરળ આત્મા અવિસંવાદી હોય છે.

તેનું મન, વચન અને કાયા જુદાં હોતાં નથી.

જેનાં મન, વચન અને કાયા જુદાં હોય છે, તે વિસંવાદી હોય છે, તે વિખવાદી હોય છે, તે ભાગલા પડાવીને દુઃખોનું સર્જન કરવાવાળો હોય છે.

**આપણે સિદ્ધ બનીએ નહીં ત્યાં સુધી સરળ બનવાનું છે. અને સરળ બની જઈએ તો સિદ્ધ બન્યા વગર રહેશું નહીં.**

જીવાત્મા જાગશે, ઉપાશ્રયમાં આવીને જરાક સીધો બનશે તો અવશ્ય શાંતિ અને સમાધિને પ્રાપ્ત કરશે.

**अज्जवयाए णं भंते! जीवे किं जणयइ ?**

આર્જવતાથી, સરળતાથી જીવને શેની પ્રાપ્તિ થાય છે ?

સરળતાથી તેની કાયા, તેના ભાવો અને તેની ભાષા પણ સરળ બને છે. તેનામાં ક્યાંય વક્રતાનો જરા પણ ભાવ હોતો નથી.

કપટી વ્યક્તિના નેણ હંમેશાં ખેંચાયેલા હોય.

તેનામાં કાયા કે ભાવોની સરળતા ન હોય.

સરળ વ્યક્તિના ચહેરા પર, તેની આંખોમાં, તેની હાલચાલ કે બોલચાલમાં સરલતા અભિવ્યક્ત થયા વગર ન રહે. આવી વ્યક્તિ અવિસંવાદી હોય છે.

પણ વિસંવાદી એટલે શું ?

આ શબ્દનો અર્થ સમજવા કબરનું ઉદાહરણ લઈએ.

કબરની અંદર મૃતદેહો પડેલા હોય છે, પરંતુ ઉપર તો ફૂલો જ મૂકેલાં દેખાય છે.

વિસંવાદી વ્યક્તિનું પણ આવું જ હોય છે. તે બહારથી મીઠો, પણ અંદરથી કડવો હોય છે.

જેની અંદર પણ તે જ હોય અને બહાર પણ તે જ દેખાય, એટલે કે કાચના ઘરવાળાને અવિસંવાદી કહેવાય છે.

**अविसंवायण–संपण्णाए धम्मस्स आराहए भवइ ।**

અવિસંવાદી વ્યક્તિ જ ધર્મનો આરાધક હોય છે. જેના મનમાં કંઈક, વચનમાં કંઈક, કાયામાં કંઈક જુદું હોય તે વ્યક્તિ ધર્મનો આરાધક બની શકતો નથી. તે માસખમણ કરતો હોય, તો પણ તે વિરાધક બને છે.

બધાને વહાલા થનાર વ્યક્તિ વિસંવાદી બન્યા વગર રહે નહીં. કેમકે, બધાને વહાલું થવું હોય તો કંઈક ખોટું કરવું જ પડે. પરંતુ જે વ્યક્તિ પરમાત્માને વહાલી થવા ઈચ્છે, તેણે કદી ખોટું કરવું ન પડે.

જગતને વહાલા થવાના પ્રયત્ન માટે ક્યાંક ને ક્યાંક મીઠું બોલવું પડે. આ મીઠું બોલવું હંમેશાં સેકરીન જેવું હોય છે.

'મને તમારા પર ખૂબ જ લાગણી છે' એમ કહેનાર વ્યક્તિ એમ ન કહી શકે કે તેને બીજા પર લાગણી નથી, કેમકે જેને એક પર લાગણી હોય, તેને બીજા પર પણ લાગણી અવશ્ય હોવાની. આથી 'મને તમારા પર પૂરેપૂરી લાગણી છે' એમ કોઈ કહે તે શક્ય જ નથી.

એટલે કે, સારા દેખાવાનો પ્રયત્ન કરનાર વ્યક્તિ સરળતા ગુમાવે છે.

સરળ વ્યક્તિને સારા દેખાવાની જરૂર નથી.

કેમકે, તે સારો દેખાતો જ હોય છે.

તે સારો ન દેખાય તો પણ તેને કશી ચિંતા હોતી નથી.

**ઓગણપચાસમો બોલ**

# નિત્ય રહો નમ્ર

## મૃદુતા

**मद्दवयाए णं भंते ! जीवे किं जणयइ ?**
**मद्दवयाए णं अणुस्सियत्तं जणयइ ।**
**अणुस्सियत्ते णं जीवे मिउ–मद्दव–संपण्णे अट्ठ मयट्ठाणाइं णिट्ठवेइ ।**

મૃદુતાથી આત્માને શો લાભ થાય છે ?

પહેલાં મૃદુતાનો અર્થ સમજીએ.

સૌ પ્રથમ વાત કરી સરળતાની, અને તે પછી મૃદુતાની. જે ક્યારેય, કોઈ પણ સંજોગોમાં કે કોઈ પણ ક્ષેત્રમાં કઠોર ન બની શકે તેને મૃદુ કહેવાય છે.

જેની નરમાશવૃત્તિ ત્રિકાલ હોય તેને મૃદુ કહેવાય.

અત્યારે મૃદુ, પણ પછીથી કઠોર હોય તે મૃદુ નહીં, નરમ કહેવાય. માખણ

મુલાયમ અને નરમ છે, પણ તેને ફ્રીજમાં મૂકવામાં આવે તો તે કડક બની જાય છે.

કડકાઈ કે કઠોરતાનો અંશ માત્ર ન હોય તેને મૃદુતા કહેવાય.

**मद्‌वयाए णं अणुस्सियत्तं जणयइ ।**

'**अणुस्सियत्ते**' એટલે ત્રણેય કાળમાં અહંકાર ન જન્મે તે.

પરિસ્થિતિવશ નમ્રતા અને પરિસ્થિતિ પૂરી થતાં કડકાઈ આવી જાય, તે માણસ મૃદુ ન કહેવાય. તેને કદાચ નમ્ર કહી શકાય.

એટલે કે, ગમે તે પરિસ્થિતિમાં પોતાની નમ્રતા કે કોમળતાને છોડે નહીં તેવા આત્માને મૃદુ આત્મા કહે છે.

આવી વ્યક્તિનો અહંકાર દૂર થઈ જાય છે. અહંકાર દૂર થઈ જાય, એટલે વચન, વર્તન, મન કે આત્મામાંથી પણ અહંકાર દૂર થઈ જાય છે.

આઠ પ્રકારના મદ સ્થાનને તે છોડી દે છે.

પરમાત્માએ મદ ના આઠ સ્થાન બતાવેલા છે.

મદ એટલે શું ?

બીજા કરતાં પોતાને એક પદ ઊંચું માનવું તેને મદ કહેવાય.

કોઈ પણ સ્થાનમાં, પોતાની જાતને, વ્યવહારને, જાતિને, કુળને, બળને, તપને, જ્ઞાનને કે પોતાના ઐશ્વર્યને અન્ય કરતાં ઊંચું માનવું, તેને પરમાત્માએ મદ કહ્યો છે.

આવડતના અહંકારને પણ પરમાત્માએ મદ કહ્યો છે.

પરમાત્માના ધર્મને પામવાનું ગૌરવ હોવું તે અલગ વાત છે અને આ બાબતનો ગર્વ હોવો તે અલગ વાત છે.

ગૌરવ અને ગર્વમાં શો ફરક ?

પોતાને પોતાના ગુણોની અભિવ્યક્તિ થાય તેને ગૌરવ કહેવાય. અને પારકાનું કંઈ પણ પોતાનું માનીને પોતાની જાતને ઊંચી માનવી તેને ગર્વ કહેવાય.

'હું સ્થાનકવાસી જૈન છું' એમ માનવું ગર્વ છે. કેમકે આત્માને તેવું કંઈ

હોતું નથી.

કોઈપણ એક મતની પકડ રાખવી, તે પણ પરમાત્માની દૃષ્ટિએ અધર્મ છે.

આમાં સ્થાનકવાસી, દેરાવાસી, દિગંબર, તેરાપંથી જેવો ઉલ્લેખ ક્યાંય આવતો નથી.

અહીં કહ્યું છે કે કેવળજ્ઞાન શાશ્વત છે અને કેવળજ્ઞાનીનો ધર્મ  શાશ્વત છે.

વ્યક્તિ શાશ્વત નથી, માટે વ્યક્તિનો ધર્મ ક્યારેય શાશ્વત હોતો નથી.

આપણા આત્માને લાગે કે આ વસ્તુ મારા આત્માના ગુણોને પોષે છે, તો તે આપણે કરવું.

પણ આપણું સાચું માનીને બીજાનું ખોટું ન માનવું.

હું સમ્યક્ પ્રકારે પરમાત્માની આજ્ઞાને પાળું છું. કેવળી ભગવાનના ધર્મને, આજ્ઞાને હું પાળી રહ્યો છું. આમ માનીને કરનાર વ્યક્તિ સમ્યક્ કરે કે અસમ્યક્, તેને બધું જ સમ્યક્રૂપે પરિણમે છે.

એટલે કે, આત્મા જેને પરમાત્માની આજ્ઞા માનીને કરે છે, તે બધું સમ્યક્ છે અને આત્મા જેને પરમાત્માની આજ્ઞા માનતો નથી, તે બધું અસમ્યક્ છે.

એટલું ખરું કે વ્યક્તિએ પરમાત્માનાં વચનનો, આગમનો આધાર લઈને કાર્ય કરવાનું હોય છે.

ગંગા નદીનું ઉદાહરણ લઈએ. હિમાલયમાંથી ગંગા નીકળે ત્યારે તે શુદ્ધ હોય છે, પરંતુ છેલ્લે બંગાળના ઉપસાગરમાં પહોંચે ત્યારે તે કેવી થઈ જાય છે ! તેમ, કેવળજ્ઞાની પરમાત્માએ ફરમાવેલી વાણી શુદ્ધ જ હતી, પણ પરિસ્થિતિના કિનારાને અડતાં અડતાં તે આપણા સુધી પહોંચી છે એટલે તેમાં ઘણું બધું ભળી ગયેલું પણ છે.

આપણે માત્ર એટલી નિસ્બત રાખવી કે મારા જીવનમાં કામ લાગે એટલું જળ મારું.

મારા આત્મા માટે આ યોગ્ય છે, તેનો મેં સ્વીકાર કરી લીધો અને આ મારા

આત્મા માટે યોગ્ય લાગતું નથી, માટે મેં તેને છોડી દીધું.

આ કારણથી જ પરમાત્મા કહે છે કે ચારિત્ર્યની આરાધના કરતાં પહેલાં જ્ઞાનની આરાધના કરો.

કેમકે, જ્ઞાન નહીં હોય ત્યાં સુધીની વિરતિ તે વિરતિ નહીં હોય !

**ज्ञानस्य फलम् विरति ।**

એટલે કે, જ્ઞાનનું ફળ જ વિરતિ બની શકે છે. જ્ઞાન વિના હિત કે અહિતનો ભેદ નહીં પાડી શકાય.

સમ્યક્જ્ઞાનની પ્રાપ્તિ કરે નહીં ત્યાં સુધી આત્મા ક્યારેય સમ્યક્ આચરણ કરી શકતો નથી.

આથી, આપણે એક જ વસ્તુ ધારી રાખવી કે વર્તમાનમાં આ ઉપાશ્રયમાં આપણે ધર્મસાધના કરી રહ્યા છીએ. ત્યારે આપણે હંમેશાં રાત્રે સૂતી વખતે પરમાત્માને એક વાક્ય કહી દેવું. એ વાક્ય છે, ''હે ભગવાન, તારો સમ્યક્માર્ગ મને સમ્યક્ રૂપે પરિણમજો.''

**''તમારો સમ્યક્ધર્મ મને સમ્યક્ રૂપે પરિણમજો,''**

ભગવતીસૂત્રના પહેલા સપ્તકમાં એક વાત આવે છે કે હે ભગવાન! તમે જ સાચા છો, એમ માનવાવાળો શું તમારા ધર્મનો આરાધક બને છે ?

ભગવાન કહે છે હા ગૌતમ તે આરાધક બને છે.

મારી પાસે અત્યારે બુદ્ધિ ઓછી છે.

તમામ ક્ષેત્રનું સર્વ જ્ઞાન મારી પાસે નથી. માટે કોણ શું કરે છે, તે જે કરે છે તે સાચું કે ખોટું, તે હું માપી શકતો નથી.

મને કેવળ એટલી ખબર છે કે હું જે કંઈ કરી રહ્યો છું, તેનાથી મારા આત્માના ગુણ પોષાય છે.

માટે, હે ભગવાન ! હું તારી આજ્ઞાની આરાધના કરું છું. તેમાં જે કંઈ સમ્યક્

છે તે મને સમ્યક્રૂપે પરિણમજો.

તેમાં જેટલું મિથ્યા છે, તે મારાથી દૂર થઈ જજો.

**ભગવાનને સર્વસ્વ સોંપનારાને કદી કોઈ સમસ્યા હોતી નથી.**

**અને બોજ માથે રાખનારાને માથાકૂટ સિવાય કંઈ મળતું નથી.**

**मिउ–मद्व–संपण्णेअट्ठ–मयट्ठाणाइं णिट्ठावेइ ।**

ભગવાને અહમ્‌ના આઠ પ્રકારનાં કારણો બતાવ્યા છે.

એ છે – જાતિ, કુલ, બલ, રૂપ, તપ, સૂત્ર, લાભ અને ઐશ્વર્ય.

'અમે વાણિયા છીએ' કે ' અમે આવા કે અમે તેવા 'તેવું બોલનારને ફરીથી તે મળવાનું નથી.

**સંસારના ક્ષેત્રનો અહમ્ કરનારી વ્યક્તિને સંસારમાં નીચામાં નીચું સ્થાન મળે છે. ધર્મના ક્ષેત્રનો અહમ્ કરનારને ધર્મના ક્ષેત્રમાં નીચામાં નીચું સ્થાન મળે છે.**

દીક્ષા લીધાને પચાસ વર્ષ થઈ જવા છતાં ઘણાને વ્યાખ્યાન વાંચતા આવડતું નથી. આમ થવાનું કારણ એ કે ગયા ભવમાં તેણે તથા પ્રકારનાં નીચ ગોત્રકર્મનો બંધ કર્યો હતો. ઐશ્વર્ય નામની ઉચ્ચ ગોત્રકર્મની પ્રકૃતિનો ઉદય હોય તો જ વ્યાખ્યાન વાંચી શકાય.

'મેં પંચાવન ઉપવાસ કર્યા ' તેવો અહમ્ કરનાર આવતા વરસે નવકારશી કરવા જાય તો પણ તેને ભૂખ લાગે.

'મેં કર્યું ' તે અહંકારનું કારણ છે.

'મેં કર્યું ' તે મહા અહમ્‌નું કારણ છે.

'મેં આટલા ઉપવાસ કર્યા, તે મહા મહા અહંકારનું કારણ છે.

એમ વિચારવું કે 'પરમાત્મા કે ગુરુદેવની કૃપા હતી એટલે થઈ ગયું. બધું એમણે કરાવ્યું છે.'

એટલે કે, યશ સઘળો ભગવાનનો અને અપયશ બધો આપણો, તેમ માનવું

જોઈએ.

જાતિની જેમ કુળનો પણ મદ હોય છે.

માતાની હોય તે જાતિ કહેવાય અને પિતાનું હોય તેને કુળ કહેવાય.

કાગડાને જોઈને આપણને એમ થાય કે, ''અરર, બિચારો કેવો છે !' આવો વિચાર આવે એટલે આપણે માણસ બની શકતા જ નથી. જગતનો નિયમ છે કે આસક્તિ અને તિરસ્કાર હોય ત્યાં જ આપણી ઉત્પત્તિ હોય.

તે પછી આવે બળ. બળ એટલે તાકાત.

'હું તો દસ ઠાણાની ગોચરી પણ લઈ આવું',

'મને તો કલાકો સુધી વાંચણી આપવામાં વાંધો ન આવે',

'હું દસ દાદરા ચઢી શકું'...

આવું વિચારવું તે અહંકારનું કારણ છે, એમ ભગવાન કહે છે. મને આવડે છે, તેવું તમને આવડતું નથી, તેમ વિચારનાર મર્યો સમજવો. કેમકે, હવે તેને કંઈ જ આવડવાનું નથી.

તપની વાત કરીએ તો વ્યક્તિને તપનો પણ અહંકાર હોય છે.

'મેં અઠ્ઠાઈ કરી', 'મેં તો રમતાં રમતાં ઉપવાસ કર્યો',

'મને તો ઉપવાસ લાગે જ નહીં', આવું વિચારનારને તપનો પણ અહંકાર હોય છે.

રૂપનો પણ અહમ્ હોય છે. પોતાનાં વખાણ કરાવવા અને તે કરાવવાની વૃત્તિ ઊભી કરવી, તેને પરમાત્માએ અહમ્‌નું કારણ બતાવેલું છે.

સૂત્ર એટલે જ્ઞાન. 'મને આટલું મોઢે છે.', 'તમે કહો તે આગમનો હું જવાબ દઈ દઉં, આવું વિચારનારને ભગવાને જ્ઞાનનો અહમ્ હોવાનું ગણાવ્યું છે.

લાભનો અહમ્ શો હોય ? 'હું ગમે તેવા પાસા નાખું, તે અવળા પડે તો પણ મારું સવળું જ થાય', 'હું કોલસામાં હાથ નાખું, તો પણ મારો હાથ હીરો લઈને જ

બહાર નીકળે !' આવું વિચારનારને લાભનો અહમ્ છે, તેમ કહેવાય.

જીવને દ્રવ્યલાભ મળે તો અસંખ્ય મળે.

અને ભાવલાભ મળે તો અનંત મળે.

દ્રવ્યલાભના અસંખ્ય અને ભાવલાભના અનંત પ્રકાર હોય છે. દ્રવ્યલાભ એટલે પદાર્થની પ્રાપ્તિ અને ભાવલાભ એટલે આત્માના ગુણોની પ્રાપ્તિ.

બધા પદાર્થો અસંખ્ય છે. પ્રાપ્ત થઈ શકે તેવા પદાર્થો અસંખ્ય અને અપ્રાપ્ત થાય તેવા પદાર્થો અનંત છે. આથી દ્રવ્યલાભ અસંખ્ય અને ભાવલાભ અનંતા છે.

છેલ્લે આવે છે ઐશ્વર્યનો અહંકાર. ઐશ્વર્યનો અહંકાર એટલે દ્રવ્ય અને ભાવ, બંનેનો અહંકાર. નવો ફ્લેટ લઈને તેમાં ફર્નિચર કરાવીને જેટલા લોકો આવે તેને ફ્લેટ બતાવે. બાથરૂમમાં સોનાનો નળ નખાવ્યો તે બતાવે. તે વ્યક્તિ કદાચ નાહીને જેટલા પાપ કરશે, તેના કરતાં તે નળ બતાવી બતાવીને વધારે પાપ કરશે. અને એક વખત તે નળ બતાવવાનું પાપ કરે એટલે ભવિષ્યમાં તેને નહાવા ન મળે તેવો આદિવાસીનો ભવમળે.

દાનની તકતી પર નામ લખાવવાના બે વિકલ્પ છે.

એક વિકલ્પમાં પોતાના અહંકારને પોષવાની વાત છે.

બીજા વિકલ્પમાં પ્રભાવનાને પોષવાની વાત છે. એટલે કે તે તકતીમાંથી પ્રેરણા મેળવીને બીજા પચીસ-પચાસ જણાને દાન આપવાનો ભાવ થશે, તો તેને અનુમોદનાનો પણ લાભ મળશે.

પણ આપણી વાત બીજી છે. અહંકાર કરનાર વ્યક્તિ એંઠા મૂળાનો પણ અહંકાર કરે છે.

પેલા ભિખારીની વાત ખબર છે ને ! બે ભિખારી ઊભા હતા. નજીકના એપાર્ટમેન્ટમાંથી કોઈકે ઉપરથી કચરાની થેલી નાંખી. તે થેલીમાં બે મૂળા હતા. મૂળા જાડા હશે, એટલે પેલાએ ફેંકી દીધા હશે. ભિખારીએ બન્ને મૂળા હાથમાં લીધા અને

તેમાંથી એક મૂળો તે ખાવા લાગ્યો.

એટલામાં બીજો ભિખારી આવ્યો. એટલે પહેલા ભિખારીએ પોતાનો અડધો ખાધેલો મૂળો બીજાને આપ્યો. તે ભૂખ્યો હતો એટલે મૂળો લઈને ખાવા લાગ્યો. એટલામાં ત્રીજો ભિખારી આવ્યો. તેને પહેલો ભિખારી કહે, ''જોયું, મારા એંઠા મૂળા ખાવાવાળા લોકો પણ દુનિયામાં છે !''

એટલે, અહંકાર કરનારા એંઠા મૂળાનો પણ અહંકાર કરશે.

આમ, ઐશ્વર્યનો અહંકાર વ્યક્તિને હંમેશ માટે ગરીબ બનાવે છે.

વૈભવનો અહંકાર વ્યક્તિને હંમેશ માટે ભિખારી બનાવે છે.

**અહંકાર પરને કારણે જ હોય છે.**

**સ્વનો અહંકાર ક્યારેય હોતો જ નથી.**

આપણા અહંકારનું મોટામાં મોટું કારણ આપણી આંખ છે. એક કલાક માટે તમારી બે આંખ ન હોય તે રીતે જીવવાનો પ્રયત્ન કરજો.

આમ કરવાથી તમારો અડધો અહંકાર તો એમ જ રવાના થઈ જશે.

માણસને એક આંખ અને એક કાન ન હોય તો તેનો નવ્વાણું ટકા અહંકાર ચાલ્યો જાય.

**વ્યક્તિ કોમળ બને ત્યારે તેનામાંથી બધો અહંકાર ચાલ્યો જાય છે.**

આવું થાય ત્યારે તેનામાં બિલકુલ નમ્રતા હોય. આપણને ખ્યાલ જ ન આવે કે આ વ્યક્તિ આટલો બધો ધનવાન, ઐશ્વર્યવાન કે જ્ઞાની છે.

મારવાડમાં તપસ્વી ચંપાલાલજી મહારાજસાહેબ છે. મહાત્માજી મહારાજસાહેબે એમની પાસેથી દીક્ષા લીધી હતી. તે ચારસો મહારાજસાહેબ, મહાસતીજીના ગુરુ છે. હું એમના દર્શને ગયો ત્યારે મને એમ કે તે બે-ત્રણ પાટ ઉપર બેઠા હશે. મેં પૂ. નાનાલાલજી મહારાજને જોયા હતા, તે એવી રીતે બેસતા. આથી પૂ. ચંપાલાલજી મ. વિશે પણ મેં એમ ધારેલું.

હું પાલી ગયો. પહેલા માળે ઉપાશ્રય હતો. ત્યાં પૂંઠા પર એક મહારાજ બેઠેલા હતા. મેં તેમને વંદના કરી અને કહ્યું કે, ''મારે પૂ. ચંપાલાલજી મહારાજસાહેબના દર્શન કરવા છે.'' તેમણે મારી સામે જોયું. પછી પાછા વાંચવા લાગ્યા અને ઈશારો કર્યો કે દયા પાળો. હું ત્યાં થોડી વાર બેઠો. તેમણે મારી સાથે કંઈ વાતચીત ન કરી અને વાંચવા લાગ્યા. થોડી વાર પછી મેં ફરીથી કહ્યું કે મારે પૂ. ચંપાલાલજી મહારાજસાહેબના દર્શન કરવા છે.

ત્યારે તેમણે કહ્યું,'' લોગ મુઝે હી ચંપાલાલજી કહતે હૈ.'' તેમની આસપાસ કંઈ હતું નહીં. તે આરામથી એકલા એકલા પોતાનો સ્વાધ્યાય કરતા હતા.

આસપાસની એક પણ વસ્તુનો અહંકાર એમને હતો નહીં. તે સમયે, આજથી બાર તેર વરસ પહેલાં તેમની ઉંમર એંસી વરસની હતી. તે ઉંમરે પણ તે રોજનું ત્રણ કલાક વ્યાખ્યાન આપતા. સામે કરોડપતિ મારવાડી શેઠિયા બેઠેલા હોય, તે શેઠિયાઓને તે મોઢામોઢ કહી દે કે, ''મુહપત્તી નથી બાંધી, એટલે તું મરીને સીધો નરકમાં જવાનો.''

એમને કોઈની બીક, શરમ કે ડર નહોતાં.

આમ, વ્યક્તિ આસપાસનું છોડે ત્યારે તેનો અહંકાર છૂટ્યા વગર રહેતો નથી. આથી ઊલટું, તે આસપાસનું વધારે ત્યારે તેનો અહંકાર વધ્યા વગર રહેતો નથી.

**જેની આસપાસ વધારે, તેને ત્રાસ વધારે.**

**આસ અને પાસ કોઈ ન હોય, તેને કોઈ ત્રાસ ન હોય.**

આસ અને પાસ કોઈ ન હોય, તેને અહમ્ ક્યારેય ન હોય.

આપણને આપણો નહીં, આસપાસનાનો જ અહમ્ હોય છે.

આસપાસની વ્યક્તિ, વસ્તુ કે વાતાવરણ, ગમે તે હોય. આપણા અહમ્નું કારણ ક્યારેય આપણે ખુદ હોતા નથી. કેમ કે, આપણે જાણતા જ નથી કે આપણે કેટલામાં છીએ.પણ લોકો આસપાસનું જુએ છે, એટલે આપણો અહંકાર વધ્યા વગર

રહેતો નથી.

કોઈ આસપાસ ન હોય અને આત્મા એકલો હોય, તો એકલાને ક્યારેય અહમ્ હોતો જ નથી.

આ ભાવના અંતરમાં ધરીશું, મૃદુતા અને કોમળતાના ભાવોને વધારીશું, અંદર રહેલા અહમ્ભાવને ઘટાડીશું, કઠોરતાને ઘટાડીશું અને આત્માને એકદમ આરાધક ભાવમાં લાવીશું તે જ મંગલ કામના.

પચાસમો બોલ

# ભાવવિશુદ્ધિ વડે ભવવિશુદ્ધિ

## ભાવસત્ય

भावसच्चेणं भंते ! जीवे किं जणयइ ?
भावसच्चेणं भावविसोहिं जणयइ । भावविसोहीए वट्टमाणे जीवे
अरहंतपण्णत्तस्स धम्मस्स आराहणयाए
अब्भुट्ठेइ । अरहंतपण्णत्तस्स धम्मस्स आराहणयाए अब्भुट्ठित्ता
परलोग–धम्मस्स आराहए भवइ ।

ભાવસત્યતા કોને કહેવાય ?

ભાવોની સત્યતા કોને કહેવાય ?

પાપની વચ્ચે, પાપથી ઘેરાયેલો હોવા છતાં દ્રવ્યથી પાપ વડે જોડાયેલો દેખાતો હોવા છતાં પણ ભાવથી પર છે, ભાવથી સત્ય છે, ભાવથી સાચો છે, જે ભાવથી યોગ્ય છે, જે ભાવથી સ્વભાવમાં છે તેવી વ્યક્તિને ભાવસત્યતાવાળો કહેવાય છે !

જેનું દ્રવ્ય પદાર્થ પાપોથી ખરડાયેલું દેખાતું હોય પણ જેનું આંતરમાનસ સ્વભાવ દશામાં હોય તેને ભાવસત્યવાળી વ્યક્તિ કહેવાય છે.

ભાવોની સત્યતાથી ભાવોની વિશુદ્ધિ થાય છે.

ભાવ કોને કહેવાય ?

મનમાં હોય તે વિચાર કહેવાય, હૃદયમાં થાય તેને સ્પંદન કહેવાય. તો ભાવ કોને કહેવાય ?

આગમમાં ભાવ શબ્દની વ્યાખ્યા આપવામાં આવી છે.

''**भवे इति भाव**''. ભવે એટલે શું?

જે થાય છે તેને ભાવ કહે છે. થવું, ઉદ્‌ભવવું. આ પ્રકારે આમ થવું, તેનું તેમ થવું, તેને કહેવાય ''ભવે ઈતિ ભાવ!''

ભાવના ત્રણ પ્રકાર હોય છે. મનમાં વિચારો થયા. તે વિચાર શું છે ? વિચાર પુદ્‌ગલ છે.

વિચાર શું છે ? ગાયે ઘાસ ખાધું અને દૂધ આપ્યું તેમ મન નામના યંત્રે અહીંયાં પડેલા પરમાણુઓને ગ્રહણ કર્યા અને વિચારરૂપનો આકાર આપીને જેમ ગાય દૂધને બહાર કાઢે તેમ પોતાના મનમાંથી વિચારોને બહાર કાઢ્યા !

Factory માં માલ અંદર જાય અને Product બહાર નીકળે, Raw Material જેમ Product બનીને બહાર નીકળે તેમ મન નામનું યંત્ર વિચાર નામના તે પુદ્‌ગલોને ગ્રહણ કરી તેને વિચારનું રૂપ આપીને બહાર કાઢે છે. આ પ્રક્રિયાને કહેવાય છે 'મનનો ભાવ !'

ભાવ જેના માટે જ્યાં અને જેવા પ્રકારના થઈ શકતા હોય તેવા પ્રકારના જ થઈ શકે છે.

**भावसच्चेणं भंते ! जीवे किं जणयइ ?**

ભાવોની સત્યતાથી શું લાભ થાય ?

ભગવાન કહે છે, ભાવથી સંસાર પણ મળે અને ભાવથી મોક્ષ પણ મળે .

'**भावसच्चेणं**' એટલે શું ?

જે ભાવ પરમાત્માના માર્ગમાં જોડાય તેને ભાવસત્યતા કહેવાય છે. આત્મા આત્માના કાર્યમાં જોડાય પછી જે કાંઈ પણ થાય તેને કહેવાય છે '**ભાવસચ્ચેણં**' !

આંખે સાધુને જોયા. આંખ નામની એક ઈન્દ્રિયથી સાધુને જોયા પછી શું થયું ?

આત્મામાં એક ભાવ ઉઠ્યો.

શેનો ભાવ ઉઠ્યો ?

હાથને હું જોડું !

હાથને જોડવાની પ્રક્રિયા કેમ થઈ ?

આત્મામાં એક ભાવ ઉઠ્યો ત્યારે !

'જય-માણેક' એવું મેં વાચ્યું તો પહેલાં આંખની અંદર એક દૃશ્ય પડ્યું, પછી તે આવા પ્રકારના છે તે જોયું, જોયા પછી 'જય-માણેક' ગુરુદેવ છે તેવો ભાવ થયો. ભાવ થયો તેથી ગુરુનું સ્મરણ થયું. આમ પછી જે કાંઈ પણ થાય તેને ભાવ કહેવાય.

અને તે ભાવ જ્યારે પરમાત્માની દિશાના હોય તો તેને કહેવાય '**ભાવસચ્ચેણં**'.

વ્યક્તિ ભાવથી અને કાર્યથી પણ કદાચ જુદો હોય છે. કેમ કે ભાવ અંદર થાય છે અને કાર્ય બહાર થાય.

ભાવ ક્યાં થાય ?

ભાવ આપણી અંદર મન, વચન અને કાયા વડે થાય છે.

ભાવને કરે છે કોણ ?

મન, વચન અને કાયા જે કરે તેને યોગ કહેવાય, પણ યોગ પાછળનું કારણ છે તેને ભાવ કહેવાય.

આત્મા જ્યારે આત્માના કાર્યમાં જોડાય તેને 'ભાવસત્યતા' કહેવાય. અને ભાવની સત્યતા આવે એટલે ભાવોની વિશુદ્ધિ થાય.

ભાવોની વિશુદ્ધિ થાય એટલે શું થાય ?

અયોગ્ય કાર્ય તેના આત્માથી થઈ જ ન શકે, અયોગ્ય વિચાર તેના મનથી થઈ જ ન શકે. અયોગ્ય વચન તેનાથી બોલી જ ન શકાય. અયોગ્ય વર્તન તેની કાયાથી થઈ જ ન શકે.

ભાવોની સત્યતાવાળી વ્યક્તિથી આવું થઈ નથી શકતું પણ આવું થતું હોય ત્યારે ?

પેટનો દુઃખાવો આપણા Control બહારની વાત છે.

આપણામાં હોવા છતાં પણ આપણા Controlની બહાર છે. તેવી રીતે પાંચે પાંચ ઈન્દ્રિયોના વિષયો નિકાચીત કર્મના ઉદયમાં હોય ત્યારે તે ઈન્દ્રિયોની વિષયજન્ય પ્રક્રિયા થાય તે પણ ઘણી વખત આત્માના Control ની બહાર હોય છે. તેવા સમયે તે પ્રવૃત્તિ થવા છતાં પણ તેના ભાવોની સત્યતાને કારણે તેને કર્મબંધન થતા નથી.

કેવી રીતે ?

ભાવવિશુદ્ધિ કરવાથી આત્મા આરાધક બને છે.

ભાવવિશુદ્ધિ થાય એટલે શું થાય ?

આત્મા દ્રવ્યથી કદાચ શુદ્ધ ન થતો હોય પણ ભાવોથી શુદ્ધ થવા લાગે. દ્રવ્યથી સંસારમાં હોય અને નહાતો હોય ત્યારે તે શું કરતો હોય? બાથરૂમમાં તે સ્નાન કરતો હોય પણ તેનો અંતરાત્મા રડતો હોય કે મારે આ પાણીના જીવને મારવા પડે છે.

માનો કે, કોઈ પોતાના બાળકને નવડાવતું હોય કે પોતાના વૃદ્ધ માતા-પિતાને નવડાવતા હોય તો નવડાવતી વખતે પાણીના જીવ મરી રહ્યા છે.

હવે શું થાય ? આ કાર્ય હિંસાનું છે. પરંતુ ભાવ કેવા છે ? ભાવ અહિંસાના છે. મારે આ હિંસા કરવી નથી, પણ મારી પરિસ્થિતિ છે તેના કારણે મારે આ હિંસા કરવી પડે છે. આવા ભાવ તેને થાય છે.

કાચા પાણીને અડેલો માણસ સાધક હોઈ શકે ખરો ?

કાચા પાણીથી નવડાવતો માણસ સાધક હોઈ શકે ખરો ?

લગ્નના મંડપની અંદર અગ્નિ હોય, ફેરા ફરવાના હોય, એક તરફ તે ફેરા ફરતો હોય અને ચોથો ફેરો ફરતાં પત્નીનો હાથપકડ્યો હોય અને બીજી તરફ કેવળજ્ઞાન અને કેવળદર્શનને પામી જાય. થાય એવું? હા !

આવું કેમ થયું ?

હાથ પકડેલો હોવા છતાં પણ કેવળજ્ઞાન થઇ ગયું, કેમ કે તેનો દ્રવ્ય આત્મા અને તેનો ભાવ આત્મા બંને અલગ છે. શરીરે શરીરનો હાથપકડેલો છે પણ આત્મા તેનાથી પર થઈ ગયો છે. તેવી અવસ્થાને '**भावसच्चेणं**' કહે છે.

સંસારની અનેક પ્રવૃત્તિઓની વચ્ચે હોવા છતાં પણ સંસાર વગરની પ્રવૃત્તિ કરવી તેને કહેવાય '**भावसच्चेणं**' .

સંસાર કોને કહેવાય ?

આત્મા સિવાયનું કાંઈ પણ સ્પર્શવું તેનું નામ સંસાર– પછી તે આંખથી હોય કે મનથી, વિચારોથી, વચનથી, કાયાથી, કાનથી, નાકથી કે જીભથી !

આત્મા સ્પર્શવાનું બંધ કરે તેને મોક્ષ કહેવાય છે.

આત્મા આત્મા સિવાયનું જેટલું સ્પર્શે તેને સંસાર કહેવાય. આત્મા આત્માને સ્પર્શે તેને મોક્ષ કહેવાય.

**फासेमि पालेमि – अणुपालेमि**

આત્માએ આત્માને સ્પર્શવાની શરૂઆત કરી એટલે પરમાત્માના ધર્મમાં આવી ગયા. અને આત્માએ 'પર'ને સ્પર્શવાની શરૂઆત કરી એટલે સંસારમાં આવી ગયા.

ફાસેમિ એટલે શું ?

આત્માએ આત્માના ગુણોને સ્પર્શવાની શરૂઆત કરી. આત્મા આત્માને સ્પર્શે એટલે 'પર'ને છોડે છે. અને 'પર'ને સ્પર્શે છે એટલે 'સ્વ'ને છોડે છે. 'સ્વ'એ પરને સ્પર્શવું એટલે સંસાર અને 'સ્વ'એ સ્વને સ્પર્શવું એટલે 'મોક્ષ'.

આત્મા આત્મા માટે વિચાર કરતો રહે ત્યાં સુધી તે પરમાત્માના ધર્મની આરાધના કરે છે.

**'ભાવસચ્ચેણં'** એટલે 'ભાવોની સત્યતા'.

ભાવસત્યતા એટલે આત્મા ભાવોથી પરમાત્મા જેવા ભાવો કરવા લાગે છે.

રહેવું સંસારમાં, પણ જીવવું ભગવાનની જેમ, તેને કહેવાય 'ભાવ સત્યતા' !

સંસારને પણ ભગવાનની આંખે જોવો તેને કહેવાય 'ભાવસત્યતા' !

સંસારને ભગવાનની જેમ સાંભળવો તેને કહેવાય 'ભાવ સત્યતા' !

આત્મા આત્માને સાંભળવા લાગે, આત્માના ભાવમાં રહેવા લાગે ત્યારે આત્માથી 'પર' છે તે બધું છૂટતું જાય છે.

બકરીના ટોળાની વચ્ચે સિંહનું બચ્ચુ હતું ત્યાં સુધી તે સિંહનું બચ્ચું ઘાસ ખાતું હતું, બકરીની જેમ બેં બેં કરતું હતું. તેમની જેમ ધીમે ધીમે ચાલતું હતું, તેઓની રીતે જોતું પણ હતું, પણ જેવો તેણે સિંહનો અવાજ સાંભળ્યો, સિંહની ત્રાડ સાંભળી એટલે તરત તેને મનમાં થયું કે આવું મેં ક્યાંક સાંભળેલું છે, આવું મેં ક્યાંક અનુભવ્યું છે. જેવી બીજી ત્રાડ સાંભળી એટલે તેણે પણ ત્રાડ પાડી અને મનમાં થયું હું બેં બેં કરવાવાળો નથી.

હવે તે બકરીની જેમ ચાલશે કે સિંહની જેમ ચાલશે ? બકરીની જેમ બોલશે કે સિંહની જેમ ત્રાડ નાંખશે ? હવે તે ભરવાડના ઘરમાં રહેશે કે જંગલમાં રહેશે ?

આત્મા જ્યારે આત્માના અવાજને સાંભળે અને આત્માના ભાવમાં રહેવા લાગે ત્યારે શું થાય છે ?

આત્માથી જેટલું પર છે તેની વિશુદ્ધિ થતી જાય છે.

વિશુદ્ધિ થવાથી શું થાય છે ?

તે આરાધક બની જાય છે !

આરાધક થવાથી શું થાય છે ?

આરાધક થવાથી આરાધક મૃત્યુ મળે ! તેનો નિયમ છે કે તે પછીનું એક પણ મૃત્યુ વિરાધક્નું ન હોય. એક વખત આરાધકનું મૃત્યુ મળી ગયું તો પછી મૃત્યુ ન મળે અને મૃત્યુ મળે તો વિરાધક ન મળે !

એક વખત આરાધક મૃત્યુ મળી ગયું તે પછીના બધા મૃત્યુ યા તો તે આરાધક હોય યા તો તે મૃત્યુનું મૃત્યુ કરી દે તેવા હોય.

ભાવોની વિશુદ્ધિ કરવાથી શું થાય ?

આરાધક્પણાનું મૃત્યુ મળે છે !

આરાધકપણાનું મૃત્યુ એટલે શું ?

જે આત્મા પોતાના આત્માને પામે તેને સમ્યક્ દર્શનની પ્રાપ્તિ થાય છે અને સમ્યક્ દર્શનની પ્રાપ્તિમાં આવતા ભવનું આયુષ્ય બાંધનાર વ્યક્તિને આરાધક કહેવાય છે. જે આત્મા પોતાના આત્માને પામે તેને સમ્યક્દર્શની' કહેવાય છે અને સમ્યક્દર્શની આવતા ભવનું આયુષ્ય બાંધે તેને આરાધક કહેવાય છે.

અહીંયાથી મૃત્યુ પામીને આપણે ક્યાં જવાનું છે ?

પરમાત્માનો ધર્મ ગમી ગયો હોય તે મૃત્યુ પહેલા જ પોતાનુંઆયુષ્ય બાંધી લે !

આવતા ભવનું આયુષ્ય નક્કી કરવું તેને આયુષ્ય બાંધવું કહેવાય છે.

આયુષ્ય ક્યારે બંધાય ?

પરમાત્મા કહે છે કે પોતાના આયુષ્યનો ૧/૩ ભાગ બાકી રહ્યો હોય ત્યારે આયુષ્ય બંધાય. તે સમયે સમ્યક્ દર્શન હોય તો તેનો નિયમ છે કે તે આત્મા નરકમાં જાય નહીં. ભવનપતિ, વ્યંતર, કે જ્યોતિષી દેવલોકમાં પણ જાય નહીં. એકેન્દ્રિય, બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચૌરેન્દ્રિય કે અસંજ્ઞી પંચેન્દ્રિય બને નહીં, તિર્યંચ પંચેન્દ્રિય બને નહીં ,બને તો બે વસ્તુ બને. યા તે વૈમાનિક દેવલોકમાં જાય અને દેવલોકવાળા આયુષ્ય બાંધે તો તેઓ મનુષ્યમાં જાય એ સિવાય બીજે ક્યાંય જતાં નથી. આ બે સિવાય બાકી બધી ગતિ બંધ!

તમને કાગડાને જોઈને એવો વિચાર આવ્યો કે કાગડો ઉકરડામાં બેઠો હોય, મરેલા ઉંદરમાં ચાંચ નાંખતો હોય, તે ઉંદરને ફોલી ફોલીને ખાતો હોય. આ જોયા પછી તે ભવ કરવાનું મન થાય ?

સમકિતી મનુષ્યમાંથી મનુષ્ય થઈ શકે, પણ સમકિતમાં આયુષ્યને બાંધવાવાળો મનુષ્ય મનુષ્ય ન થઈ શકે ! સમકિત અવસ્થામાં મૃત્યુ પામનાર વ્યક્તિ હજી મનુષ્ય બની શકે, પણ સમકિત અવસ્થામાં આયુષ્ય બાંધનાર વ્યક્તિ દેવલોકનું જ આયુષ્ય બાંધે છે. પણ સમકિતની અવસ્થામાં રહેલો દેવ આયુષ્ય બાંધે તો નરકનું બાંધે ? ના !

તિર્યંચનું બાંધે ? ના !

એકેન્દ્રિયનું બાંધે ? ના !

પંચેન્દ્રિયનું બાંધે અને પંચેન્દ્રિયમાં પણ માત્ર મનુષ્યનું જ બાંધે છે. બીજા કોઈનું બાંધતો નથી !

આરાધક કોને કહેવાય ? સમકિત અવસ્થામાં આયુષ્ય બાંધનાર વ્યક્તિ મૃત્યુ પામે ત્યારે અંતિમ અવસ્થામાં પણ સમ્યક્ દર્શન અવશ્ય થાય છે અને મૃત્યુ પામ્યા પછી પણ જ્યાં જાય ત્યાં તેને સમ્યક્ દર્શનની જ અવસ્થા મળે જ છે. એક વખત સમ્યક્ દર્શન અવસ્થામાં આયુષ્ય બાંધનારી વ્યક્તિ મોડામાં મોડું ૧૫મા ભવે તો નિશ્ચિતપણે મોક્ષમાં જાય જ છે !

આત્મા જ્યારે આત્માને પામે, સમ્યક્દર્શનને પામે, સમકિત અવસ્થાને પામે, પછી આત્માને 'પર' વ્યક્તિ ગમતી નથી, 'પર' વસ્તુ ગમતી નથી અને આત્માને કામ લાગે તેવા દેવ, ગુરુ અને ધર્મ સિવાય બીજા કોઈ માટેની લાગણી રહેતી નથી. સંસારમાં બીજું કોઈ ગમતું નથી. આપણને ગમતું હોય ત્યાં આપણે રહેતા હોઈએ,આપણને ન ગમતું હોય ત્યાંથી આપણે જતા રહીએ!

**'भावसच्चेणं परलोगधम्मस्स आराहए भवइ'** ।

એક વખત જેનો આત્મા પોતાના ભાવની વિશુદ્ધિ કરે તે પરલોકમાં જાય તો પણ આરાધક બને છે. **'परलोगधम्मस्स आराहए भवइ'** !

અન્ય ક્ષેત્રમાં જન્મ લીધા પછી પણ તેને અવશ્ય દેવ મળે, ગુરુ મળે અને ધર્મ મળે અને આવતા ભવમાં પણ તે સમ્યક્ દર્શન અવસ્થામાં મૃત્યુ પામે!

એક વખત સમ્યક્દર્શનની અવસ્થામાં આયુષ્ય બાંધવાનો આટલો મોટો લાભ છે.

માટે જ આપણે ત્યાં બીજ, પાંચમ, આઠમ, અગિયારશ, ચૌદશ અને પાખીના દિવસે ત્યાગ, વૈરાગ્ય, અને લીલોતરી ન ખાવી , રાત્રિ ભોજન ન કરવું કે બ્રહ્મચર્ય પાળવું આ બધું કહેવાય છે. કેમકે તે અવસ્થામાં જ આપણું આયુષ્ય બંધાતું હોય અને ભૂલેચૂકે પણ જો તે દિવસે આપણે પાપ કરતા થઈ ગયા કે પાપમાં રહી ગયા તો ફરી પાછા આપણે કેટલાય ભવ કરવા પડશે. તે દિવસે આપણે ધર્મભાવમાં રહ્યા તો કમસે કમ આયુષ્ય બંધાય અને ૧૫માં ભવમાં તો આપણો મોક્ષ નક્કી થાય !

આજે સવારે રોડ ઉપર જતો હતો ત્યારે રસ્તામાં કેટલી બધી નાની નાની માછલીઓ હતી.લાલ લાલ ગુલાબી જેવી હતી અને બધી બિચારી મરી ગઈ હતી . માછલીનો તે ભવ તેને કેમ કરવો પડ્યો હશે ? તે માછલીઓને પાણીમાં જાળ નાખીને બહાર કાઢી હશે અને પાણી વગર તે તરફડતી હશે ત્યારે તેને કેટલી વેદના થતી હશે ? પાણીમાં જવાનું તેને કેટલું બધું મન થતું હશે ? તેને તો અંતે તરફડી તરફડીને મરી જવાનું હતું. આવો માછલીનો ભવ!

પેલી બિલાડી રોજ અહીં આંટા મારે અને કાંઈકને કાંઈક પકડી લાવે. કોઈ દિવસ ચકલી પકડી લાવે તો કોઈ દિવસ ઉંદર ! તેનો ભવ કેવો ભયંકર ભવ !

જેટલા પ્રાણીઓ રસ્તા પર દેખાય છે તે બધાના ભવ કેવા ?

ભયંકર ભવ !

એવો ભવ આપણે ન જોઈતો હોય તો આ ભવની અંદર ભાવની વિશુદ્ધિ કરી

લો ! દ્રવ્યની વિશુદ્ધિ થાય કે ન થાય ભાવની વિશુધ્ધિ કરી લો !

એમ વિચારવાનું કે દ્રવ્યની વિશુદ્ધિ થાય કે ન થાય મારે મારા આત્માના ભાવોની વિશુદ્ધિ કરવી છે. કદાચ હું સંસાર ન છોડી શકું પણ મારે મનથી તો સંસારને છોડવો છે.

સંસાર છોડવો હોય તો છૂટયા વગર રહે નહીં પણ તે ન છૂટે તો આ ભવ તો છૂટી જ જવાનો છે ! અને આ ભવ છૂટયા પછી કાંઈ ખબર નથી કે કયારે ભગવાન મળશે ? કયારે ભગવાનના શાસ્ત્રો મળશે? કયારે ભગવાનના અણગારો મળશે ? કયારે સંતો મળશે ? કયારે તેમનું જ્ઞાન મળશે અને કયારે ફરી પાછી આપણને મુહપતી બાંધવાનું મન થશે ?

આ ભવ છૂટે તે પહેલાં મારે જેટલા પરભાવ છે તેને છોડવા છે. આ ભવ છૂટે તે પહેલાં મારે મારા ભાવની વિશુદ્ધિ કરવી છે. ભાવની વિશુદ્ધિ થાય એટલે ભવની વિશુદ્ધિ થયા વગર રહે નહીં.

ભવની વિશુદ્ધિ એટલે શું ?

ભવની વિશુદ્ધિ એટલે તિર્યંચમાં ભવ નહીં લેવાનો, નારકીમાં ભવ નહીં લેવાનો, બિલાડી, કાગડામાં ભવ નહીં લેવાનો, પ્રાણીરૂપે જન્મ નહીં લેવાનો. માણસ તરીકે પણ આદિવાસીમાં જન્મ નહીં લેવાનો અને INDIA માં જન્મ લીધા પછી જૈનમાં જ જન્મ લેવાનો તે છે ભવની વિશુતદ્ધ !

જૈનમાં જન્મ લીધા પછી ધર્મ કરવાનો ભાવ જન્મે તેને કહેવાય છે ભવની વિશુદ્ધિ અને આવું આપણાથી ન થયું તો ? અને તે ન મળ્યું તો?

એક જગાએ વિહાર કરીને અમે જતા હતા ત્યારે એક સાપ એક ઉંદરડો ખાતો હતો. સાપે ઉંદર ખાઈ તો લીધો પણ બિચારાથી એ અંદર જતો ન હતો. તે બહાર તરફડતો હતો અને અંદરનો ઉંદર હજી મર્યો ન હતો. અંદરથી ચીં ચીં અવાજ આવતો હતો. સાપ પછડાતો હતો પણ ઉંદર બહાર નીકળતો ન હતો. સાપ બિચારો એટલો

તરફડતો હતો કે આપણને કંપારી થયા વગર રહે નહીં. હે ભગવાન ! મારે આવો ભવ જોઇતો નથી !

હું મારા ભાવની વિશુદ્ધિ કરી લઉ તો મારા ભવની વિશુદ્ધિ થયા વગર રહેશે નહીં અને તે થશે તો મારે આવા ખરાબ ભવ કરવા નહીં પડે. અહીંયાં ઈર્ષા, નિંદા, ખટપટ, અદેખાઈ કરી કરીને ફરી પાછો મારો જન્મ કયાં થશે?

જગતના જેટલા પ્રાણી જોવા મળશે તેમાંના મોટા ભાગના પ્રાણીની અંદર કાંઈક ને કાંઈક કુવૃત્તિ જોવા મળશે.

ગરોળી તો છેતરીને ખાઈ લેશે. કૂતરું પોતાની શેરીની અંદર કોઈને આવવા નહીં દે, કાગડો તો ગમે તેવી અશુચિની અંદર ચાંચ નાખ્યા વગર રહેશે નહીં. જગતના જેટલા પ્રાણી છે તે બધામાં આપણને કુવૃત્તિ દેખાશે અને કુવૃતિને કારણે જ તેને તેવો જન્મ મળ્યો છે. કુવૃત્તિ એટલે ભાવની અશુદ્ધિ. હું ભાવની શુદ્ધિ કરી લઈશ તો મારે તેવો કોઈ ભવ લેવો પડશે નહીં. તમે કોઈ દિવસ કલ્પના કરી છે કે અહીંથી મૃત્યુ પામ્યા પછી ગરોળી બન્યા તો શું થશે ?

ગરોળીને તમે કોઈ દિવસ શિકારની નજીકમાં જતાં જોઈ છે ? હળવે હળવે એક એક ડગલું આગળ વધશે. મચ્છર બેઠું હશે તેની નજીકમાં તે કયારે પહોંચશે તે ખબર પડશે નહીં. હળવે હળવે જઈને છેલ્લે તરાપ મારશે. એમ ઘણાં બધા લોકોનાં મન, વિચાર અને માનસ એવા હોય કે સામેવાળાને ખબર જ ન પડવા દે એટલા નજીકમાં જાય અને કયારે તેને હલાલ કરી નાંખે તે કહેવાય નહીં આવા વિચારવાળી, સામેવાળાનું અહિત કરનારી વ્યક્તિ જ ભવિષ્યમાં ગરોળી તરીકે જન્મ લેતી હોય છે.

આપણે હિત ન કરી શકીએ તો કાંઈ નહીં આપણે કોઈનું અહિત કોઈ દિવસ વિચારવું નથી અને કરવું પણ નથી.

હું મારા ભાવોની વિશુદ્ધિ કરીશ તો ભવિષ્યમાં મને ખરાબ ભાવ આવવાનો નથી. દ્રવ્યમાં ફેરફાર કરનારી વ્યક્તિનું દ્રવ્ય અત્યારે સુધરે પછી પાછું બગડયા વગર

રહેતું નથી. આજે ઉપવાસ કરવાવાળી વ્યક્તિને આવતીકાલે દાળ - ભાત, રોટલી ખાવાનું મન થયા વગર રહેતું નથી.

તો આજે ઉપવાસ કરીને તેણે જમવાનું છોડયું છે, તરછોડયું નથી.

છોડવું અને તરછોડવું બન્નેમાં ફેર શો ?

આત્મા છોડે એટલે વસ્તુને છોડે છે જ્યારે તરછોડવું બે પ્રકારે થાય છે.

એક તો આવેગથી થાય છે અને એક સંવેગથી થાય છે.

આહારને છોડયો ખરો, પણ એક દિવસ પૂરતો. બીજે દિવસે તો પાણીપૂરી ખાવાની જ છે. એટલે આજે છોડયું છે, પણ તરછોડયું નથી. કેમ?

તેને ઉપવાસ કરવો છે તેનો વિચાર આવ્યો, પણ ખાવું નથી તેવો વિચાર આવ્યો નથી.

ભાવોની વિશુદ્ધિ કરનારી વ્યક્તિ શું કરે ?

તે છોડે તો ખરો અને તરછોડે પણ ખરો !

ભાવોની વિશુદ્ધિ એટલે શું ?

માત્ર જમવાનું જ નહીં, જમવાના વિચારને પણ છોડી દેવાના!

આત્મા જ્યારે આત્માને પામે છે ત્યારે પરને છોડવાનો વિચાર કરે છ,તેને કહેવાય છે વૈરાગ્ય.

છોડવું તે ત્યાગ છે અને તરછોડવું તે વૈરાગ્ય છે.

છોડવું અને તરછોડવું, તર છોડવું એટલે કાયમ માટે છોડવું !

કાયમ માટે જે છૂટે તેને 'વૈરાગ્ય' કહેવાય છે. ક્ષણિક માટે છૂટે તેને ત્યાગ કહે છે !

ત્યાગ કરતાં વૈરાગ્યની કિંમત અનેકગણી વધારે છે.

જમે છે આખું જગત, પણ જમતાં માત્ર જૈનને જ આવડે છે.

શું ખાવું ? શું ન ખાવું ? કેટલું ખાવું ? કેટલું ન ખાવું ? કયારે ખાવું? કયારે

ન ખાવું ? તે માત્ર જૈનને જ આવડે છે.

ભાવોની વિશુદ્ધિ એટલે ભેંસનું ચોખ્ખુ ઘી અને દ્રવ્યની વિશુદ્ધિ એટલે ચોખ્ખી ભેંસનું ઘી !

દ્રવ્યની શુદ્ધિ હોય કે ન હોય, પણ ભાવોની શુદ્ધિ હોય તો વ્યક્તિ આરાધક બન્યા વગર રહે નહીં. એક વખત આરાધક બને તેના બધા જ ભવો આરાધકપણાના હોય છે.

પરમાત્માની આજ્ઞા પ્રમાણે જીવન પસાર કર્યા પછી પરમાત્માની આજ્ઞા પ્રમાણેનું મૃત્યુ મળે તેને 'આરાધક મૃત્યુ' અને આરાધક જીવન કહેવાય છે.

પરમાત્માની આજ્ઞા એટલે શું ?

આત્મા આત્માને પામે તેને પરમાત્માની આજ્ઞા કહેવાય છે.

હું મારો થાઉં છું ત્યારે મારા મૃત્યુને આરાધક મૃત્યુ કહેવાય છે. આત્મા આત્મભાવોની અંદર આવતા ભવનું આયુષ્ય બાંધે છે તેને કહેવાય છે કે સમ્યક્ દર્શન અવસ્થામાં આયુષ્યનો બંધ અને તેનાથી જે મૃત્યુ મળે છે તેને કહેવાય 'આરાધક મૃત્યુ' !

આપણા ભાવોની વિશુદ્ધિ કરતાં કરતાં આપણને ભવ વિશુદ્ધિ મળે તેના સિવાય કાંઈ જોઈતું જ નથી. જેની ભવ વિશુદ્ધિ થઈ ગઈ તેને ભગવાન મળ્યા વગર રહેતા નથી અને ભગવાન મળી ગયા પછી જગતમાંથી તેને કાંઈ જોઈતું જ નથી.

જો જીવાત્મા જાગશે અને એ ભાવોની વિશુદ્ધિ કરશે તો, અવશ્ય સિદ્ધિ મળ્યા વગર રહેશે નહિ.

એકાવનમો બોલ

# સુયોગ્ય ઉપયોગ સાધનના

## કરણ સત્ય

करण–सच्चेणं भंते ! जीवे किं जणयइ ?
करण–सच्चेणं करणसत्तिं जणयइ । करणसच्चे वट्टमाणे जीवे
जहावाई तहाकारी यावि भवइ ।

આગમમાં વાત આવી છે કે કોઈ પણ વ્યક્તિ વચનસિદ્ધ કેવી રીતે બની શકે ?

તમે જે બોલો, સહજતાથી બોલી જાવ, તમારા મોઢામાંથી નીકળી જાય અને તેમ જ બને તેમાં કાંઈ ફેરફાર ન થાય તેને કહેવાય છે વચન સિધ્ધ વ્યક્તિ.

તે જે બોલે, જ્યારે બોલે અને જેમ બોલે તેમ જ થાય તેમાં કાંઈ ફરક પડે નહીં. તેવા પ્રકારની વચનસિદ્ધિની પ્રાપ્તિ જીવને કેવી રીતે થાય છે ?

આગમમાં એની વાત છે.

વચનસિદ્ધિની પ્રાપ્તિ કેવી રીતે થાય છે ?

સપનામાં પણ ખોટું બોલવાનો વિચાર ન કરતી હોય તેવી વ્યક્તિને વચનસિદ્ધિ મળે છે..

વચનસિદ્ધિ માટે તેને કોઈ લબ્ધિ મેળવવાની જરૂર નથી, બીજા કોઈ પ્રયોગ કરવાની જરૂર નથી, બીજી કોઈ તપસ્યા કરવાની જરૂર નથી.

તપસ્યાથી કયારેય વચનસિદ્ધિ મળતી નથી. વચનસિદ્ધિ મન, વચન અને કાયાની સત્યતાથી મળે છે.

**करणसत्ति** એટલે શું ?

**करणसत्ति** એટલે સત્ય ક્રિયા કરવાની શક્તિ !

કરણ એટલે શું ?

કરણ એટલે મન, વચન અને કાયાથી જે પ્રવૃત્તિ થઈ શકે તે પ્રવૃતિ કરવા માટેનો ભાવ.

(૧) મનથી કોઈ પણ કામ થાય છે.

(૨) વચનથી કોઈ પણ કામ થાય છે.

(૩) કાયાથી કોઈ પણ કામ થાય છે.

(૧) મનથી કોઈની પાસે કામ કરાવી શકાય છે.

(૨) વચનથી કોઈની પાસે કામ કરાવી શકાય છે.

(૩) કાયાથી કોઈની પાસે કામ કરાવી શકાય છે.

મનથી કોઈ પણ કાર્યની આપણે અનુમોદના કરી શકીએ છીએ.

મનથી અનુમોદના કોને કહેવાય ?

બોલીને આપણે કહીએ કે બહુ સારુ થયું તો એને અનુમોદના કહેવાય.

પણ મનથી અનુમોદના કોને કહેવાય ?

મનથી અનુમોદના એટલે મનનો ગમો.

સંસાર પ્રત્યે ગમાનો ભાવ તે મનની અનુમોદના છે અને સંયમ પ્રત્યેનો અણગમાનો ભાવ તે પણ સંસારની અનુમોદનાનો ભાવ છે.

મનથી કાર્ય થાય છે, મનથી કાર્ય કરાવાય છે અને મનથી કાર્યની અનુમોદના પણ થાય છે.

અહીંયા બેઠા બેઠા પણ તમારા આખા વિચારોને ફેરવી શકાય છે.

તમારા વિચારોને ફેરવીને અમારા ધાર્યા પ્રમાણે તમે કરતા થઈ જાવ તેને કહેવાય મનથી કરાવ્યું.

કેમ કે મનથી આપણે કરીએ તે સમજી શકાય છે. મનથી આપણે અનુમોદના કરીએ તે સમજી શકાય છે.

મનથી કરાવવું કેમ ?  મનથી આપણે પાપ કરી શકીએ પણ મનથી પાપ કરાવી કેમ શકાય ?

કરણ એટલે કરવું, કરાવવું અને અનુમોદવું.

કરવું, કરાવવું અને અનુમોદવું મનથી, વચનથી, કે કાયાથી થાય છે.

મનથી કરવું, મનથી કરાવવું અને મનથી અનુમોદવું.

કરવું એ તો સમજી શકાય કે આપણે મનથી પાપ કર્યા.

અનુમોદવું એટલે કોઈક કાંઈ પાપ કરતું હોય તેને સારું માનવું.

પણ મનથી પાપ કરાવી કેમ શકાય ?

તમે કેટલાય વર્ષોથી સામાયિક બાંધો છો અને દર વખતે પચ્ચ્ખાણ લો છો,

**करेमि भंते ! सामाइयं सावज्जं, जोगं पच्चक्खामि जाव नियमं पज्जुवासामि दुविहं तिविहेणं न करेमि न कारवेमि मणसा वयसा कायसा**

એટલે શું ?

ન કરેમિ - હું કરીશ નહીં.

ન કારવેમિ - હું કરાવીશ નહીં.

મનથી, વચનથી અને કાયાથી.

તમે પચ્ચક્ખાણ લ્યો છો કે હું મનથી,વચનથી અને કાયાથી કોઈની પાસે પાપ કરીશ નહીં અને કોઈની પાસે પાપ કરાવીશ નહીં.

મનથી પાપ કરીશ નહીં, મનથી પાપ કરાવીશ નહીં.

વચનથી પાપ કરીશ નહીં, વચનથી પાપ કરાવીશ નહીં.

કાયાથી પાપ કરીશ નહીં, કાયાથી પાપ કરાવીશ નહીં.

આને કહેવાય છ કોટિના પચ્ચક્ખાણ.

**दुविहं तिविहेणं**

બે કરણ અને ત્રણ યોગથી.

બે કરણ એટલે કરવું અને કરાવવું.

ત્રણ યોગથી એટલે શું ? મન, વચન, અને કાયાથી.

મનથી તમે પાપ કરો એટલે  ખરાબ વિચાર કરો, જે કાંઈ વિચાર કરો અને વિચાર દ્વારા જે પાપ બંધાય તેને કહેવાય મનથી વિચાર કર્યા અને મનથી પાપ કર્યું.મનથી કોઈ પાપ કરતું હોય તેને સારું માનીએ તો તેના પાપને પણ અનુમોદના કરી એમ કહેવાય.

મનથી પાપ કરાવવું નહીં એટલે ,તમે રસ્તામાં ચાલ્યા જતા હો અને કોઈ વ્યક્તિ આગળ આગળ ચાલી જતી હોય અને તમને ખબર પડે કે તે જાણીતી વ્યક્તિ છે અને તમે વિચારો કે આ તે જ વ્યક્તિ લાગે છે અને તેણે ફરીને તમારી સામે આવીને જોવું પડે.

એટલે કે તમે તમારા મનથી તેની પાસે મોઢું ફેરવાવ્યું.

તેમ સામેવાળી વ્યક્તિને તમારા વિચારોના force થી તેની પાસે કોઈ પણ

પ્રક્રિયા કરાવવી તેને કહેવાય છે મનથી પાપ કરાવવું.

ગુરુનું કામ હોય છે કે મનોમન તમારામાં સ્ફૂરણા કરાવે અને તમારી પાસે ધર્મધ્યાન કરાવે.

અધર્મ વ્યક્તિ તેના મનના force થી સામેવાળી વ્યક્તિને અધર્મ તરફ લઈ જાય.

સામેવાળી વ્યક્તિને મનના વિચારોના force થી અધર્મ તરફ લઈ જવી તેને કહેવાય મનથી પાપ કરાવવું.

મનને આપણે એક force ની તરફ વાળીએ, કોઈ વસ્તુ, વ્યક્તિ કે વાતાવરણની તરફ વાળીએ છીએ ત્યારે તે વસ્તુ, તે વ્યક્તિ, તે વાતાવરણની ઉપર પણ તેની અસર થયા વગર રહેતી નથી.તે વસ્તુ, તે વ્યક્તિ અને તે વાતાવરણ ઉપર આપણા વિચારોની અસર થઈ એટલે તમે તેની પાસે મનથી પાપ કરાવ્યું.

કોઈ પણ સંતના સાનિધ્યમાં આવવાથી કોઈના વિચારોમાં શુભતા આવે તો તેને કહેવાય કે તે સંતે મનથી તેની પાસે ધર્મધ્યાન કરાવ્યું.

ધર્મના પ્રકાર નવ છે તો અધર્મના પ્રકાર પણ ૯ છે.

મનથી પાપ કરવું, મનથી પાપ કરાવવું,

મનથી પાપને અનુમોદવું,

વચનથી પાપને કરવું, વચનથી પાપને કરાવવું,

વચનથી પાપને અનુમોદવું.

કાયાથી પાપને કરવું, કાયાથી પાપને કરાવવું અને

કાયાથી પાપની અનુમોદના કરવી.

આ નવ પ્રકાર અધર્મના છે.

જેટલાં સ્થાન પાપ કરવાના હોય તેટલાં સ્થાન ધર્મ કરવાના હોય છે અને જેટલાં સ્થાન ધર્મ કરવાના હોય તેટલાં જ સ્થાન પાપ કરવાના હોય છે.

તમે મનથી પાપ પણ કરી શકો અને ધર્મધ્યાન પણ કરી શકો.

ધર્મનું કારણ છે તે જ પાપનું કારણ છે અને પાપનું કારણ છે તે જ ધર્મનું કારણ છે.

કોઈ પણ વ્યક્તિ સદ્‌ગુણોમાં આવે ત્યારે તેનું આવર્તન બંધ પણ થઈ શકે છે અને વ્યક્તિ આવર્તનમાં જાય ત્યારે તેના સદ્‌ગુણો બંધ પણ થઈ શકે છે.

કોઈ પણ વ્યક્તિ ધર્મના ક્ષેત્રે કે અધર્મના ક્ષેત્રે, ધર્મને લગતાં ઉપકરણો કે અધર્મને લગતા ઉપકરણો સમ્યક્ રૂપે વાપરે છે તો ધર્મ થાય છે અને અસમ્યક્‌રૂપે વાપરે તો અધર્મ થાય છે.

તમે મનને યોગ્ય દિશામાં વાળો તો મનથી તમે ધર્મધ્યાન કરી શકો છો.મનને અયોગ્ય દિશામાં વાળો તો મનથી તમે અધર્મ કરી રહ્યા છો.

કરણ એટલે કાર્ય કરવાની યોગ્ય શક્તિ.

ઘણાનું મન સંસારમાં ન ચાલતું હોય પણ ધર્મના ક્ષેત્રમાં ડબલ ચાલતું હોય છે.

મનના, વચનના અને કાયાના આ સાધનને યોગ્ય રીતે વાપરવું તેને કહેવાય છે કરણ સત્યતા.

મનના, વચનના અને કાયાના આ સાધનને સુયોગ્ય રીતે વાપરવું તેને કહેવાય છે કરણની સત્યતા.

મનના, વચનના અને કાયાના સાધનને સાચી રીતે વાપરવું તેને કહેવાય છે કરણની સત્યતા અને તે સાચી રીતે વપરાય ત્યારે શું થાય?

તમારી જીભ સાચું જ બોલતી હોય તો શું થાય ?

આગમમાં તેના માટે શબ્દ આવ્યો છે

**करणसच्चे वट्टमाणे जीवे जहावाई तहाकारी यावि भवइ।**

કરણની સત્યતાવાળો જીવ બોલે તેવું જ કરે છે અને કરે તેવું જ બોલે છે.

આનો બીજો meaning એ થાય કે માનો કે તેનાથી કાંઈ પણ બોલાઈ ગયું

તો તેને લગતા બધાં સંજોગો તેની મેળે ઘડાવા લાગે છે.આપણા મુખમાંથી બોલાઈ ગયું કે મારે આજે આ ભાઈને મળવું છે. તો સામે ચાલીને તે ભાઈને તેવા વિચાર આવવા લાગે કે આપણે તેને મળી આવીએ તો સારી વાત છે.

કરણની સત્યતા હોય તો આપણા પ્રત્યેક વિચાર પ્રમાણે બધું ગોઠવાતું લાગે.

વચનની સત્યતા હોય તો આપણા શબ્દો પ્રમાણે બધું ગોઠવાવા લાગે. વાતે વાતે ખોટું બોલતો હોય અને વાતે વાતે ખોટું કરતો હોય તેની કયારેય કરણ સત્યતા ન હોઈ શકે.

આવી વ્યક્તિ પછી કહે, કે મહારાજ સાહેબ! બહુ મહેનત કરી, બહુ પ્રયત્નો કર્યા, સાહેબને સમજાવ્યા, પણ કોને ખબર કયાં અટકે છે કે કામ થતું જ નથી.

સત્યવાન હોય તેનું કયાંય અટકતું નથી અને અસત્યવાદીનું અટકયા વગર રહેતું નથી.

સાચું બોલવાવાળી વ્યક્તિ દરેક ક્ષેત્રમાં સફળ થાય છે,ખોટું બોલવાવાળી વ્યક્તિ કદાચ આજે સફળ થાય, પણ આવતીકાલે નિષ્ફળ થાય છે.

સામેવાળી વ્યક્તિ તમે બોલ્યા અને તેમ જ કરવા લાગી. કેમ કરવા લાગી ?

તમે સત્યવાદી છો માટે !

સત્યવાદી વ્યક્તિને જ આદેય નામ કર્મ બંધાય છે.

જેવું બોલે તેવું થાય, જ્યારે બોલે ત્યારે થાય તેને આદેય નામ કર્મ કહેવાય.

**करण–सच्चेणं** એટલે,

આપણે સત્યવાદી રહેવું, સ્પષ્ટવાદી રહેવું, જે બન્યું છે તે જ વાત કરવી. આગળ કે પાછળ શું થયું હતું કે શું થયું નહોતું તેની સાથે આપણને નિસ્બત નથી.

મન, વચન અને કાયા સાચું બોલે, સાચું કરે અને સાચું વિચારે ત્યારે તે વ્યક્તિને વચનસિદ્ધિની પ્રાપ્તિ થાય છે.

જેવું બોલે છે તેવું કરે છે.

જેવું બોલે છે તેવું થાય છે તેને કહેવાય છે કરણ સત્યતા.

કરણની સત્યતાથી વ્યક્તિને ભવિષ્યમાં કરણ મળે છે એટલે શું ?

ઘણાને જીભ મળે છે, પણ તેઓ બોલી શકતા નથી.

ઘણાને કાન મળે છે, પણ તેઓ સાંભળી શકતા નથી.

ઘણાને આંખ મળે છે, પણ તેઓ જોઈ શકતા નથી.

ઘણાને નાક મળે છે પણ સુગંધની ખબર પડતી નથી.

ઘણાને જીભ મળે છે પણ સ્વાદની ખબર પડતી નથી.

કેમ કે જેણે કરણનો દુરુપયોગ કર્યો હોય તેને કરણની પ્રાપ્તિ થતી નથી.

કરણ એટલે મનને વાપરી શકાય, મનથી વિચારી શકાય, આંખથી જોઈ શકાય, કાનથી સાંભળી શકાય તેવા પ્રકારનો યોગ.

જેણે કરણનો યોગ્ય ઉપયોગ કર્યો હોય તેનેજ ભવિષ્યમાં કરણ મળે છે અને તેનો ઉપયોગ કરી શકે છે.

જેણે કરણનો દુરુપયોગ કર્યો છે તેને ભવિષ્યમાં કરણ મળતું નથી.

કરણ એટલે આંખ મળ્યા પછી જોવાની શક્તિ, કાન મળ્યા પછી સાંભળવાની શક્તિ,મન મળ્યા પછી વિચારવાની શક્તિ,મગજ મળ્યા પછી તેમાંથી વિચારી શકાય તેવી શક્તિ, કંઠ મળ્યા પછી બોલવાની શક્તિ.

આંખ અને આંખને વાપરવાની શક્તિ તે બે વસ્તુ અલગ છે.

આંખ મળવી તે યોગ છે અને આંખને વાપરવી તે કરણ છે.

સાચી દિશામાં વાપરવાથી જ આપણને તેની પ્રાપ્તિ થાય છે. સાચી દિશામાં ન વાપરીએ તો તે સારી રીતે વાપરી શકાય તેવું કરણ આપણને મળતું નથી.

વચન સિદ્ધિ કોને મળે છે.

આપણે કહીએ કે ગુરુદેવે આમ કહ્યું ને આમ થઈ ગયું. મહારાજ સાહેબે

આમ કહ્યું અને આમ થઈ ગયું. મહાસતીજીએ આમ કહ્યું ને આમ થઈ ગયું.

આમ કેમ થયું ?

મનથી ખોટું વિચારતા નથી, વચનથી ખોટું બોલતા નથી અને કાયાથી ખોટું કરતા નથી તેને વચનસિદ્ધિ સહજ હોય છે એને તે મેળવવી પડતી નથી.

ઘણી વખત એવું થાય કે આપણે કોઈ પણ કાર્ય હાથમાં લઈએ તો તેને ગોઠવતાં ગોઠવતાં આપણને દિવસોના દિવસો થઈ જાય અને ઘણી વખત કોઈ કાર્ય હાથમાં લઈએ અને બધું કામ તેની મેળે ગોઠવાવા લાગે અને જોતજોતાંમાં કામ બધું પૂરુ થઈ જાય.

કેમ તેવું થયું ?

તમારી કરણની સત્યતા હોય ત્યારે કામ ગોઠવાઈ જાય છે, તેને ગોઠવવું પડતું નથી.

અને કરણની સત્યતા નથી હોતી ત્યારે બધા જ કામને ગોઠવતાં ગોઠવતાં વાર પણ લાગે છે અને છતાં પણ તે ગોઠવાતું નથી.

એટલે બોધ એટલો જ છે મન મળ્યું છે તો સાચી દિશામાં વાપરી લઈએ. ન વાપરતાં આવડે તો ખોટી દિશામાં વાપરવું જ નથી. મનને એમ જ રાખો તો બહુ સારું છે પણ ખોટી દિશામાં તો વાપરવું જ નથી.

આંખ મળી છે તો વાપરવી છે સાચી દિશામાં. ખોટી દિશામાં કયાંય વાપરવી નથી. કાન મળ્યા છે તો સાચી દિશામાં વાપરી લેવા છે, પણ ખોટી દિશામાં કયાંય વાપરવા નથી.

આ જેટલું પણ મળ્યું તેની દિશા સાચી હશે તો તે વારંવાર મળશે અને તેની દિશા ખોટી હશે તો ઝાડ તરીકે જન્મ મળશે. ઝાડ પાસે આંખ નથી, ઝાડ પાસે હાથ નથી.

જે હાથે ખોટું કામ થાય તે હાથપછી મળતા નથી.

બસ આટલો બોધ અંતરમાં ધરજો.

**બાવનમો બોલ**

# સાધન સિદ્ધિના માધ્યમ

## યોગ સત્ય

जोग-सच्चेणं भंते ! जीवे किं जणयइ ?

जोग-सच्चेणं जोगे विसोहेइ ।

યોગની સત્યતાથી હે ભગવાન ! જીવને શું લાભ થાય છે ?

યોગની સત્યતાથી મન વચન, કાયાની શુદ્ધિ થાય છે સત્ય પ્રવૃત્તિથી જીવ યોગોને વિશુદ્ધ કરે છે.

યોગ એટલે આત્માનું મન, વચન અને કાયા સાથે જોડાવું. કાયા જો શુદ્ધ હોય તો આત્મા પણ શુભ ભાવમાં હોય. યોગ સત્યતાવાળી વ્યક્તિ દ્રવ્ય ઉપર દ્રષ્ટિ ન રાખતાં ભાવ ઉપર દ્રષ્ટિ રાખતી હોય છે. તે રાગની વચ્ચે હોવા છતાં વિરાગી હોય છે. તેનો યોગ ભલે બીજા કાર્યમાં હોય પણ ઉપયોગ તો ધર્મમાં જ હોય.આ સમજ સાધક માટે અતિ આવશ્યક છે.

સાધક, સાધન અને સાધના તે જ સિદ્ધિના માધ્યમ છે.

ખોટ આપણી એ છે કે, આપણને નાનપણથી 'હું આત્મા છું', હું પરમાત્મા બની શકુ છું. મારે રાગ, દ્વેષ કરવા ન જોઈએ. આ બધું શીખવાડીએ છીએ પણ... સંસ્કારલક્ષી જ્ઞાન તરફ ધ્યાન આપતાં નથી.

હા ! પાયાનું આ જ્ઞાન જરૂરી છે. પણ તે રોટલી જેવું છે. જ્યારે સંસ્કારલક્ષી જ્ઞાન ખાખરા જેવું છે. જે લાંબો સમય ટકી શકે છે !

માત્ર મન, વચન, કાયાની શુદ્ધિ કરવાથી કાંઈ ન થાય. તે શુદ્ધિ ક્યાં વાપરવી તેનું પણ જ્ઞાન હોવું જોઈએ.

યોગની શુદ્ધિ સાથે કરણની શુદ્ધિ પણ જોઈએ અને કરણની શુદ્ધિ સાથે ભાવની શુદ્ધિ પણ જોઈએ.

કોને, ક્યારે કેટલી અગત્યતા આપવી તે સમજ પણ હોવી જોઈએ.

મન હંમેશાં રસ આપે છે અને રસ જ કર્મબંધનનું કારણ છે.

જેવો રસ તેવા ભાવ. અને જેવા ભાવ તેવા કર્મબંધ !

શુભ ભાવ છે હળવાં કર્મ બંધાય છે.

અશુભ ભાવ છે ચીકણાં કર્મ બંધાય છે.

સાધનાના ભાવ છે તો તે પ્રમાણે કર્મ બંધાય છે.

સાધનાના ક્ષેત્રમાં ભાવપૂર્વક જ પડવું જોઈએ. !

મન, વચન, કાયાને ધર્મમાં જોડવા જોઈએ.

મન, વચન, કાયાથી કાર્ય કરવું જોઈએ.

મન, વચન કાયાથી ભાવ કરવા જોઈએ.

કાયા મળવી તે પુણ્યનો ઉદય છે પણ કાયા દ્વારા પુરુષાર્થ કરવો તે સ્વયંના હાથની વાત છે. ઘર કે office ના કામની સાથે સાથે સદ્ગુણો ને પ્રાપ્ત કરવાનો પુરુષાર્થ અને સમયનો સીદુપયોગ અવશ્ય કરી શકીએ.

પણ શું થાય ?

આપણી કાયા સામાયિકમાં હોય અને મન હોય અમેરિકામાં વસતા દિકરા-દિકરીમાં. ?

તન હોય મુનિના વેશમાં અને મન હોય યુદ્ધના મેદાનમાં ..!!

આપણને સાધનામાં સહાયક બને તેવા જે તન અને મન મળ્યાં છે તે બીજા કોઈને નથી મળ્યાં ! પણ આપણને તેની કિંમત નથી. !

પાપમાં તન હોવું તે સંસાર છે. સંસારમાં છીએ, સંસારી છીએ એટલે કાયાથી પાપ થવાનાં - તે મજબૂરી છે.

પણ, પાપમાં મન હોવું તે મજબૂરી નથી. તે મનની નબળાઈ છે . તે ન હોવી જોઈએ.

ઈન્દ્રિયોના વિષયોની આસકિત હોય તો જ મન મજબૂર થાય.

મનની મજબૂરીનું કારણ કોઈ હોય તો તે છે લાગણી...!

લાગણી કે લાગણીનાં પાત્રો ન હોય તો મન મજબૂર થાય જ નહીં. પણ મન હોય ત્યાં લાગણી આવી જ જાય.

માટે જ, તે લાગણી ને દેવગુરુ ધર્મ પ્રત્યે વાળો,તેમનાં પ્રત્યે લાગણી વધારો..તો સંસાર પ્રત્યેની લાગણી છૂટી જશે.

સંસારની લાગણી તો સમસ્યાનું સર્જન કરે છે જ્યારે પરમાત્મા પ્રત્યેની લાગણી પરમ પદ અપાવે છે.

ગૌતમને પરમાત્મા પ્રત્યે લાગણી થાય છે અને પરમપદને પામે છે.

યોગની સત્યતા એટલે મન, વચન, કાયાની સત્યતા.મન, વચન કાયાની સત્યતા હશે તો આત્માની સત્યતા જળવાઈ રહેશે. કેમકે આત્મા મન, વચન કાયાથી જોડાયેલો છે અને આત્માની સત્યતા એટલે સિદ્ધત્વની પ્રાપ્તિ. !

સંસાર અને સંયોગોને કારણે કાયાથી અને વચનથી પાપ થઈ જાય છે.

પણ..! મનથી પાપ ન કરવું તે control તો સ્વયંના હાથમાં છે ! શાક સમારવું અને શાક બનાવવું તે ફરજ અને મજબૂરી છે અથવા જરૂરિયાત છે, પણ શાક

સુંદર સમાર્યું છે અને શાક Tasty બન્યું છે, તેવી પ્રશંસા સાંભળવાની ઈચ્છા રાખવી અથવા વખાણ સાંભળી ખુશ થવું, અહમ્ કરવો તે મનની વાત છે.તે આપણા સ્વયંની ઈચ્છા પર નિર્ભર છે.

ખોટાના હાથમાં સાચું આવી જાય તો બધું બગડી જાય. પણ સાચાનાં હાથમાં ખોટું આવી જાય તો ખોટું તો છૂટી જાય અને બધું સુધરી જાય !

યોગની સત્યતા માટે પરમાત્માનાં શરણમાં જાવ, સંસારની માયા છૂટી જશે અને ભવ સુધરી જશે.

યોગની વિશુદ્ધિ કરવી તે જ સમ્યક્ પરાક્રમ છે !

ત્રાણેનું મહત્ત્વ એક સરખું છે.

દુકાન ખોલવી જેમ જરૂરી છે, તેમ દુકાન ખોલ્યા પછી ધંધો કરવો પણ જરૂરી છે અને ધંધો કર્યા પછી નફો મેળવવો પણ તેટલો જ જરૂરી છે.

પરસેવો પાડયા વગરનો પૈસો પીડા આપ્યા વગર રહેતો નથી.

પુરુષાર્થ વગરની સાધના પણ સફળ હોતી જ નથી. તે માત્ર આભાસ હોય છે.

તે અંદરથી ખોખલી હોય છે. જેમ ખેતરમાં ઊભેલો ચાડિયો એક વ્યક્તિ ઊભી છે તેવો ભ્રમ પેદા કરે છે તેમ !

સાધનાના ક્ષેત્રમાં માત્ર ચાડિયા ચાલે જ નહીં. ખેતર અને ખેડૂત પણ જોઈએ. ખેડૂતને ખબર હોવી જોઈએ કે ખેતર કેવું છે અને તેમાં કયા પ્રકારના બી વાવવાથી, કેટલું સીંચનકરવાથી ઉત્તમ પાક ઊગી શકે તેમ છે.

અર્થાત મન, વચન, કાયા ની શુદ્ધિ સાથે તે શુદ્ધિને ક્યાં વાપરવી, કેવી રીતે વાપરવી તે સમજ પણ હોવી જોઈએ.

એક શેઠાણી હતાં. ખૂબ જ ભારે શરીરવાળા હતાં. રોજ સવાર-સાંજ રસોડામાં બેસી ઘણી બધી રોટલી બનાવે. આ બાજુ શેઠાણી ગરમ ગરમ રોટલી બનાવતા જાય અને બીજી બાજુ શેરીના કૂતરા ચૂપચાપ આવી રોટલી લઈ જાય અને

આરામથી બેસી ને ખાય. એક દિવસ શેઠે જોયું – આટલી બધી રોટલી રોજ શેરીના કૂતરા ખાય જાય છે. આ તો બગાડ થાય છે અને શેઠાણીને ખબર પણ પડતી નથી.!

બીજે દિવસે શેઠે કૂતરાઓ અંદર આવી ન શકે માટે રસોડાની બહાર મોટી જાળી નખાવી દીધી. કૂતરાઓને ખબર પડી – બધાં રડવા લાગ્યાં – હવે ગરમ ગરમ રોટલી ખાવા નહીં મળે...!

તેટલામા એક વૃદ્ધ કૂતરું આવ્યું. તેણે કહ્યું, તમે શાંત થઈ જાવ. તમને કાલે પણ ગરમ રોટલી મળશે. અને ખરેખર. બન્યું પણ તેવું જ...!

રોજની જેમ બધાં કૂતરાને ગરમ ગરમ રોટલી મળી.! કેવી રીતે ?

ભલે શેઠે જાળી નખાવી પણ આળસુ શેઠાણીને સ્ટોપર મારવા જેટલી પણ સમજ નથી તેથી ...!!

આપણો આત્મા જો શેઠાણી જેવો પ્રમાદી હશે, અને આપણે આપણી સાધનાની જાળી ઉપર સમજની સ્ટોપર નહીં મારીએ તો આપણી સદ્ગુણોની રોટલીને અવગુણોનાં કૂતરાઓ અવશ્ય લઈ જશે અને આપણને ખબર પણ નહીં પડે...!!

મન, વચન, કાયાની પ્રવૃત્તિનું નામ યોગ છે અને મન, વચન, કાયાની સત્ય પ્રવૃત્તિથી સર્વ યોગોની શુદ્ધિ થાય છે અને યોગોની શુદ્ધિ થવાથી કર્મબંધ અટકી જાય છે.

સમ્યક્પુરુષાર્થથી જ આત્માને આત્મગુણની પ્રાપ્તિ થાય છે.

આત્માને સંસારમાંથી બહાર કાઢવો, આત્માને પરમાત્મા તરફ લઈ જવો અને પરમાત્માની પ્રાપ્તિ થવી. આ ત્રણ સાધનાની મુખ્ય પ્રક્રિયા છે.

મન, વચન કાયાની સત્ય પ્રવૃત્તિ અને તેના દ્વારા થતી યોગોની વિશુદ્ધિ જ સાધનાનું પરિબળ છે.

મન,વચન અને કાયાની સત્યપરિણતિ એટલે જોગ સચ્ચેણં.

ત્રેપનમો બોલ

# મનમાં અન્યોની પ્રવેશબંધી

## મનગુપ્તિ

मणगुत्तयाए णं भंते ! जीवे किं जणयइ ?

मणगुत्तयाए णं जीवे एगग्गं जणयइ ।

एगग्गचित्ते णं जीवे मणगुत्ते संजमाराहए भवइ ।

મન, વચન, કાયાની સત્યવૃત્તિ, મન, વચન, કાયાની સત્યપ્રવૃત્તિ, મન, વચન, કાયાની સત્યપરિણતિ તેને કહેવાય ભાવ સચ્ચેણં, કરણ સચ્ચેણં અને જોગ સચ્ચેણં.

ઘણી વખત વ્યક્તિ પરમાત્માના ધર્મને સમજવા છતાં તે ધર્મનું આચરણ કરી શકતી નથી. તે અધર્મથી અટકવા માંગે છે.

ઘણા યુવાનોને પૂછીએ કે ધર્મધ્યાનમાં શું કરો છો ?

તો કહે કે કાંઈ ખોટું નથી કરતો, બસ !

હું કાંઈ ખોટું કરતો નથી તે જ મારા માટે મોટામાં મોટો ધર્મ છે !

સાચું કરવું કે ન કરવું પણ હું ખોટું કરતો નથી.

એવી જ રીતે આગમની અંદર ખોટું  નથી કરતા તેના માટેના ત્રણ શબ્દો આવે છે.

**मणगुत्तयाए णं वयगुत्तयाए णं कायगुत्तयाए**

**मणगुत्तयाए णं भंते ! जीवे किं जणयइ ?**

મનની ગુપ્તિથી હે ભગવાન ! જીવને શો લાભ મળે છે ?

મનની ગુપ્તિથી ચિત્ત એકાગ્ર બને છે અને સંયમના આરાધક બની શકાય છે.

વ્યક્તિ સાધના - આરાધના કરતી હોય, ધર્મધ્યાન કરતી હોય, ભાવથી તેનાં ઉત્તમ પરિણામો રહેતા હોય, પછી તેનું મન ધીમે ધીમે બધા વિચારોને છોડવા લાગે, સાંસારિક રીતે તેના બધા જ વિચારો છૂટવા લાગે. ધર્મનું તેને વધારે જ્ઞાન હોય કે ન હોય પણ સાંસારિક બધા વિચારો છૂટવા લાગે અને બધી વાતો, શબ્દો, વિચારો તે બધાથી પર થવા લાગે.

એમ થાય ત્યારે શું થાય ?

એના મનની અંદર એક પ્રકારની એકાગ્રતા જન્મે.

કેવી એકાગ્રતા હોય ?

એની આસપાસમાં કાંઈ ન હોય, અને જ્યારે તેની આસપાસમાં કોઈ ન હોય ત્યારે, માનો કે તેને સામે લાદી દેખાય છે. લાદીને તે જુએ છે અને જોયા જ કરે છે, તેને બીજી કાંઈ ખબર નથી.

પછી અચાનક કોઈ વ્યક્તિ આવે, તેનો અવાજ સંભળાય તો તે કહે કે ઓહો તમે આવ્યા ?

પોતે શું કરતી હતી પોતે શું વિચારતી હતી, પોતાના શું મનોભાવ હતા તેની તેને કાંઈ ખબર ન પડે.

લાદીને જોવામાં તે એકાગ્ર છે. બીજે ક્યાંય પણ તેનું ધ્યાન નથી.

જે વ્યક્તિ આવા પ્રકારની મનોવૃત્તિમાં આવવા લાગે છે તેના ખોટા વિચાર ઘટવા લાગે છે.

મનની ગુપ્તિ ત્યારે જ સર્જાઈ શકે જ્યારે મન કોઈ એક દિશાનું બને.

જે મનની દિશા અનેક હોય તે મનની દશાઓ પણ અનેક હોય છે.

જે મનની દિશા એક હોય તે મનની દશા પણ એક જ હોય છે.

તમારા મનને તમે એકાગ્ર કેવી રીતે બનાવશો ?

બધા વિચાર છોડીએ એટલે એકચિત્ત થઈ શકીએ.

બધા વિચારો છૂટે કઈ રીતે ?

વ્યક્તિને જ્યારે એક ગમવા લાગે છે ત્યારે જ વ્યક્તિ એકાગ્ર બની શકે છે.

અગ્ર એટલે સૌથી ટોચ ઉપર.

જ્યારે ટોચ ઉપર કોઈ પણ વ્યક્તિ આવે એટલે બધા જ વિચાર તેની દિશામાં હોય છે.

તાજું જન્મેલું બાળક હોય તેની માના વિચાર શેના હોય ?

તે ખાય, પીએ, બેસે, હાલે, ચાલે, કાંઈ પણ કરે, તેની દિશા કઈ હોય?

તેનું ધ્યાન ઘોડિયામાં જ હોય.

જે એકના બની શકે છે તે એકાગ્ર બની શકે છે. જેને એકમાં રસ પડે છે તે જ એકરસ બની શકે છે. જેને અનેકમાં રસ હોય તે ક્યારેય એકાગ્ર બની શકતાં નથી.તેનું મન ક્યારેય ગુપ્ત રહી શકતું નથી.

બીજાના વિચારો કરવા માટેની એક પણ બારી ખુલ્લી ન હોવી તેને કહેવાય ગુપ્તતા !

તેના માટે એક જ દરવાજો ખુલ્લો છે. આવવા માટે અને જવા માટે.

બધી જ બારી, બધાં જ બારણાં, બધું જ બંધ છે.

તે કોઈના વિચાર કરતો નથી, તેને કોઈના વિચાર આવતા નથી, તે કોઈને

જોતો નથી, તે કોઈનામાં જોતો નથી, કોઈને તે પોતાનામાં જોવા દેતો જ નથી.

આપણે કોઈનામાં જોવું નથી અને આપણામાં કોઈને આવવા દેવા નથી. તેને કહેવાય મનગુપ્તિ !

જ્યારે આપણામાં આપણા સિવાયના કોઈ આવતા નથી ત્યારે જ વ્યક્તિ એકાગ્ર બની શકે છે.

અને આપણામાં આપણા સિવાયના આવે છે ત્યારે ગમે તેટલી માળા કરો, ગમે એટલા જાપ કરો, ગમે એટલા જપ કરો, ગમે તેટલું તપ કરો, પણ મન એકાગ્ર બની શકતું નથી.

મનની ગુપ્તિ કેમ થઈ શકે છે ?

મનનાં બધાં જ બારીબારણાં બંધ કરી દો.

દેવ, ગુરુ ને ધર્મ સિવાય બધાને માટે બંધ કરી દો.

વ્યક્તિને એકાગ્ર બનવું હોય ત્યારે તેણે આમ કરવું જ પડશે.

જ્યારે વ્યક્તિ મનનો ગુપ્ત બને ત્યારે તેનું મન એકાગ્ર બને છે, મન એકાગ્ર બને ત્યારે તેનું ચિત્ત શાંત બને છે.

ચિત્ત શાંત બને છે ત્યારે તે સંયમનો આરાધક બને છે.

વૃક્ષ એક માટીનું થાય છે ત્યારે વૃક્ષનો વિકાસ થાય છે.

વૃક્ષ માટીઓ બદલ્યા કરે ત્યારે તે વૃક્ષરૂપે રહી શકે છે પણ તેનો વિકાસ થઈ શકતો નથી.તેમ સાધક એક વખત દેવ, ગુરુ કે ધર્મનો થાય છે, ત્યારે તે માટી બદલતો નથી અને મંદિર બદલતો નથી માટે તેને વાંધો આવતો નથી.

આપણે તો માટી બદલાય તેમ મંદિરો બદલાવ્યા કરીએ છીએ.

આપણા મનનો મોહભાવ જ્યાં મંદ પડે તેનું નામ મંદિર !

મોહભાવ જ્યાં વધતો હોય તેને મદિરા કહેવાય છે.

મોહને વધારે તેને મદિરા કહેવાય છે અને મોહને ઘટાડે તેને મંદિર કહેવાય છે.

મનની ગુપ્તિવાળો માણસ એકાગ્ર બને છે.

એકાગ્રનું ફળ શું ?

એકાગ્રતા આવે ત્યારે વ્યક્તિને બીજું કાંઈ સૂઝતું નથી.જ્યારે બીજું કાંઈ સૂઝતું નથી ત્યારે તે તેમાં ને તેમાં લીન થવા લાગે છે.

શું નદી ધ્યાનમાં બેઠી છે ? ના, નદી ધ્યાનમાં નથી. છતાં નદી એકાગ્ર છે. કેમ કે તેની દિશા માત્ર સાગરની છે.

જેની દિશા એકની હોય અને જેની દશા પણ એકની હોય તેને એકાગ્ર કહેવાય !

નદી ક્યાં જાય છે ?

નદી સાગર તરફ જાય છે.

સાધક ક્યાં જાય છે ?

સાધક પરમાત્મા તરફ જાય છે.

નદી બીજે ક્યાંય ફંટાય છે ?

ના ! નદી એકજ દિશામાં જાય છે.

સાધક બીજે ક્યાંય ફંટાય છે ?

જે ફંટાય તે સાધક ન હોય.

જે આડેઅવળે જાય તે સાધક ન હોય.

જે એકનો હોય, એક તરફ હોય, એક દિશામાં હોય, જેની એક દિશા હોય, તેને કહેવાય સાધક !

જે વૃક્ષ માટી બદલતું હોય તેનાં મૂળિયાં ક્યારેય મજબૂત ન હોય !

જે સાધક મંદિર બદલતો હોય તેની સાધનાનાં મૂળિયાં પણ ક્યારેય મજબૂત ન હોય !

તેનું કારણ શું ?

જે સાધક મંદિર બદલ્યા કરે છે તેનો મોહ મંદ પડતો નથી.

જે સ્થિર નથી બની શકતો તે સાધક નથી બની શકતો.

તનના સ્થિર તો ઘણા બધા હોય છે પણ મનના સ્થિર કોઈક જ હોય છે.

મનગુપ્તિ શું કરે છે ?

મનને સ્થિર કરી દે છે.

મનને સ્થિર કરી દેવું એટલે શું ?

એક દિશામાં દોડવું તેને મનની ગુપ્તિ કહેવાય.

તે વ્યક્તિ સંયમનો આરાધક બની જાય છે.

આપણું મન ક્યાં દોડતું હોય ?

દોડવું અને ભટકવું તે બે વચ્ચે ફેર શું ?

જેની દિશા એક હોય તેને દોડવું કહેવાય અને જેની દિશા અનેક હોય તેને ભટકવું કહેવાય .

તમે દોડો છો કે ભટકો છો ?

આપણે વાંચણીમાં દોડીએ છીએ અને સંસારમાં ભટકીએ છીએ !

મતલબ કે તમે હજાર પગવાળા થઈ ગયા !

બે પગવાળા પાસે કાં દોડ હોય ને કાં ભટકવું હોય. હજાર પગ હોય તો એમ કહી શકાય કે બે પગ અહીંયાં દોડે છે અને બાકી બધા ભટકે છે.

સાધક આત્મા એક દિશા તરફ આગળ વધે છે.

વરસ ગયા છે પણ વિકાસ નથી. કેમ ?

આપણો રસ એકમાં નથી માટે !

આપણો રસ અને આપણી તરસ હંમેશાંને માટે બદલાયા જ કરે છે,

જેના રસ અને તરસ બદલાયા કરતા હોય તે ક્યારેય તૃપ્તિ પામી શકતો નથી.

સાધનાના ક્ષેત્રમાં થોડા દિવસ માટે તમે લોગસ્સ કરો, પછી થોડા દિવસ

માટે નમ્રમુનિ આવે એટલે ઉવસગ્ગહરં ચાલુ કરી દો. વળી તે જાય અને બીજા કોઈ આવે એટલે ફરી નવકારમંત્ર ચાલુ કરી દો. વળી પાછા બીજા કોઈ આવે તો કહે કે તમારે આ માળા ફેરવવાની છે અને તમે તે માળા ચાલુ કરી દો.

જેની માળા વારંવાર બદલાતી હોય તેનો મેળ ક્યાંય ન પડે !

અમે ઘણાય ઘરની અંદર પગલાં કરવા જઈએ એટલે અમને બધું બતાવે. બતાડતા બતાડતા એક જગ્યાએ એક ગોખલો હોય.

ગોખલામાં કેટલા બધાને ભેગા રાખ્યા હોય ?

ગોખલામાં માતાજી પણ હોય ને પિતાજી પણ હોય ને દાદાજી પણ હોય. કેટલા બધા હોય ?

બધાને એક સાથે એક જ વખત પગે લાગીએ એટલે બધાને પગે લાગી લીધેલું કહેવાય?

બધાયને અલગ અલગ પગે લાગો કે પછી એકને જ પગે લાગી લ્યો.

જ્યારે ગોખલાની અંદર અનેક હોય અને તમે એક જ વખત પગે લાગ્યા એટલે એક સમજે કે તમે તેને પગે લાગ્યા બીજા સમજે કે તમે તેને પગે લાગ્યા, ત્રીજા સમજે કે તમે તેને પગે લાગ્યા.

કોઈ એકને એમ ન લાગે કે મને પગે લાગ્યા.

એટલે એકેય તમારું કામ કરે નહીં.

તેવી રીતે જે બધાનો હોય છે, તે ક્યારેય કોઈનો હોઈ શકતો નથી.

જે એકનો હોય તે બધાનો હોઈ શકે, પણ જે બધાનો થવા જાય તે કોઈ દિવસ કોઈનો થઈ શકતો નથી.

બધાને વ્હાલા થનાર વ્યક્તિના વેરી અનેક હોય છે.

મન ને જેને એકાગ્ર કરવું છે તેને એકના થવુ પડશે. જે પરમાત્માના બની જાય તેની મનગુપ્તિ થઈ જાય છે.

**ચોપ્પનમો બોલ**

# વચનબંધી વડે વિચારબંધી

## વચનગુપ્તિ

**वयगुत्तयाए णं भंते ! जीवे किं जणयइ ?**
**वयगुत्तयाए णं णिव्वियारत्तं जणयइ।**
**णिव्वियारे णं जीवे वइगुत्ते अज्झप्पजोग–साहणजुत्ते यावि भवइ।**

વચનગુપ્તિવાળો હોય તે વ્યક્તિ નિર્વિચારી બની શકે છે.

વચનગુપ્તિવાળો હોય તે વ્યક્તિ નિર્વિચારી હોય છે.

તેવું કેમ કહ્યું હશે ભગવાને ?

**पिव्वियारेणिणं** નો અર્થ છે નિર્વિકારી.

વચનગુપ્તિથી જીવને નિર્વિચાર ભાવની પ્રાપ્તિ થાય છે.

મૌન રહે એટલે પાપ ન લાગે તે બરાબર, પણ મૌન રહે એટલે વ્યક્તિ નિર્વિચારી બની જાય તેવું કેમ બને ?

લાગણીને ઉશ્કેરવાનું કામ હંમેશાંને માટે શબ્દો કરતા હોય છે.

વૃત્તિને ઉશ્કેરવાનું કામ વચન કરતું હોય છે.

માણસની સંવેદનાને સ્પર્શવાનું કામ શબ્દો કરતા હોય છે.

લાગણીના બે શબ્દો વાવીને, તમે સ્નેહનું વૃક્ષ ઉગાડી શકો છો, પણ હંમેશાં માટે યાદ રાખવું કે ખોટી લાગણી બતાવીને વાવેલા બે બીજથી ઉગેલું વૃક્ષ હંમેશાં કડવાં ફળ જ આપે છે.

વચનગુપ્તિથી નિર્વિકારતાની પ્રાપ્તિ કેમ થાય છે ?

નિર્વિકાર એટલે શું ?

વચન શબ્દથી નિર્વિકારની પ્રાપ્તિ એટલે મોટાભાગની વ્યક્તિ કાનથી પણ સારા શબ્દો સાંભળવાની વૃત્તિરૂપ વિકારનું સેવન કરતી હોય છે.

આંખથી પણ સારા દ્રશ્ય જોવારૂપ વિકારનું સેવન કરતી હોય છે.

નાકથી પણ સૂંઘવારૂપ વિકારનું સેવન કરતી હોય છે.

આપણે વિકારને માત્ર વાસના જ સમજેલા છીએ.

વિકાર એટલે શું ?

પાંચે પાંચ ઈન્દ્રિયોના વિષયો-સાંભળવું, જોવું, સૂંઘવું, સ્વાદવું અને સ્પર્શવું દરેક પ્રત્યે સભાન રહેવું.

વ્યક્તિ જ્યારે વચન ઉપર brake લગાડે છે, એટલે વિચાર ઉપર brake લાગે છે.પછી વિકાર ઉપર brake લાગ્યા વગર રહે ખરી ?

આગમમાં બીજો એક શબ્દ આવે છે કે તમે મૌન બનો છો ત્યારે અધ્યાત્મની સાથે જોડાઈ જાવ છો.

વચનની ગુપ્તિ કરનાર વ્યક્તિ મૌનનો સ્વીકાર કરે ત્યારે તેનો આત્મા અધ્યાત્મ સાથે જોડાઈ જાય છે.

અધ્યાત્મ કોને કહેવાય ?

આત્મા આત્મામાં રહે તેને અધ્યાત્મ કહેવાય.

વચનની ગુપ્તિ અને તેનાથી અધ્યાત્મની પ્રાપ્તિ !

અધ્યાત્મ એટલે આત્માનું આત્મા સાથે જોડાવું.આત્મા આત્માની સાથે જોડાય તે ભાવોને અધ્યાત્મ ભાવ કહેવાય છે. અને આત્મા જ્યારે પુદ્ગલ સાથે જોડાય છે તેને ભૌતિકભાવ કહેવાય છે.

એક શબ્દ છે ભૌતિક અને એક શબ્દ છે આધ્યાત્મિક !

આત્મા પદાર્થની સાથે જોડાય ત્યારે ભૌતિક ભાવની ઉત્પત્તિ થાય છે. અને આત્મા જ્યારે આત્મા સાથે જોડાય છે ત્યારે અધ્યાત્મભાવની પ્રાપ્તિ થાય છે.

તમે તમારા બનો તેને અધ્યાત્મ કહેવાય અને તમે પારકાના બનો તેને ભૌતિકતા કહેવાય.

સ્વ જ્યારે સ્વનું બને ત્યારે અધ્યાત્મ કહેવાય.

સ્વ જ્યારે પરનું બને ત્યારે ભૌતિકતા કહેવાય .

વચનની ગુપ્તિ કરવાથી શું થાય ?

બોલતાં પહેલાં વ્યક્તિને વિચારવું પડે છે અને વિચારવાથી તેને રાગ અને દ્વેષ થાય છે.

શબ્દો જ્યારે માત્ર શબ્દો હોય ત્યારે તેમાં રાગ કે દ્વેષ હોતા જ નથી.

વચન મન સાથે જોડાતું નથી ત્યાં સુધી વચનમાત્રનું વધારે પાપ લાગતું નથી. પણ, વચન, સારા કે ખરાબ, soft કે hard, રાગવાળા કે દ્વેષવાળા ક્યારે બને ? વચન સાથે મન જોડાય છે ત્યારે !

આપણે મૌન લઈએ ત્યારે ઘણા બધા વચન બોલવાનું બંધ થાય.

વચન બોલવાનું બંધ થાય એટલે વચનને લાગતા વિચાર કરવાનું પણ બંધ થાય.

એટલે અહીં જે વિચાર શબ્દ બતાડવામાં આવ્યો છે તે આના માટે બતાવવામાં આવ્યો છે ત્યારે વ્યક્તિ વિચાર વગરનો થવા લાગે છે.

તપસમ્રાટ ગુરુદેવે કેટલા વરસનું મૌન રાખ્યું હતું ?

પહેલા નવ વર્ષ રાખ્યું અને પછી ૧૯૯૨ થી લઈ ૧૯૯૭ સુધી.

આટલા વરસ સુધી તેમણે વચનનું મૌન શા માટે લીધું હશે ?

વચનનું મૌન લેવાથી વિચારનું મૌન થવા લાગે છે. વિચારનું મૌન આપણે લઈ શકતા નથી, પણ વચનનું મૌન લેવાથી વિચારનું મૌન થવા લાગે છે અને વિચારોનું મૌન કરવા લાગે તેનો મોક્ષ થતાં વાર લાગતી નથી.

વચનનું મૌન તે વિચારોનું મૌન કરાવે છે અને વિચારોનું મૌન મન, વચન, કાયાની પ્રવૃત્તિ જ છોડાવી દે છે.

વચનની ગુપ્તિ લેવાથી વિચારોની પણ ગુપ્તિ થવા લાગે છે.

વ્યક્તિને બોલવાનું હોય ત્યારે તેને વિચારો બહુ આવતા હોય છે પણ બોલવાનું ન હોય ત્યારે થોડીક વાર માટે વિચાર આવે પણ પછી ધીમે, ધીમે,ધીમે તે બંધ થાય છે.

તમારી સામે કોઈ બોલવાવાળી વ્યક્તિ હશે ત્યારે તમારા વિચારો પણ બહુ હશે, પણ જ્યારે તમારી સામે કોઈ બોલવાવાળી વ્યક્તિ નહીં હોય ત્યારે પહેલાં તો તમે બહુ જ વિચારશો પણ પછી વિચારો શમતા જશે અને કાં તમને ઊંઘ આવવા લાગશે કાં તમે એક જ વિચારમાં અથવા એક જ વસ્તુમાં લીન થઈ જશો. તમને કાંઈ ખબર પડશે નહીં.

વાચા વિચારોને વધારે છે અને મૌન નિર્વિચારને વધારે છે.

જ્યારે વચનની શક્તિ વપરાતી નથી ત્યારે મનની શક્તિ પણ મંદ પડવા લાગે છે.

વાચા વિચારોને બળ આપે છે. વાચા નથી હોતી ત્યારે વિચારો પણ ઘટયા વગર રહેતા નથી.

**પંચાવનમો બોલ**

# કાયાની સ્થિરતાથી કર્મોની નિષ્ફળતા

**કાયગુપ્તિ**

कायगुत्तयाए णं भंते ! जीवे किं जणयइ ?
कायगुत्तयाए संवरं जणयइ ।
संवरेणं कायगुत्ते पुणो पावासव-णिरोहं करेइ।

મનને શાંત પાડયું, વચનને શાંત પાડયું હવે કાયાને શાંત પાડવાની વાત આવી છે.

'કાયગુપ્તિ'થી જીવને શો લાભ થાય છે ?

કાયાનું કંપન આત્માના સ્પંદન વગર થતું નથી. કાયાનાં કંપન ઘટે એટલે આત્માનાં સ્પંદન ઘટયા વગર રહેતા નથી. આત્માનું સ્પંદન માત્ર કર્મબંધનું કારણ છે.આત્માના સ્પંદનને યોગ કહેવાય છે. માટે સિદ્ધ ભગવાન 'અયોગી' હોય છે. સિદ્ધ ભગવાનના આત્મામાં કોઈ સ્પંદન હોતા નથી.

કંપન એટલે સ્પંદન. સ્પંદન એટલે કર્મબંધન. એક જગ્યાએ તમે કાયાને બેસાડી દો. કોઈપણ વ્યક્તિ એક જ જગ્યાએ, એક ને એક સ્થિર ભાવમાં વધારે સમય રહી શકે ? ના !

કારણ કે આપણને સ્થિર રહેવાનું આવડતું નથી.! જેને સ્થિર રહેતા આવડતું નથી તેને સિદ્ધ બનતા આવડતું નથી.! સિદ્ધ ભગવાનમાં સંપૂર્ણ સ્થિરતા છે માટે તે સિદ્ધ છે, પણ આપણને અસ્થિરતા વળગેલી છે. કારણકે અસ્થિરતાનું કારણ છે સ્પંદન અને સ્પંદનનું કારણ છે આત્માની પરિણતિઓ...!

આત્માની પરિણતિ શું છે?

આપણે બેઠા છીએ, વાંચણી સાંભળીએ છીએ, પણ આપણાં અસંખ્યાતા કર્મોનો પ્રવાહ ચાલુ છે અને તે કર્મોનો ઉદય થવાથી આપણને ટીવી. જોવાનું મન થાય, ખાવાનું મન થાય, પીવાનું મન થાય. આ બધું જ કરવા માટે આપણાં કર્મો આપણને વાંચણીમાં બેઠા-બેઠા પણ પ્રેરતા હોય છે. પણ સામે પરિબળ નથી માટે તે પ્રેરણા વ્યર્થ જવા લાગે છે. સામે તેને લગતું પરિબળ હોય તો તે પ્રેરણા કામ કરવા લાગે.

માટી છે, પણ કુંભાર નથી એટલે આકાર મળતો નથી. માટી છે અને કુંભાર છે તો ચાકડે ચડીને તરત જ આકાર દેવાનું ચાલુ થઈ જશે ! પણ કર્મનો ઉદય ચાલુ જ છે અને તે ક્યાંકને ક્યાંક અસર કરે છે. તે અસર કરશે આપણી આંગળી પર કે અંગૂઠા પર ! તે અંગૂઠો ચલાવશે, આંગળી ચલાવશે, અંગૂઠો અને આંગળી બન્ને ભેગા થવા લાગશે, આપણી પાંપણ હલન-ચલન કરશે કે આપણી જીભ હલનચલન કરશે કે આપણને નાકને અડવાનું મન થશે કે આપણને કાનને અડવાનું મન થશે. આપણને કંઈક ને કંઈક કરવાનું મન થશે. કેમકે અસંખ્ય કર્મપ્રકૃતિની ધારાઓ આપણી સાથે પડેલી છે.

વ્યાખ્યાન કે વાંચણીમાં આપણે બેઠા છીએ, ધર્મમાં આપણું મન જોડાયેલું

છે. એટલે તે કર્મો તન ઉપર અસર કરી,જેમ છે તેમ બહાર આવે છે.

કર્મોને નિષ્ફળ કરવાની એક પ્રક્રિયા છે કાયગુપ્તિ. વ્યક્તિ સ્થિર થવા લાગે ત્યારે કર્મો સહજતાથી ઘટવા લાગે છે અને સ્પંદન ઘટે છે. સ્પંદન ઘટે છે એટલે નવાં કર્મબંધન અટકે છે.

**कायगुत्ते पावासवणिरोहं करेइ ।**

કાયગુપ્તિથી પાપ કર્મોનો આશ્રવ ઘટે છે. તમે બેઠાં છો, શાંતિથી સાંભળી રહ્યા છો, કંઈ પાપ કરતાં નથી એટલે તમારો આત્મા ધીમે-ધીમે શાંત પડયો. શાંત પડયો એટલે કર્મબંધન ઘટવા લાગ્યા.

ભગવાને ભગવતીસૂત્રમાં બતાવ્યું છે કે સંસારી સૂતેલો સારો અને સાધુ જાગતો સારો !

સંસારી લોકો સૂતા રહે એટલું સારું. ગામને ઉપાધિ ઓછી. સંસારી જાગે તેટલી ગામને ઉપાધિ વધારે. સંસારી સૂતો રહે અને પડયો રહે તેટલું જ સારું છે. તે ઊભો થાય એટલે છકાય જીવ ધ્રુજવા લાગે કે આ એક રાક્ષસ ઊભો થયો છેતે હમણાં મારું કચ્ચરઘાણ કાઢી નાંખશે.

સંસારીને પરમાત્માએ એક ઉપમા રાક્ષસની પણ આપેલી છે. કારણકે સંસારી માત્ર પ્રત્યેક પ્રક્રિયામાં છકાયના અસંખ્ય જીવોનું કચ્ચરઘાણ કાઢે છે. સાધક જાગતો સારો અને સંસારી સૂતો સારો. સંસારીની પ્રત્યેક ક્રિયા એટલે અનંતાં કર્મબંધન. એટલે જ ભગવાન કહે છે કે વહેલામાં વહેલી દીક્ષા લઈ લો....!

**છપ્પનમો બોલ**

# મન ને સંભાળો

## મન સમાધારણા

**मण–समाहारणयाए णं भंते ! जीवे किं जणयइ ?**
**मण–समाहारणयाए णं एगग्गं जणयइ । एगग्गं जणइत्ता**
**णाणपज्जवे जणयइ ।**
**णाणपज्जवे जणइत्ता सम्मत्तं विसोहेइ, मिच्छत्तं च णिज्जरेइ ।**

મન સમાધારણાથી હે, ભગવાન ! જીવને શું લાભ થાય છે ?

મન સમાધારણાથી જીવ એકાગ્ર થાય છે અને એકાગ્ર થવાથી જ્ઞાનની પ્રાપ્તિ થાય છે.

ઘણાની યાદ શક્તિ ખૂબજ તીવ્ર હોય છે. જ્યારે ઘણાને કેટલીય વાર સુધી યાદ કરે છતાં કાંઈ યાદ ન આવે.

કેમ આવું થાય ?

તેનો આધાર વ્યક્તિના મન ઉપર છે. જેનું મન બીજે - ત્રીજે ન ભટકતું હોય. જેનું મન એકમાં એકાગ્ર હોય તેની યાદશક્તિ સારી હોય. મનને સમાધારણ કરવું એટલે મનને સમર્પણતાના ભાવમાં ધારણ કરવું... મનને દેવ, ગુરુ, ધર્મ પ્રત્યેની સમર્પણતાના ભાવમાં જોડી રાખવું, મનને યોગ્ય દિશામાં વાળવું.

મન ખોબામાં રહેલાં પાણી જેવું છે. જો તેને યોગ્ય રીતે વાપરવામાં ન આવે તો તે વહી જાય છે - વેડફાઈ જાય છે.

માટે જ, મનને સમર્પણતાના ભાવમાં ધારણ કરવું, સતત એક જ મનન અને એક જ ચિંતન હું મારા ગુરુ માટે, મારા પરમાત્મા માટે શું કરું ? કેવા કાર્ય કરું ? કેવી સ્તુતિ કરું ? કેવી ક્રિયા કરું ?

મન જ્યારે આવા ભાવો સાથે સમર્પિત થાય છે, ત્યારે તેને વિશેષ પ્રકારની જ્ઞાન પ્રાપ્તિ થાય છે. તેની ભક્તિ બધાથી અલગ હોય છે અને તે બધાથી અલિપ્ત હોય છે.

નદી જ્યારે સાગરની દિશાનાં લક્ષ્ય સાથે આગળ વધે છે ત્યારે તેનો વેગ એક જ દિશામાં હોય છે. તે કયાંય પણ ફંટાતી નથી. તેમ મન જ્યારે એક ના જ - દેવ ગુરુના વિચારમાં મગ્ન બને છે ત્યારે તેને બીજા કોઈના વિચાર આવતાં જ નથી. તેના વિકલ્પો વિરામ થવા લાગે છે અને ત્યારે તેને સાપ અને દોરડામાં ફરક લાગતો નથી.

જે એકમય હોય, એકાગ્ર હોય તે જ પરમાત્માના હોય, તે જ ગુરુ ના હોય !

જે અનેકના હોય તે પરમાત્માના ક્યારેય ન હોઈ શકે !

અહીંયા હોય ત્યારે ભગવાનનાં અને ત્યાં હોય ત્યારે તેના... !

તેવી વ્યક્તિ મન સમાધારણાવાળી ન હોય !

જેનું મન ખોટી દિશામાં વપરાતું નથી. જેને ક્યારેય ખોટા વિચાર આવતાં નથી તેનું જ મન કેન્દ્રિત થાય છે.

મન જ્યારે કેન્દ્રિત થાય છે ત્યારે આત્માના ગુણો બહાર આવ્યા વિના રહેતાં નથી.

સમર્પિત વ્યક્તિ કાં તો 'સ્વ' ની હોય કાં જેને સર્વસ્વ માનતી હોય તેની હોય.!

સર્વસ્વ એટલે જેના ઉપર કોઈ ઉપરી ન હોય તે !

સર્વસ્વ એટલે જેને સોંપાઈ જઈએ તે !

સર્વસ્વ એટલે જેની સત્તાને કોઈ પડકારી ન શકે તે !

સર્વસ્વ એટલે જે પોતે પોતાનામાં સ્થિર હોય તે !

સર્વસ્વ એટલે જેને પોતાના સિવાય બીજા કોઈનો વિચાર ન હોય તે !

સર્વસ્વ એટલે જેનુ સર્વ આપણને 'સ્વ' જેવું લાગે તે આપણા માટે સર્વસ્વ!

કેમકે, 'સ્વ' થી વ્હાલું બીજું કોઈ હોતું નથી.

જેનું સંપૂર્ણપણે પુણ્ય-પાપ, યોગ્ય-અયોગ્ય , ગુણ-અવગુણ, સર્વ આપણને 'સ્વ' જેવા લાગે તે સર્વસ્વ !

''જેનું કાંઈ પણ અજુગતું ન લાગે તે સર્વસ્વ !''

જેની પાસે સચવાઈએ કે ન સચવાઈએ પણ મનને સારૂં લાગે તે સર્વસ્વ.

'હે પરમાત્મા ! તમે જ મારા સર્વસ્વ છો !' આવું બોલવાવાળા અનેક હોય છે. પણ, ખરેખર જેને દેવ ગુરુ અને ધર્મ સર્વસ્વ લાગે છે તે જ સર્વજ્ઞ બની શકે છે.

જ્યારે વ્યક્તિ મનને પરમાત્માને - ગુરુને સોંપી દે છે ત્યારે જ તેનામાં જ્ઞાન ગુણનો ઉઘાડ થાય છે, ત્યારે જ તેને ભેદજ્ઞાનની પ્રાપ્તિ થાય છે અને ત્યારે જ સમ્યક્જ્ઞાન પ્રાપ્ત કરી શકે છે !

પણ, ખોટ આપણી એ છે કે, કામનું હોય તેની કામના કરીએ અને પછી નકામું કરી દઈએ.

જે જ્ઞાનની વિશુદ્ધિને પામે છે તેજ યોગ્ય અને અયોગ્યનો ભેદ પાડી શકે છે.

જ્યાં સુધી એકને સર્વસ્વ માનતાં નથી ત્યાં સુધી એકરસ થઈ શકતાં નથી. જ્યાં સુધી એકાગ્ર બની શકતાં નથી ત્યાં સુધી મોક્ષાગ્ર બની શકાતું નથી !

સર્વજ્ઞના શબ્દમાં સંકેત હોય.! સર્વજ્ઞનાં શબ્દોમાં રાગ - દ્વેષ ભળેલાં નથી હોતાં, જ્યારે છદ્મસ્થના શબ્દોમાં રાગ-દ્વેષ ન હોય તેવું બને જ નહીં !

જે દેવ, ગુરુ ને સમર્પિત છે તેની પ્રસન્નતાનો પાર નથી હોતો..!

રૂપિયા તો આપણે પુણ્યના ઉદયે મેળવી લઈએ છીએ પણ તેને ક્યાં વાપરવા તેની સમજ બહુ ઓછાને હોય છે. !

કમાવું તે અલગ વસ્તુ છે અને કમાણીને યોગ્ય રીતે યોગ્ય સ્થાને વાપરવી તે અલગ વસ્તુ છે. તેવી રીતે જ્ઞાન પ્રાપ્ત કરવું તે અલગ વાત છે અને પ્રાપ્ત જ્ઞાનને યોગ્ય દિશામાં વાપરવું તે અલગ વાત છે !

‘‘મળેલા જ્ઞાનને ભક્તિના માર્ગમાં વાપરવું અને ભક્તિના માર્ગે વાળવું તે છે મનની સમાધારણા. !’’

રૂપિયા કમાણા તે હાથે કમાવ્યા કે હૈયાએ ?

રૂપિયાને આપણે માત્ર હાથથી પકડીએ છીએ એટલે હાથમાત્ર માધ્યમ છે બાકી હુકમ તો હૈયું જ કરે છે !તેમ મેળવેલા જ્ઞાન ઉપર પણ હુકમ તો મનનો જ હોય છે.

આંખ એક માધ્યમ છે. આંખથી પરમાત્માના કે ગુરુનાં દર્શન કરવા અથવા તે જ આંખ વડે નાટક સિનેમા જોવા અંતે નક્કી તો મન જ કરે છે.

મેળવેલા જ્ઞાનને મન દ્વારા ભગવાનની ભક્તિમાં વાપરવું તે છે મન સમાધારણા! પણ, આપણી ખોટ તે જ છે કે, જ્ઞાન તો આપણે મેળવી લઈએ છીએ પણ તે જ જ્ઞાનને વાપરીએ છીએ અવળે માર્ગે,પછી શાંતિ ક્યાંથી મળે ?

જ્યારે આપણે આપણા સર્વસ્વ ને ‘સ્વ’ માનીશું ત્યારે જ આપણું મન સર્વસ્વનાં વિચાર કરશે.

એક વાર આપણું મન સર્વસ્વનું થઈ ગયું. હવે આપણે આપણું મન વાપરવું છે તો કેવી રીતે વાપરીશું ?

જે મન ભગવાનનું થઈ ગયું તે મન ભગવાન વડે, ભગવાન થકી, ભગવાન

જેમ અને ભગવાન માટે જ વપરાય. મનને ભગવાન જેવું કરી ભગવાન માટે વાપરવું તે છે મન સમાધારણા. !

મનને , ચિંતનમાં જોડવાથી, મન એકાગ્ર બને છે, જ્ઞાનની પ્રાપ્તિ થાય છે, સમ્યક્ત્વની વિશુદ્ધિ થાય છે અને મિથ્યાત્વની નિર્જરા થાય છે.

જે મન પરમાત્માનું બની પરમાત્મા માટે જ વપરાય તે છે મનની સમાધારણા.!

મનને પરમાત્માના શરણે સમર્પિત કરી, પરમાત્માનો આધાર લઈ પરમાત્માના માર્ગે વાળવું તે છે મન સમાધારણા. !!

મનને રોકવું તે જરૂરી છે અને રોક્યા પછી મનને યોગ્ય દિશામાં વાળવું તે પણ અત્યંત જરૂરી છે.

નદીમાં બંધ બાંધવા માત્રથી કાર્ય પૂરું થઈ જતું નથી. બંધ બાંધ્યા પછી તે પાણીને યોગ્ય દિશામાં વાળી તેનો યથાયોગ્ય ઉપયોગ કરવો પણ તેટલો જ જરૂરી છે.

પાપથી અટકવું જેટલું જરૂરી છે, પરમાત્મા તરફ જવું પણ તેટલું જજરૂરી છે.

જે વ્યર્થને પકડી રાખે છે તેનું જ્ઞાન પણ વ્યર્થ હોય છે !

જે એકાગ્ર બને છે તે જ જ્ઞાનને બહાર લાવી શકે છે !

યાદ રાખવાનો એક જ નિયમ છે, ન યાદ રાખવા જેવાને ભૂલી જવાનું !

જે બધાને યાદ રાખે છે તે ભગવાનને ભૂલી જાય છે.

માટે જ, મનને ભગવાનના માર્ગે વાળવાથી ભગવાન ભૂલાતા નથી અને ભગવાન જેવા બનવાના પ્રયત્ન ને સફળ બનાવી શકાય છે !

સમાધારણા એટલે સુયોગ્ય પ્રકારે,સમ્યક્ પ્રકારે,આયોજન કરી સદુપયોગ કરવો અને તથા પ્રકારની પ્રવૃત્તિ કરી તથા પ્રકારના સાતત્યને પ્રાપ્ત કરવું.

મન,વચન,કાયાના યોગનો વ્યવસ્થિત ઉપયોગ કરવા તેને સતત સ્તુતિ કે સ્વાધ્યાયમાં પ્રવૃત રાખી દેવ-ગુરુના સાતત્યને પ્રાપ્ત કરવું.

**સત્તાવનમો બોલ**

# વચનની વૃદ્ધિ, શ્રદ્ધામાં અભિવૃદ્ધિ

## વચન સમાધારણા

**वय–समाहारणयाए णं भंते ! जीवे किं जणयइ ?**
**वय–समाहारणयाए णं वयसाहारण–दंसणपज्जवे विसोहेइ।**
**वय–साहारण–दंसणपज्जवे विसोहित्ता सुलहबोहियत्तं णिव्वत्तेइ,**
**दुल्लहबोहियत्तं णिज्जरेइ।**

વચન સમાધારણા એટલે વચનને પરમાત્માની સ્તુતિમાં જોડવું. ઉવસગ્ગહરં બોલવાથી શું થાય? લોગ્ગસ્સ બોલવાથી શું થાય? તેને પરમાત્માએ સમ્યક્ પરાક્રમ કહ્યું છે. પોતાની વાણીને પરમાત્માની સ્તુતિમાં જોડવાથી, પોતાના વચનને પરમાત્માના નામસ્મરણમાં જોડવાથી શું થાય છે?

પરમાત્મા કહે છે કે તેના આત્મામાં શ્રદ્ધાનો ગુણ વધી જાય છે.

**दंसणपज्जवे विसोहेइ ।**

આત્મામાં રહેલી શ્રદ્ધાની ગુણરાશી, આત્મામાં શ્રદ્ધાનો જે ગુણ પડેલો છે, દેવ, ગુરુ અને ધર્મ માટે શ્રદ્ધાભાવ પડેલો છે, તે તેનાથી વધી જાય છે. વ્યક્તિ જ્યારે સ્તુતિ કરે છે ત્યારે તેની વચનશક્તિ વધે છે.સ્તુતિ કરનાર વ્યક્તિ શ્રદ્ધાના આધારે દરેક ક્ષેત્રમાં સફળ થાય છે.

પરમાત્માની સ્તુતિ કરવાથી આત્મા સુલભ બોધિવાળો બને છે. ભગવાન મળ્યા પછી ભગવાન ગમે છે તેને સુલભબોધિ કહેવાય છે. જેને દેવ કે ગુરુ મળ્યા પછી તેને માત્ર મળે છે તેને તે બીજી વાર મળતા નથી. જે દેવ કે ગુરુ મળ્યા પછી તેનામાં ભળે છે, તેને દેવ અને ગુરુ વારંવાર મળે છે.

તમે માત્ર દૂરથી હાથજોડી વંદના કરીને નીકળી ગયા એટલા માત્રથી ફરી ગુરુ મળવાના નથી.

તમે તેના સાનિધ્યમાં બેઠા , બે ભાવો ને સમજ્યા, એમની બે વાતોને અમલમાં મૂકી, તમને દેવ, ગુરુ અને ધર્મમાં શ્રદ્ધાનો ભાવ જન્મ્યો તો જ તમને ભવિષ્યમાં દેવ ગુરુ અને ધર્મ મળવાના છે.

દૂર રહેનાર હંમેશાંને માટે દેવ ગુરુ અને ધર્મથી દૂર જ રહે છે. દેવ ગુરુ અને ધર્મની નજીકમાં આવે છે તેને દેવ ગુરુ અને ધર્મ ભવોભવ મળે છે.

વચનને પરમાત્માની સ્તુતિમાં જોડવાથી, વચનને પરમાત્માના સ્વાધ્યાયમાં પ્રવૃત્ત કરવાથી તેને જ્ઞાનની પ્રાપ્તિ થાય છે અને તેના મનના સંશયો દૂર થાય છે, તેની શંકાઓનું સમાધાન થાય છે.તેના ભાવની, તેના દર્શનની વિશુદ્ધિ થાય છે. તેનો આત્મા સુલભબોધિવાળો બને છે. તેનું દુર્લભબોધિપણું નષ્ટ થઈ જાય છે. તેની પરમાત્મા પ્રત્યેની શ્રદ્ધા દ્રઢ બનતી જાય છે.

વાણીને પરમાત્માના સ્મરણ કે સ્તુતિમાં પ્રવૃત્ત રાખવાથી, સતત ગુરુ સ્મરણમાં રત રાખવાથી પરમાત્મા અને ગુરુના સાતત્યની પ્રાપ્તિ થાય છે. દેવ,ગુરુ ગમવા લાગે છે.

અટ્ઠાવનમો બોલ

# કાયાને કેળવો ભગવાનની જેમ

## કાય સમાધારણા

काय–समाहारणयाए णं भंते ! जीवे किं जणयइ ? काय–
समाहारणयाए णं चरित्तपज्जवे विसोहेइ।
चरित्तपज्जवे विसोहित्ता अहक्खाय चरित्तं विसोहेइ । अहक्खाय
चरित्तं विसोहित्ता चत्तारि केवलिकम्मंसे
खवेइ । तओ पच्छा सिज्झइ, बुज्झइ, मुच्चइ परिणिव्वायइ
सव्वदुक्खाणमंतं करेइ ।

તમે કાયાને પરમાત્માની દિશામાં ગોઠવો છો ત્યારે તમારી કાયા પરમાત્માનો આકાર લેવા લાગે છે. કેવી રીતે ?

સંસારીની આંખ ભડકા જેવી હશે અને સાધકની આંખ સૌમ્ય હશે.

કેમ ?

ભગવાન નજીકમાં હોય તો ધીમે ધીમે આંખ સૌમ્યતા નજીક જઈ રહી છે. તે

ભગવાનની નજીક ગયો એટલે પલાંઠી વાળીને બેસતા શીખ્યો. ભગવાનની સાથે રહેનારો, ભગવાનના ભાવોને જાણનારો, ભગવાનની જેમ ચાલતો થઈ જશે. ભગવાનની જેમ ચાલવું, ભગવાનની જેમ બોલવું, ભગવાનની જેમ બેસવું, ભગવાનની જેમ વાતચીત કરવી, ભગવાનની જેમ કાઉસગ્ગ કરવો, ભગવાનના જેવા વ્યવહાર કરવા તે છે ભગવાન જેવા બનવાના ઉપાય !

તમારે જેના જેવા થવું છે તેનો પ્રયત્ન આજથી કરશો તો એક દિવસ તેના જેવા બની શકશો તેમ ભગવાન કહે છે.

આગમમાં સાધુના આચારને પાંચ વિભાગમાં વર્ણવલા છે.

(૧) સામાયિક ચારિત્ર.

(૨) છેદોપસ્થાપનીય ચારિત્ર-જે અત્યારે અમારું ગણાય.

(૩) પરિહાર વિશુદ્ધ ચારિત્ર-જે ચારિત્ર અત્યારે હોતું નથી .પણ અમારા બે કરતાં જેનું સ્ટેજ ઊચું છે.

(૪) સુક્ષ્મસંપરાય ચારિત્ર-જેમાં વ્યક્તિમાં ક્રોધ નથી હોતો. તે સ્ટેજે સાધુ પહોંચે ત્યારે ક્રોધ નથી હોતો. તેનો મતલબ કે બાકીના સ્ટેજમાં સાધુમાં પણ ક્રોધ હોઈ શકે છે.

(૫) યથાખ્યાત ચારિત્ર - ભગવાન જેવું જીવવું - ભગવાન ન હોવા છતાં ભગવાન જેવું જીવવું તેને યથાખ્યાત ચારિત્ર ક્હેવાય છે.

ભગવાન  ન હોવા છતાં ભગવાનની જેમ બોલવું, ભગવાનની જેમ ચાલવું, ભગવાનની જેમ બેસવું અને ભગવાનના જેવો જ વ્યવહાર કરવો તેને કહેવાય યથાખ્યાત ચારિત્ર.!

આ ક્યારે આવે ?

જ્યારે practice પાડવામાં આવે ત્યારે તમે કાઉસગ્ગની મુદ્રામાં બેઠા છો તેથી તમને શો લાભ થાય છે ?

તમે જે કાઉસગ્ગની મુદ્રામાં બેઠા એટલે અનંતકાળ સુધી તમે જે મુદ્રાનો સ્વીકાર નહોતો કર્યો તે મુદ્રાનો સ્વીકાર કર્યો, એટલે હવે તમને અનંતકાળ સુધી આ મુદ્રા મળવાની છે. તે મુદ્રાનો સ્વીકાર કર્યો એટલે તમે અનંતસિદ્ધની મુદ્રાનો સ્વીકાર કર્યો.સંસારીની અનેક પ્રકારની મુદ્રા હોય છે પણ સંયમની મુદ્રા થોડીક જ હોય છે. જેનામાં સંયમની મુદ્રા આવી ગઈ તે એક વાર શુદ્ધની મુદ્રામાં આવી જશે.

આપણી ખોટ એ છે કે તે મુદ્રામાં બેસવા છતાં આપણને ખબર નથી કે આપણે ભગવાનની દિશામાં એક ડગલું આગળ વધી ગયા.

ભગવાન જેવું બોલવું કે ભગવાનની જેમ કરવું તે ભગવાન જેવા થવાનો ઉપાય છે.

ભગવાન જેવું બનવા માટે ભગવાનની જેમ રહેવું, કાયાથી ભગવાન જેવો વ્યવહાર કરવો તેને કહેવાય '**कायसमाहारणयाए**'.

કાયા ભગવાનની થઈ ગઈ, તમે તમારું હૈયું ભગવાનને આપી દીધું હવે હૈયાથી ભગવાન સિવાય કોઈ નો વિચાર નથી. તમે ભગવાન સિવાય બીજુ કોઈ નામ લેતા નથી. તમે તમારી કાયા ભગવાનને આપી દીધી. હવે તે કાયા ભગવાન સિવાયનું કાંઈ કરતી જ નથી. ભગવાન જેમ રાખે, જેમ રહેવાનું કહે તે બધું જ મંજૂર છે.

ભગવાન તરફ જાય તેનાં વસ્ત્રમા, તેના વિચારોમાં, તેનાં વચનમાં, તેના વર્તનમાં ભગવાનપણું આવવા લાગે છે. એટલે તે ભગવાનની દિશામાં એક એક ડગલું આગળ વધે છે.

અને એક એક ડગલું આગળ વધતાં વધતાં અંતે તે પગથિયાં ચડીને શિખરને પામે છે.

શા માટે આ વેશ પહેરવાનો છે?

આ વેષની કિમત એ છે કે આ ભગવાનનો વેષ છે.

ભગવાનનો વેષ શા માટે છે ?

ભગવાન જેવું થવા માટે આ વેષ પહેરવાનો છે.

આપણા મનમાં વેષ એટલે મહારાજ સાહેબે પછેડી પહેરવાની.

પહેરવાની એટલે પહેરવાની, મુહપત્તી બાંધવાની એટલે બાંધવાની.

પણ શા માટે ?

આ દરેક વેષમાંથી પ્રેરણા મળે છે કે, હું ભગવાન થવા માટે આ પહેરી રહ્યો છું. ભગવાનની આજ્ઞા પ્રમાણે પહેરી રહ્યો છું અને ભગવાનને લાયક થવા માટે આ કરી રહ્યો છું.

વ્યક્તિ ભગવાનની દિશામાં પોતાની કાયાને ગોઠવે એટલે ધીમે ધીમે કાયાથી ભગવાન બનવા લાગે છે. કાયા ગોઠવાણી, હવે ધીમે ધીમે વાણી ગોઠવવાની.. એ ભગવાન જેવું બોલવા લાગે છે. વાણી ગોઠવાઈ ગઈ, કાયા ગોઠવાઈ ગઈ હવે મન સમજે છે કે મારું આમાં કાંઈ ચાલવાનું નથી. એટલે ધીમે ધીમે મન પણ ભગવાનની દિશામાં ગોઠવાવા લાગે છે. પહેલાં કાયા ગોઠવાય, પછી વાણી ગોઠવાય અને પછી મન ગોઠવાય.

ભગવાનની દિશામાં, ભગવાન બનવા માટે પહેલાં કાયાને ગોઠવો પછી વાણીને અને પછી તમારા મનને ગોઠવો.

ઠાણેણં, મોણેણં, ઝાણેણં, અપ્પાણં વોસિરામિ.

ઠાણેણં એટલે હું કાયાને ગોઠવું છું.

મોણેણં એટલે હું ભગવાનની જેમ મૌન રાખું છું.

ઝાણેણં એટલે હું ભગવાનની જેમ ધ્યાન કરું છું.

માટે ભગવાન સિવાયનું જેટલું છે તે અપ્પાણં વોસિરામિ, તે હું વોસિરાવું છું.

જે સમયે ઠાણેણં, મોણેણં, ઝાણેણં બોલું છું તે સમયે એવું થવું જોઈએ કે મારી કાયાને, મારી વાણીને, મારા મનને હું ભગવાન જેવું બનાવવા માટે ભગવાનની જેમ ગોઠવું છું.

અને જે એક વખત ભગવાનની જેમ ગોઠવાવાનો પ્રયત્ન કરે છે તે એક દિવસ ભગવાનને સ્થાને ગોઠવાઈ જાય છે.

જેને ભગવાનપણામાં ગોઠતું નથી તે ભગવાનપણામાં ક્યારેય ગોઠવાતાં નથી.

**'कायसमाहारणयाए'** ।

એક વખત કાયા ભગવાનની જેમ ગોઠવાય છે એટલે ધીમેધીમે કાર્યો બધાં થતાં જાય છે.

**तओ पच्छा सिज्झइ, बुज्झइ, मुच्चइ परिणिव्वायइ सव्वदुक्खाणमंतं करेइ ।**

ત્યારે આત્મા સ્થિર થઈ જાય છે. આત્મા એકદમ સમાન થઈ જાય છે .આત્મા બધાથી મુક્ત થઈ જાય છે.

**परिणिव्वायइ** એટલે આત્મા પાછો આવતો નથી. **सव्वदुक्खाणमंतं** એટલે કે બધાં દુઃખોથી મુક્ત થઈ જાય છે.

જે ભગવાનની જેમ ગોઠવાય છે તે ભગવાનના સ્થાને ગોઠવાઈ જાય છે.

ઓગણસાઈઠમો બોલ

# સ્થિરતા આવે સુજ્ઞતાથી

## જ્ઞાન સંપન્નતા

णाणसंपण्णयाए णं भंते ! जीवे किं जणयइ ? णाणसंपण्णयाए
णं सव्वभावाहिगमं जणयइ,
णाणसंपण्णे णं जीवे चाउरंते संसारकंतारे ण विणस्सइ।
जहा सूई ससुत्ता, पडिया वि ण विणस्सइ। तहा जीवे ससुत्ते,
संसारे ण विणस्सइ।।
णाणविणय–तवचरित्तजोगे संपाउणइ, ससमयपरसमय विसारए
य संधायणिज्जे भवइ ।।

વ્યક્તિ, જ્ઞાનસંપન્ન બને, અજ્ઞાનમાંથી મુક્તિ મેળવીને જ્ઞાન તરફ આગળ વધે છે, તેના આત્માને શો લાભ થાય છે?

ભગવાન કહે છે કે જેમ એકલી સોય ખોવાઈ જાય તો મળતી નથી. દોરા સાથેની સોય પડી જાય, કદાચ ખોવાઈ જાય તો મળ્યા વગર રહેતી નથી.

સુતે એટલે દોરા સાથે. દોરા વગરની સોય પડયા પછી ખોવાઈ જાય છે, તેમ જ્ઞાન વગરનો જીવ મનુષ્યભવ પૂરો કર્યા પછી સંસારમાં ખોવાઈ જાય છે. મનુષ્યભવ મેળવ્યા પછી જે જ્ઞાનને મેળવી લે છે તે દોરાવાળો થઈ જાય છે. તે સંસારમાં પડતો નથી અને પડે તો ખોવાતો નથી. જ્ઞાનનું મહત્ત્વ તે કે તમે સંસારમાં ક્યારેય ભટકશો નહીં.

આંખનું મહત્વ તે કે તમે સંસારમાં ક્યારેય પછડાશો નહીં.

**णाणसंपण्णयाए सव्वभावाहिगमं जणयइ ।**

વ્યક્તિ જ્ઞાની બને ત્યારે બધા જ ભાવોને જાણવા લાગે અને બધા જ ભાવોને જાણે એટલે તેને one side ના ભાવોથી અકળામણ થતી હોય તે નથી થતી. આપણને અકળામણ થાય તેનું કારણ તે કે આપણે એક બારીથી જોઈએ છીએ, આપણે બધી બારીથી જોતા નથી.

આ બારીથી જોનાર વ્યક્તિને ઓફિસ દેખાશે, તે બારીથી જોવાથી આયંબિલશાળા દેખાશે અને પેલી બારીથી જોવાથી રોડ દેખાશે. એક કહેશે કે ઉપાશ્રયમાંથી જોઈએ તો ઓફિસ જ દેખાય છે, બીજું કાંઈ દેખાતું નથી, બીજો કહેશે આયંબિલશાળા દેખાય છે જ્યારે ત્રીજો કહેશે ના રોડ દેખાય છે.

એક બારીથી જોનાર વ્યક્તિ હંમેશાં અશાંતિને નોતરે છે અને બધી બારીથી જોનાર વ્યક્તિ હંમેશાં શાંતિને નોતરે છે.

એક angle થી કોઈ પણ વાતને જોનાર વ્યક્તિ અશાંતિને નોતરે છે અને બધા angle થી જોનાર વ્યક્તિ શાંતિને નોતરે છે.

જ્ઞાન એટલે બધી બારીથી જોવું અને અજ્ઞાન એટલે એક બારીથી જોવું. અજ્ઞાનમાં જ્ઞાન રહેલું છે, પણ આગળ 'અ' આવે છે. અલ્પ જ્ઞાન હોય તેને અજ્ઞાન કહેવાય. જેનામાં બધું જ જ્ઞાન હોય તેને સંપૂર્ણ જ્ઞાનવાળો કહેવાય છે.

અલ્પજ્ઞાની અધુરો હોય છે અને અધુરો અધીરાઈવાળો હોય છે અને તે

અથડાતો હોયછે.

અધૂરો ઘડો છલકાય અને પૂરો ઘડો કેમ ન છલકાય?

જેને જ્યાં ને ત્યાં જવું હોય તે જ અથડાય છે અને છલકાય છે. જેને જવા માટે કોઈ જગ્યા જ નથી, જે સંપૂર્ણ થઈ ગયા છે, તેને જગ્યા મળતી નથી તેથી તે ઝઘડતા નથી.

સ્થિર હંમેશાં શાંત હોય છે. અસ્થિર હંમેશાં અશાંત હોય છે.

તમે તમારામાં કોઈકને માટે જગ્યા આપશો ને કોઈકને માટે જગ્યા રાખશો તો અશાંત થશો. તમે તમારામાં સંપૂર્ણ થઈ જશો તો કોઈ માટે જગ્યા રહેશે નહીં. તેથી તમે ક્યારેય છલકાશો નહીં. તમે ક્યારેય ભટકાશો નહીં. !

**વ્યક્તિ જ્ઞાનથી સંપન્ન બને ત્યારે તે વ્યક્તિ સંપૂર્ણ બને છે.**

આત્માનો ગુણ જ્ઞાન છે. જ્ઞાનથી જ આત્મા સંપૂર્ણ બને છે.

અજ્ઞાની અપૂર્ણ હોય છે. જ્ઞાની સંપૂર્ણ હોય છે.

સંપૂર્ણમાં શાંતિ હોય છે.

અપૂર્ણતામાં અશાંતિ હોય છે.

આ ભવમાં તમારો નિર્ણય હોવો જોઈએ કે મારે પહેલાં જ્ઞાનથી સંપન્ન થવું છે.

હજી સુધી એક પણ બોલમાં એવું ન આવ્યું કે અહીંયાંથી જન્મ લઈને એક પણ ભવમાં ન ભટકવું હોય તો શું કરવું ?

આ બોલમાં વાત આવી કે સંસારમાં ન અથડાવું હોય, ન ભટકવું હોય તો તમે જ્ઞાનયુકત બની જાવ !

જ્ઞાનયુક્ત હોય તેને મુક્ત થતાં વાર લાગતી નથી અને જેનામાં જ્ઞાન નથી હોતું તે ક્યારેય મુક્ત થઈ શકતો નથી.

**णाण–विणय–तव–चरित्त जोगे संपाउणइ ।**

વ્યક્તિ જ્ઞાની બને ત્યારે શું થાય ?

ત્યારે તેનામાં વિનયનો ભાવ આવે છે. તેનામાં તપનો ભાવ આવે છે . તેનામાં ચારિત્રનો ભાવ આવે છે. તેનામાં પરમાત્માના ધર્મ સાથે જોડાવાનો ભાવ આવે છે.

**સસમય** એટલે આત્માનું જ્ઞાન અને **પરસમય** એટલે અન્ય ધર્મનું જ્ઞાન.પરમાત્માએ કહ્યું છે કે તમે જ્ઞાની બનો એટલે તમારા ધર્મમાં ઊંડાં ઉતરતા જાવ અને બીજા ધર્મનો અભ્યાસ કરતા જાવ. તમે બીજા ધર્મનો અભ્યાસ નહીં કરેલો હોય તો બીજા ધર્મની વ્યક્તિ તમને કંઈ પણ કહી દેશે અને તમે તેને માનવા લાગશો.

જેમ તમને કોઈ બ્રાહ્મણ આવીને કહી દે કે તમારે કાલસર્પયોગ છે. તમારે નર્મદાના કાંઠે જવું પડશે. ચાણોદના કાંઠે જવું પડશે અને તેમાં નાહવું પડશે એટલે પાપ ધોવાશે પછી બધું OK થઈ જશે. આ સાંભળીને તમે મૂંઝાઈ જશો.

જ્ઞાની વ્યક્તિ પોતાના ધર્મને જાણે છે અને બીજાના ધર્મના weak Point ને પણ જાણે છે. જ્ઞાની વ્યક્તિ **સસમય** ના જાણકાર હોય છે અને **પરસમય** ના વિશારદ હોય છે.

ઊંડાણથી અન્ય ધર્મના Weak Points ને જાણી લેવાથી પોતાના ધર્મમાં દૃઢ રહી શકાય છે. તમે શત્રુને સારી રીતે જાણતા હો તો મિત્રને સારી રીતે જાણી શકો છો. જ્યાં સુધી તમે શત્રુને જાણી શકતા નથી ત્યાં સુધી મિત્રને જાણતા જ નથી.

પારકાને જાણતા નથી ત્યાં સુધી પોતાને જાણી શકાતા જ નથી. પોતાને સંપૂર્ણ જાણવું છે તો તે વ્યક્તિએ પારકાને સંપૂર્ણ જાણવા પડશે. તો જ તેને ખબર પડશે કે આ પોતાનું છે અને આ પારકું છે. પારકાને સંપૂર્ણ જાણ્યા વગર પોતાને સંપૂર્ણપણે જાણી શકાતું નથી.

આગમમાં વાત આવે છે કે ઘણા લોકો માને છે કે ગંગામાં સ્નાન કરવાથી તમારા પાપ ધોવાઈ જાય છે. ત્યારે ભગવાને Point બતાવી દીધો કે માછલી આખો દિવસ ગંગામાં રહે તો તેનો મોક્ષ થાય છે? તેમ  કાળસર્પયોગ હોય તે નર્મદામાં નહાય એટલે કાળસર્પયોગ ધોવાય નહીં.

જ્યારે જ્ઞાની વ્યક્તિ જ્ઞાની બને અને બીજા ધર્મનો વિશારદ બને ત્યારે બીજા ધર્મની વ્યક્તિ તેને ક્યારેય લોભાવી નથી શકતી, લલચાવી નથી શક્તી અને પોતાના ધર્મમાં લઈ જઈ શકતી નથી. કારણ કે ધર્મ પરિવર્તન કરાવવાની પરંપરા અનંતકાળથી ચાલે છે. માટે પરમાત્માએ આ બોધ આપ્યો છે.

પ્રતિક્રમણ આવડતું હોય તેને પાંચમો પાઠ આવડતો હશે. તે પાઠમાં શબ્દો છે - **शंका,कंखा, वितिगिच्छा, पर पासंड पसंसा, पर पासंड संथवो ।**

પોતાના ધર્મના ગુરુમાં, પોતાના દેવમાં જે શંકા કરે તેને પરમાત્માએ અધર્મી કહ્યો છે. પર પાસંડ સંથવો - એટલે પોતાના ગુરુને છોડીને બીજા પાસે જાય છે તેને પણ પરમાત્માએ દોષ કહ્યો છે. **पर पासंड संथवो** – એટલે પોતાનો ધર્મ, પોતાના ગુરુ અને પોતાના દેવ છોડી જે બીજાનો માત્ર પરિચય કરે છે તેને પણ પરમાત્માએ દોષ કહ્યો છે. **पर–पासंड संथवो** એટલે પરિચય.

પરિચય થયો અને તમારી પાસે અજ્ઞાન હશે તો તે તમને તેની વાતમાં લાવી દેશે અને તમને થશે કે તે જ સાચું છે. એટલે તમે તેની દિશામાં ચાલવા લાગશો.

પરમાત્માનો ધર્મ છોડી અન્ય ધર્મનો પરિચય કરવાની પરમાત્માની આજ્ઞા નથી !

જ્યાં સુધી તમે અજ્ઞ છો ત્યાં સુધી આજ્ઞા નથી પરંતુ તમે સુજ્ઞ બની જાવ પછી તમને બધી આજ્ઞા છે.

કોઈ પણ છોડ નાનો હોય ત્યારે તેની આજુબાજુ વાડ મૂકવામાં આવે છે કોઈ બકરી તેને ચાવી જાય નહીં માટે !

તેમ આપણને આપણા ધર્મનું, આપણા દેવનું, આપણા ગુરુનું સંપૂર્ણ જ્ઞાન ન થાય ત્યાં સુધી અન્ય ધર્મમાં જવાનું નહીં કેમ કે આપણી પાસે સમજ ન હોય અને કોઈ આપણને કાંઈ ભેરવી દે તો !

એક બહેન હતાં તે ધર્મધ્યાન, સામાયિક, પ્રતિક્રમણ, સંતોની સેવા, ભક્તિ,

ગોચરી પાણી બધું જ કરે અને ધીમે ધીમે જ્ઞાન મેળવે. તેમાં તેને એક મહારાજનો પરિચય થઈ ગયો. તે બીજા ધર્મના હતા. તેમણે સમજાવી દીધું કે ઉપવાસ તો કરાય નહીં તેનાથી પેટના કીડા મરે, બાકી આપણા આત્માને કાંઈ લાભ થાય નહીં. પ્રતિક્રમણ બોલો તેનાથી આત્માને લાભ થાય નહીં. સામાયિક કરવાની હોય નહીં. સમતામાં જ રહેવાનું, તેવું બધું એટલું Fit કરી દીધું કે રોટલી બનાવતાં બનાવતાં તેમને વિચાર આવ્યો અને રોટલી તવા ઉપર એમને એમ રહી ગઈ. બહેન ઘરની બહાર નીકળી ગયા. તે મહારાજના પંથમાં, તેમના સંપ્રદાયમાં પડી ગયા ને ત્યાં ને ત્યાં રહેવા લાગ્યા.આ એક સત્યઘટના છે.

માટે યાદ રાખવાનું કે આપણે વિશારદ ન હોઈએ ત્યાં સુધી આપણાથી પરિચય કરાય નહીં. કારણ કે પરમાત્મા કહે છે કે તમારો ધર્મ અનંતાપુણ્ય પછી મળેલો છે. આપણે પરિચય કરવા ગયા તો તે અનંતાપુણ્ય પછી મળેલો ધર્મ આપણને ફરી મળતો નથી. પરમાત્માએ તો આપણને  Red light બતાવી દીધી. જવું કે ન જવું તે આપણા પોતાના વિવેક ઉપર આધાર રાખે છે.

પરમાત્માનો ધર્મ રહેલો છે કે વ્યક્તિ કયાંય કર્મબંધનમાં આવે નહીં. **पर पासंड पसंसा अमै पर पासंड संथवो –** વ્યક્તિ પારકાની પ્રશંસા  કયારે કરે છે ? તેને તેનું કાંઈ ગમવા લાગે અને પોતાના ધર્મનું કાંઈ ગમતું નથી ત્યારે બીજાના ધર્મનું ગમવા લાગ્યું છે પછી તે તરફ વળ્યા વગર રહેવાતું નથી.

ધીમે ધીમે આપણા ધર્મની અનેક વ્યક્તિ બીજા અનેક સ્થાનકોની અંદર જતી રહી અને ગયા પછી એટલી બધી નક્કર બની ગઈ છે કે હવે તેને પાછી વાળવી બહુ મુશ્કેલ છે. તેવું થયું તેનું એક જ કારણ કે તમારામાં અધૂરપ હતી. તમારામાં અલ્પસુજ્ઞતા હતી અને અલ્પજ્ઞવ્યક્તિ પરનો પરિચય કરે ત્યારે ભોળવાયા વગર રહેતી નથી.

કન્યા ૨૦ થી ૨૧ વર્ષની ન થાય ત્યાં સુધી બીજા સાથે તેનો પરિચય શા

માટે કરવા નથી દેતા ?

તેની મુગ્ધાવસ્થા છે માટે !

તેવી જ રીતે ધર્મના ક્ષેત્રમાં આપણી મુગ્ધાવસ્થા હોય ત્યાં સુધી સ્વધર્મ છોડી બીજે ક્યાંય જવાનું હોય નહીં.

કેમ કે આપણને સંપૂર્ણ જ્ઞાન છે જ નહી માટે આપણે ક્યારે ભરમાઈ જઈએ નક્કી હોતું નથી..!

**जहा सूई ससुत्ता, पडिया वि ण विणस्सइ ।**

**तहा जीवे ससुत्ते, संसारे ण विणस्सइ ।।**

જ્ઞાની વ્યક્તિ સંસારમાં પડતો નથી અને પડે છે તો ખોવાતો નથી. અજ્ઞાની વ્યક્તિ દોરા વિનાની સોયની જેમ ક્યાં ખોવાઈ જાય તેની ખબર પડતી નથી..!

**સાંઈઠમો બોલ**

# સમ્યક્ દર્શન એજ દર્શન

## દર્શન સંપન્નતા

दंसणसंपण्णयाए णं भंते ! जीवे किं जणयइ ?
दंसणसंपण्णयाए णं भवमिच्छत्त–छेयणं करेइ, परं ण
विज्झायइ, परं अविज्झाएमाणे
अणुत्तरेणं णाणदंसणेणं अप्पाणं संजोएमणे सम्मं भावेमाणे
विहरइ ।

દર્શનસંપન્નતાથી હે પરમાત્મા ! જીવને શું લાભ થાય છે ?

દર્શનસંપન્નતાથી જન્મ મરણના ફેરા માટે જે કારણભૂત છે તે મિથ્યાત્વ નો નાશ થાય છે.

દર્શન એટલે સમ્યક્ દર્શન . સમ્યક્ દર્શન એટલે જે પદાર્થ કે વસ્તુનું જે સ્વરૂપ છે તે સ્વરૂપે તેને જોવું અને ઓળખવું.

સમ્યક્ દર્શન એટલે સમભાવે જોવું.

સમ્યક્ દર્શન વગર મોક્ષની પ્રાપ્તિ શક્ય જ નથી .

સમ્યક્ દર્શન  એક એવો PASSPORT છે, જેના વિના મોક્ષમાં જઈ શકાય નહીં. સમ્યક્ દર્શન તેને જ પ્રાપ્ત થાય છે જેના જીવનમાં 'ગુરુ' છે અને જે ગુરુની આજ્ઞામાં છે, જેને ગુરુ પ્રત્યે સંપૂર્ણ સમર્પણતા ના ભાવ છે.

**સમર્પણતા જ સમ્યક્ દર્શનની જનેતા છે !**

જે સમર્પણતાના ભાવ સાથે સદ્ગુરુનો સ્વીકાર કરે છેતેની સ્વઈચ્છાનું મૃત્યુ થાય છે અને તેનામાં આજ્ઞાનો જન્મ થાય છે. તેની પ્રત્યેક પ્રવૃત્તિ આજ્ઞાના  અહેસાસ સાથે હોય છે.

જે આજ્ઞામાં રહી માનાદિક શત્રુઓ ને મહાત કરે છે તેને જ ઉજ્જવળ સમ્યક્ દર્શનની પ્રાપ્તિ થાય છે.

સમ્યક્ દર્શનની પ્રાપ્તિ માટે દેવગુરુ અને ધર્મ પ્રત્યે રાગ હોવો જોઈએ. સંવેગભાવ હોવો જોઈએ.

જે સંવેગભાવમાં પ્રવેશતો નથી તે સમ્યક્ દર્શન ને પામતો નથી. **સંવેગ વગર સમ્યગ્ દર્શન ન હોય અને સમ્યગ્ દર્શનવગર સિદ્ધિ ન હોય !** સંવેગનું ફળ છે સમર્પણ. સમર્પણ વગરનાં જ્ઞાન અને દર્શન પણ નકામા છે. સંવેગ વિના બુદ્ધિનો વિકાસ થાય પણ સદ્ગુણો ઘટતા જાય.

સંવેગ વગરની સાધના વ્યર્થ છે.

ભગવાન મહાવીરને જોયા પછી ચંદનબાળાને જે ભાવ થયો તે છે સંવેગ ભાવ!

ભલે ભગવાન સદેહે ચંદનબાળા સાથે નથી પણ અંતરઆત્માથી તો સદાય સાથે જ છે. ભગવાનની આકૃતિ તેના સ્મરણપટ પર અંકિત થયેલી છે તે પરમાત્માના અનુપમ વાત્સલ્યભાવથી ભીંજાઈ ગઈ હતી. માટે જ તેની આંખ માત્ર એક જ દર્શન માટે તડપતી હતી.

સંવેગ આવે એટલે નિર્વેદ આવે જ ! જેને દેવગુરુ ગમવા લાગે તેને સંસાર રૂચે

જ નહીં.

સંસાર પ્રત્યેની ઉદાસીનતા તે જ દેવગુરુ પ્રત્યેના ઉલ્લાસભાવનો માપદંડ છે.

સંવેગ અને નિર્વેદ પછી કર્મોનાં આવરણ ઘટવા લાગે છે અને આત્મા હળવો ફૂલ થઈ જાય છે.

સમ્યક્ દર્શન એટલે આત્માની સાચી ઓળખ.

સમ્યક્ દર્શન એટલે સાચી માન્યતાપૂર્વક જોવું. તમે આત્માને–આત્માના જીવન વ્યવહાર ને કઈ દ્રષ્ટિથી જુઓ છો તેના ઉપર સમ્યક્ દર્શનનું આલંબન છે.

સમ્યક્ દર્શન એક જ એવી વસ્તુ છે જે સાથે લઈ જઈ શકાય અને જેનાથી ભવોભવ સુધારી શકાય.

સમ્યક્ દર્શન એ MASTER KEY છે. જેની વડે અનેક તાળાઓ ખૂલી જાય. મિથ્યાત્વનો નાશ થાય, સમકિતની પ્રાપ્તિ થાય, કેવળજ્ઞાન, કેવળદર્શનની પ્રાપ્તિ થાય, સંયમ–તપની આરાધના થાય.

જીવ, અજીવ, પુણ્ય, પાપ, આશ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ. આ નવ તત્ત્વ છે. આ નવ તત્ત્વ ઉપર જેને શ્રદ્ધા થાય છે, તેજ સ્વયંના આત્માની જાગૃતિને કેળવી શકે છે. તે જ સમગ્ર વિશ્વનું દર્શન કરી શકે છે, અને તેજ સિદ્ધિને પામી શકે છે.

સમ્યક્ દર્શન એટલે આત્માને આત્મિક દ્રષ્ટિથી ઓળખવો.

જડ પદાર્થને જડ તરીકે જોવું એ છે સમ્યક્ દર્શન .

જે જેમ છે તેમ જાણવું, માનવું અને સ્વીકારવું તે છે સમ્યક્ દર્શન.

તમે મને જુઓ છો ? ના... !

તમે મારા શરીર નામના માળખાંને જુઓ છો !

આ આંખો વડે હું શરીર નામના માળખાને જોઈ શકું છું.

આ આંખો વડે આત્માનું દર્શન ન થાય.

જે વસ્તુનું જેવું સ્વરૂપ છે તેમ તેને માનવું તે છે સમ્યક્ દર્શન.

જ્યારે અંતર દેવગુરુ-ધર્મ માટે શ્રદ્ધાશીલ, શ્રદ્ધાવાન બને છે ત્યારે દેવગુરુ પ્રત્યેનું સમ્યક્ દર્શન તેનામાં આવી જાય છે.

એકવાર સમ્યક્ દર્શન થાય પછી તેનો સમ્યક્ત્વનો પ્રકાશ બુઝાતો નથી. તે જીવ તે જ ભવમાં અથવા ત્રીજા કે ચોથા ભવમાં કેવળજ્ઞાન, કેવળદર્શન ને પ્રાપ્ત કરે છે. ત્યાર બાદ સંયમ-તપની આરાધના કરી સર્વ કર્મનો ક્ષય કરી મુક્તિને પામે છે.

જ્યાં સુધી સમ્યક્ દર્શન પ્રગટ ન થાય ત્યાં સુધી કોઈ પણ આત્મા નથી વિરાગી બની શકતો, નથી વીતરાગી બની શકતો, કે નથી સર્વજ્ઞને પામી શક્તો.

શું આપણે સમ્યક્ દર્શન પ્રાપ્તિના અભિલાષી બન્યા છીએ ?

સમ્યક્ દર્શન પ્રાપ્તિને લાયક બન્યા છીએ ? આપણે બધાં એક હલેસાવાળા છીએ. માટે જ ઘાંચીના બળદની જેમ રૂટિન પ્રમાણે ઘરેથી ઉપાશ્રય અને ઉપાશ્રયથી ઘરે એમ ગોળગોળ ફર્યા કરીએ છીએ.

આપણને પરમાત્માની વાણી સ્પર્શે છે, માટે આપણે ઉપાશ્રય નથી આવતા . આપણે તો જવું જોઈએ માટે આવીએ છીએ.

આજે એક સંકલ્પ કરી લ્યો કે, આ ભવમાં મારે ગુરુ સાનિધ્યમાં એવી સાધના કરવી છે જેથી મને મૃત્યુ પહેલાં સમ્યક્ દર્શન પ્રાપ્ત થાય. જેનું સમ્યક્ દર્શન સાથે મૃત્યુ થાય તેનું મૃત્યુ પણ સાર્થક છે અને આ મળેલો અમૂલ્ય માનવભવ પણ સાર્થક છે.

સમ્યક્ દર્શનનો પ્રકાશ એની ઉપર જ પડે છે જે સમર્પણ ભાવે સદ્ગુરુનાં ચરણમાં રહી ગુરુ આજ્ઞાનું પાલન કરે છે, જેણે સ્વમતનો આગ્રહ ત્યજી દીધો છે અને જે અહમ્ રહિત છે.

કેમકે સમર્પણતા સમ્યક્ દર્શનની જનેતા છે. સમર્પણતા હશે તો જ સમ્યક્ દર્શન નામના પુત્રનો જન્મ થશે.

ગુરુ સ્મરણ એજ શિષ્યનો વ્યવહાર છે અને શિષ્યના ભાવ જ તેના ભાવિને

ભવ્ય બનાવી દે છે.

જેના જીવનમાં ગુરુ નથી તે બધાં ખેતરમાં ઊભેલા ચાડિયા જેવા છે. બધું જ હોવા છતાં નિર્જીવ છે.

આજ્ઞા વગરનું જીવન ચાડિયા જેવું હોય છે. જેમા માત્ર દેખાવ હોય વાસ્તવિક્તા ન હોય !

ગુરુ વિનાના સાધકને સાધના સ્પર્શતી નથી.

સદ્ગુરુના ચરણ અને શરણમાં રહી સાધના કરી આ ભવમાં સમ્યક્ દર્શનને પ્રાપ્ત કરી ભવને સુધારીએ એ જ મંગલ કામના !

**એકસઠમો બોલ**

# અન્યની અન્યતા તે ચારિત્ર

## ચારિત્ર સંપન્નતા

चरित्त–संपण्णयाए णं भंते जीवे किं जणयइ ?
चरित्त–संपण्णयाए णं सेलेसीभावं जणयइ, सेलेसिं पडिवण्णे
य अणगारे चत्तारि केवलिकम्मंसे खवेइ,
तओ पच्छा सिज्झइ, बुज्झइ, मुच्चइ परिणिव्वायइ
सव्वदुक्खाणमंतं करेइ।

ચારિત્ર સંપન્નતાથી હે પરમાત્મા ! જીવને શું લાભ થાય છે ?

ચારિત્રની સંપન્નતાથી સાધક અયોગી ભાવને પ્રાપ્ત કરે છે. તે નિષ્કંપ અવસ્થાને પ્રાપ્ત કરે છે અને પછી ચાર અઘાતી કર્મોનો ક્ષય કરે છે.

ચારિત્રની સંપન્નતા એટલે આત્મા સિવાય આત્માને જેટલું વળગેલું છે તેને અલગ કરી આત્માને ઓળખવાનો પ્રયત્ન કરવો.

જે આત્મા સિવાયનું છે તેને જુદા પાડવાના પ્રયોગથી ચારિત્રની પ્રાપ્તિ થાય છે.

આત્માથી આત્મા સિવાયના ને જુદા પાડવા માટે પરમાત્માએ ત્રણ પ્રક્રિયા બતાવી છે. ધ્યાન, યોગ અને કાઉસગ્ગ...!

ધ્યાન, યોગ અને કાઉસગ્ગ દ્વારા આ કાયા મારાથી પર છે તેની કલ્પના કરવી. કાઉસગ્ગ મુદ્રામાં બેસી કલ્પના કરવી કે આ શરીરમાંથી આત્મા બહાર નીકળી રહ્યો છે. આત્મા અને શરીર ભિન્ન છે. તે બંને જુદા છે. શરીર અને આત્મા જુદા હોવાની અનુભૂતિ કરવી.

મોક્ષ માર્ગ ચાર કારણથી જ શક્ય છે. જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપ.

જ્ઞાન અને દર્શન પ્રાપ્તિ છે જ્યારે ચારિત્ર અને તપ પાત્રતા છે.

જ્ઞાની વ્યક્તિ જ્ઞાન અને દર્શન દ્વારા પાત્રતા સર્જે છે અને તેમાં ચારિત્રના ગુણને ગ્રહણ કરે છે. જ્ઞાન, દર્શન આત્માની પાત્રતા છે, જેમાં સદ્ગુણોનો વાસ થાય છે.

જ્ઞાન અને દર્શનની પાત્રતા વગર ચારિત્રની કોઈ કિંમત હોતી નથી . ચારિત્ર તે ગુણ પ્રાપ્તિનું કારણ છે. ચારિત્ર એટલે શ્રદ્ધાવાનનું સતત સ્મરણ. તેના પ્રત્યેનો વિશ્વાસ ભાવ. ચારિત્ર જીવનભર કરવાનું હોય.

ચારિત્ર હંમેશાં સમ્યક્ જ્ઞાન અને સમ્યક્ દર્શનપૂર્વક હોય છે.ચારિત્રના વિકાસ માટે માત્ર મુહપત્તી, સામાયિક કે પ્રતિક્રમણ ન ચાલે.

જેમ દર્શનની સંપન્નતા માટે દેવ ગુરુ પ્રત્યે શ્રધ્ધા અને સમર્પણતા જરૂરી છે તેમ ચારિત્રની સંપન્નતા માટે, ચારિત્રરૂપ કારણના વિકાસ માટે અંતરનું નિરીક્ષણ, સ્વદોષની કબૂલાત, પાંચ મહાવ્રત, ત્રણ સમિતિ, ત્રણ ગુપ્તિ જરૂરી છે. તે માટે આત્મ જાગૃતિના ભાવને કેળવવા જોઈએ.

ચારિત્ર સંપન્ન થવા ઈચ્છતા સાધકે ઈરિયા સમિતિની પાલના કરવી જોઈએ. આત્મજાગૃતિ ધર્મ નિભાવવો જોઈએ.

ભગવાનની આજ્ઞા પ્રમાણે ઈરિયા સમિતિની પાલનાથી ચારિત્ર ધર્મને

CHARGE કરી લેવો જોઈએ.

આખા દિવસમાં એક અવસર એવો આવવો જોઈએ જેમાં આપણો અહમ તૂટે, કડવા શબ્દો સાંભળવા પડે, અપમાન થાય, અને તે થયા પછી શું
થાય છે તેનું આત્મ નિરીક્ષણ કરવું, તેમાં પોતાની ભૂલ હોય તો નિખાલસતાથી કબૂલ કરવી.

જો અપમાન અને કડવા શબ્દો ગળી ગયા, ભૂલોની કબૂલાત કરી લીધી તો સાધના સાર્થક અન્યથા નિરર્થક !

ચારિત્રસંપન્નતાનું એક નિમિત્ત હોવું જ જોઈએ. કેમકે આપણે નિમિત્ત આધારિત સાધકો છીએ અને પ્રતિકૂળતા જ સાધનાને દ્રઢ બનાવે છે. સાહજિક ગુણોને પ્રગટ કરે છે.

ચારિત્રસંપન્નસાધક જ્ઞાન સંપન્ન અને દર્શન સંપન્ન તો હોય જ છે. આત્મ જ્ઞાન, દર્શન અને ચારિત્ર સંપન્ન સાધક યથાખ્યાત ચારિત્રને પ્રાપ્ત કરે છે. અયોગી અવસ્થાને પ્રાપ્ત કરે છે , સ્થિર થઈ જાય છે અને ચાર અઘાતી કર્મોનો ક્ષય કરી નિર્વાણ પામે છે ,મોક્ષ ગતિને પામે છે અને તેનાં સર્વ દુઃખોનો અંત આવે છે.

બાસઠ થી છાસંઠમો બોલ

# વિષયોના આદર - અનાદરનો અંત

## પંચેન્દ્રિય નિગ્રહ

सोइंदिय–णिग्गहेणं भंते ! जीवे किं जणयइ ?
सोइंदिय–णिग्गहेणं मणुण्णामणुण्णेसु सद्देसु
रागदोस–णिग्गहं जणयइ, तप्पच्चइयं च णं कम्मं ण बंधइ,
पुव्वबद्धं च णिज्जरेइ ।

चक्खिंदिय–णिग्गहेणं भंते ! जीवे किं जणयइ ? चक्खिंदिय–
णिग्गहेणं मणुण्णामणुण्णेसु रुवेसु
रागदोस–णिग्गहं जणयइ, तप्पच्चइयं च णं कम्मं ण बंधइ,
पुव्वबद्धं च णिज्जरेइ ।

घाणिंदिय–णिग्गहेणं भंते ! जीवे किं जणयइ ? घाणिंदिय–
णिग्गहेणं मणुण्णामणुण्णेसु गंधेसु
रागदोस–णिग्गहं जणयइ, तप्पच्चइयं च णं कम्मं ण बंधइ,
पुव्वबद्धं च णिज्जरेइ ।

**जिब्भिंदिय-णिग्गहेणं भंते ! जीवे किं जणयइ ? जिब्भिंदिय-णिग्गहेणं मणुण्णामणुण्णेसु रसेसु रागदोस-णिग्गहं जणयइ, तप्पच्चइयं च णं कम्मं ण बंधइ, पुव्वबद्धं च णिज्जरेइ ।**

**फासिंदिय-णिग्गहेणं भंते ! जीवे किं जणयइ ? फासिंदिय-णिग्गहेणं मणुण्णामणुण्णेसु फासेसु रागदोस-णिग्गहं जणयइ, तप्पच्चइयं च णं कम्मं ण बंधइ, पुव्वबद्धं च णिज्जरेइ ।**

ઈન્દ્રિયોના વિષયોનો આગ્રહ છૂટવો તેને પરમાત્માએ નિગ્રહ કહેલો છે. ઈન્દ્રિયોના વિષય સાથે આપણી મન, વચન અને કાયાની લિપ્તતા છૂટવી તેને પરમાત્માએ 'નિગ્રહ' કહેલો છે.

લિપ્તતા કેવી હોય?

મને કોટન ફાવે છે અને પોલિયેસ્ટર ફાવતું નથી. તેને કહેવાય લિપ્તતા.

મને આ ફાવે છે, મને આ ફાવતું નથી તેને કહેવાય લિપ્તતા. મને આ રૂચે છે પણ આ રૂચતું નથી એ છે લિપ્તતા .એ લિપ્તતા છોડાવવા માટે વૃક્ષના ભવો આપણે અનંતી વાર ક્ર્યા છતાં લિપ્તતા છૂટતી નથી...

અનંતી વાર વૃક્ષના ભવો કરવાં છતાં લિપ્તતા છૂટતી નથી તેનું કારણ એ છે કે ત્યારે પણ આપણે પ્રયત્નપૂર્વક, ભાવપૂર્વક, સંવેગભાવપૂર્વક છોડવાની વૃત્તિ અપનાવી ન હતી.

નિગ્રહ કોને કહેવાય ?

છોડવું અને નિગ્રહ બે વચ્ચે ફરક છે. ઈન્દ્રિયોના વિષયને છોડી દે તેટલા માત્રથી તેનો 'નિગ્રહ' નથી થતો. વ્યક્તિ જમવાનું છોડે તેટલા માત્રથી તેનો પાણીપૂરીનો સ્વાદભાવ છૂટી જાય તેવું માની શકાતું નથી.

વ્યક્તિ એક દિવસનો પૌષધ કરી લે અને ઉપાશ્રયમાં સૂઈ જાય તેટલાથી તેનો ગાદી પ્રત્યેનો રાગ છૂટી જાય છે તેવું માની શકાતું નથી. વ્યક્તિ એક દિવસ માટે કે એક વરસ માટે દિગંબર અવસ્થાને પ્રાપ્ત કરી લે એટલે તેની વસ્ત્ર પ્રત્યેની આસક્તિ છૂટી જાય છે તેવું હોતું નથી... કેમ કે દિગંબર તો વૃક્ષો અને પ્રાણીઓ પણ હોય છે...!

છોડવું, છૂટવું અને નિગ્રહ આ ત્રણ વચ્ચે ફરક છે. કોઈ વ્યક્તિ માનો કે પદાર્થોનો પરિત્યાગ કરી દે, વસ્તુનો ત્યાગ કરી દે, પોતાના જીવનની બધીજ વસ્તુનો ત્યાગ કરી દે તો તેને છૂટયું કહેવાય અને ત્યાગ કહેવાય. પણ 'નિગ્રહ' ન કહેવાય. ઉપવાસથી ભોજન છૂટે કે ભોજન પ્રત્યેની આસક્તિ ? પારણાંમાં પાણીપૂરી ખાવાનું મન થાય કે ન થાય ?થાય જ!

વ્યક્તિ તે- તે પ્રકારના ભાવોમાંથી દૂર થઈ જાય તેટલા માત્રથી તે અહિંસક નથી બની જતો તેટલા માત્રથી તે સત્યવાદી નથી બનતો, તેટલા માત્રથી તે બ્રહ્મચારી નથી બનતો, કે તેટલા માત્રથી તે અપરિગ્રહી નથી બનતો.

નિગ્રહ વગરનો આત્મા ક્યારેય પરમાત્માના પંથનો પથિક નથી બની શકતો...!

કેમ કે છોડવું તે નિયમ છે. ઉપવાસ છે માટે ખાવાનું નથી તે નિયમ છે. પણ આવતીકાલે ખાવાનું છે તે નક્કી થઈ ગયું.

હવે હું ખાવાનો જ નથી એને કહેવાય કે તેણે નિગ્રહ કર્યો.

'નિગ્રહ' એટલે શું ?

પાંચેપાંચ ઈન્દ્રિયોના વિષયોના આદર અને અનાદર બંનેથી છૂટવું તેનું નામ

છે 'નિગ્રહ'.

પરમાત્મા સમવસરણમાં જાય છે. ભગવાન સોનાના સમવસરણમાં જાય છે. ભગવાન અશોકવૃક્ષની નીચે બેસે છે. ભગવાન ચરણ મૂકે ત્યાં કમળ થઈ જાય છે. આ બધું કેમ થાય છે ?

ભગવાન બતાવે છે કે પુદ્‌ગલને છોડવું કે ન છોડવું તેના કરતાં પણ આંતરિક નિગ્રહભાવ લાવવો અતિ જરૂરી છે, માટે પરમાત્મા અનાર્ય દેશમાં પણ વિચરી શકે છે અને પરમાત્મા સમવસરણમાં પણ બેસી શકે છે.

ત્યાગનો આગ્રહ મોટાભાગના ત્યાગીને હોય છે. અમે આમ કરીએ નહીં, અમારાથી આમ થાય નહીં, હું આમ કરી શકું નહીં. આપણાથી આમ કરાય નહીં. ત્યાગના આગ્રહવાળા પણ નિગ્રહવાળા કહેવાતા નથી. કેમ કે, તેમણે પોતે કરેલા ત્યાગમાં પણ એક જાતનો આગ્રહ જન્મેલો છે.

ભગવાને કહ્યું છે કે વ્યક્તિ પાપને નિગ્રહ દ્વારા છોડે છે, આગ્રહ દ્વારા છોડતો નથી. પાપ છોડવાનો આગ્રહી પણ અધર્મી હોય છે. ઘરમાં મા-બાપ બિમાર છે, મળમૂત્રથી ખરડાયેલા છે, મા-બાપ કણસે છે, છતાં તમે કહો કે મારે સામાયિક કરવી છે, હું ભગવાનની માળા ન ફેરવું ત્યાં સુધી કાંઈ કરું નહીં.

માટે જ, પરમાત્મા મહાવીરસ્વામીએ ગર્ભ અવસ્થામાં નિગ્રહ કર્યો કે મારે ત્યાગનો પણ આગ્રહ કરવો નથી. મારે ત્યાગી બનવાનો પણ આગ્રહ કરવો નથી.

આ સૂક્ષ્મતાને સમજ્યા નથી તે લોકો જ સ્થૂળતાને જોઈને ટેરવું ચડાવે છે.

તમારે પિકચર જોવા જવું છે, હરવા-ફરવા જવું છે, વાતો-ચીતો કરવી છે, મોજમસ્તીભર્યા વાતાવરણમાં રહેવું છે અને તમે કહો કે મારે દીક્ષા લેવી છે તો મા-બાપ વિચાર કરે કે ત્યાં જઈને પણ આ મોજમસ્તી સિવાય બીજું કાંઈ કરશે નહીં.

તમારા જીવનનો વ્યવહાર જ એવો પલટાવવો જોઈએ કે સામેવાળાને થાય કે આ સંસારમાં રહી શકશે નહીં.

માનો કે કોઈ આગ્રહથી પરાણે દીક્ષા લે તો તેનું પતન થયા વગર રહેવાનું નથી.

કેમ કે, અહીંયાં પણ તે અહમ્ પોષીને આવ્યો છે, કે મારે તો દીક્ષા લેવી જ છે, હું તો દીક્ષા લેવાનો જ છું, હું સંસારમાં રહી શકું તેમ છું નહીં. એટલે અહીંયાં પણ તેના પોતાના વિચારો સાથેનો આગ્રહભાવ જોડાઈ ગયો છે. તે વિચારોનો આગ્રહભાવ તેને બધે નડવાનો છે.

**ત્યાગનો આગ્રહી પણ અધર્મી હોય છે.**

ગુરુ કહે છે કે આજનો સમય,આજનો વિવેક,આજની અવસ્થા એવી છે કે તમારે સેવામાં જોડાવવાનું છે. માટે આજે તમારે ઉપવાસ કરવાની જરૂર નથી. અમારી આજ્ઞા છે કે આજે તમે ઉપવાસ ન કરો.

ત્યાગનો આગ્રહ મારી બુદ્ધિ સાથે જોડાઈ જશે તો તે બુદ્ધિ મને કોઈ પણ ક્ષેત્રમાં ફરી પાછો આગ્રહ જન્માવશે અને આ આગ્રહને અધર્મ માનવાવાળા બહુ ઓછા મળશે. આ આગ્રહને ધર્મ માનવાવાળા જ મળશે. કદાચ કોઈ પોતાના મા-બાપની ઈચ્છા વગર દીક્ષા લઈ લે તો તમે બરોબર કર્યું છે તેમ કહેવાવાળા મળશે. આ ખોટું કર્યું છે તેવું કહેવાવાળા કોઈ નહીં મળે....! આવા પ્રકારનો આગ્રહભાવ તે પણ અધર્મ છે એવું લોકો સમજતા નથી.

ચંડરૂદ્રાચાર્યે તેના શિષ્યને દીક્ષા આપી, પછી શિષ્ય કહે છે કે, મારા માતા-પિતા અહીંયાં આવશે, ઝઘડશે, અહીંયાં અધર્મ થશે. તે કરતાં હે ગુરુદેવ! આપણે અહીંયાંથી વિહાર કરી લઈએ.

સંયમ શાંતિ માટે છે કે અશાંતિ માટે ?

જે સંયમથી શાંતિ ન મળતી હોય તે સંયમ છે જ નહીં.

જે નિયમ સમતાભાવને બતાવતો હોય તેને જ સંયમ કહેવાય... જે નિયમ સમત્વ અપાવતો હોય, શાંતિ અપાવતો હોય, શાંતિ ઉદ્ભવાવતો હોય, શાંતિનું સર્જન

કરતો હોય, જેના દ્વારા શાંતિ થતી હોય તેને જ સંયમ કહી શકાય...!

એક મુનિ આવ્યા, બિમાર પડયા. ડોકટરે કહ્યું કે તમે સાવ નીચે સૂઈ જશો તો તકલીફ થઈ જશે. તમારે યોગ્ય પદાર્થ નીચે રાખીને જ સૂવાનું. તો ગુરુએ ક્હયું,'નહીં, અમારો નિયમ છે. કાં નીચે સૂવાનુ, કાં પાટ પર એકાસન સિવાય સૂવાનું નહીં ' પરંતુ નિયમ ત્યારે લાગુ પડે જ્યારે તમારી તે-તે પ્રકારની પરિસ્થિતિ હોય. અત્યારે આ પરિસ્થિતિ છે, તમારે ડોકટર પાસે જવું પડે તેમ છે, દવા લેવી પડે તેમ છે અને બધી દવાની અંદર પ્રાણીજન્ય પદાર્થો આવવાના જ છે, તો તે દવા ખાવી સારી કે અત્યારે પથારી પાથરવી સારી ?

પથારી પાથરવી સારી. પણ ત્યાં તે આગ્રહ રાખવા જાય તો. ?

નિયમનો આગ્રહી હંમેશાં નીતિને ચૂકતો હોય છે...સમય અનુસાર સુજ્ઞતાને વાપરતો નથી તે ગુરુપદને લાયક હોતો નથી.

પચ્ચ્ક્ખાણમાં પહેલેથી આગ્રહ છે. ઉપવાસ કર્યો છે, ટળવળી રહ્યા છે, ભયંકર દુ:ખાવો થઈ ગયો છે, અત્યારે કોઈપણ treatment લેવામાં નહીં આવે તો આવતીકાલે એટલું બધું વધી જશે કે તમારા કેટલા બધા દિવસો અને કેટલા બધા કલાકો અશાંતિમાં જશે... તે અશાંતિ કરતાં અત્યારે જ તેને પારણું કરાવી લેવામાં આવે તો ભગવાન કહે છે કે તેને કોઈ પાપ લાગતું નથી... કારણ કે તમારી સમાધિ ટકે ત્યાં સુધી જ ઉપવાસના પચ્ચક્ખાણ આપ્યા છે.

કોઈ પણ સાધના સ્વ માટે, સ્વ થકી અને સ્વ વડે જ હોય છે. સમજ નથી હોતી માટે સાધના ક્યારેક અધર્મ બની જાય છે.

ઘરના બધાં કહેતા હોય કે પારણું કરી લો, 'પણ હું નહીં જ કરું.' તેમ બોલ્યા તેમાં જ તેના એટલાં બધાં પાપ બંધાઈ ગયા જેટલા તેણે આખા દિવસના ઉપવાસમાં ખપાવ્યા નહોતા એટલે કે હઠાગ્રહ ન હોવો જોઈએ.

ક્યારેક તે સમયનો વિવેક જોઈને પારણું કરી લે તો ભગવાન કહે છે કે તેને

સમતાની પ્રાપ્તિ થઈ ગઈ, ધર્મની પ્રાપ્તિ થઈ ગઈ, મારી આજ્ઞાની પાલના થઈ ગઈ. બધાની સમાધિ વર્તાતી નથી અને છતાં પોતાની ઈચ્છાનો આગ્રહ રાખે તે મારી આજ્ઞાને ભંગ કરે છે.

સાધક તેને જ કહેવાય જે પોતાના ફાયદાનો વિચાર કરે અને ભગવાનના કાયદા પ્રમાણે રહે.

બધાની સમાધિ વર્તાતી રહે અને તારા શરીરની પણ સમાધિ વર્તતી રહે તો જ તેને ઉપવાસ કહેવાય...!

**આગ્રહી માત્ર અધર્મી હોય છે.**

જ્યાં જે પરિસ્થિતિમાં, જે સમયે, જે કરવું યોગ્ય છે તે પરિસ્થિતિમાં તમારે તમારો વિવેક જાળવવાનો હોય છે.

વિવેકી હોય તે આગ્રહી ન હોય, આગ્રહી હોય તે વિવેકી ન હોય. તેનો અર્થ તે નથી કે વ્યક્તિએ શિથિલ થવું, ઢીલા થવું, અસ્થિર થવું. પરમાત્માનો ધર્મ ઢીલા થવાનો ધર્મ છે જ નહીં.... પણ વિવેકનો ધર્મ સો ટકા છે.

નિગ્રહ એટલે આગ્રહભાવને છોડવો. સારા અને ખરાબ બંનેનો આગ્રહ છોડવો.

ખરાબનો આગ્રહ આપણે છોડી શકીએ પણ સારાનો આગ્રહ છોડવો બહુ અઘરો છે.

**સડસઠમો બોલ**

# ફળનો નહીં, બીજનો નાશ

## ક્રોધ વિજય

**कोह–विजएणं भंते ! जीवे किं जणयइ ?**
**कोह–विजएणं खंतिं जणयइ, कोहवेयणिज्जं**
**कम्मं ण बंधइ, पुव्वबद्धं च णिज्जरेइ ।**

ક્રોધના વિજયથી હે ભગવાન ! શેની પ્રાપ્તિ થાય છે ?

કષાયનું કર્મ છે તેને ભગવાને બીજકર્મ કહેલું છે. અને બીજાં બધાં કર્મોને પરમાત્માએ પાંદડાનું કર્મ, ડાળીનું કર્મ, ફળનું કર્મ, ફૂલનું કર્મ, કહ્યું છે.

'બીજ' એટલે જેના વગર વૃક્ષ ઊગે નહીં અને વૃક્ષ ઊગ્યા પછી બીજું બીજ આવે, તેનાથી બીજું વૃક્ષ ઊગે....

ક્રોધનો નિયમ છે કે, ભૂતકાળમાં તમે ક્રોધ કર્યો હોય તો જ વર્તમાનમાં ક્રોધ આવે. ભૂતકાળમાં ક્રોધ કર્યો ન હોય તો વર્તમાનમાં ક્રોધ આવે નહીં.પણ વર્તમાનમાં ક્રોધ કર્યો હોય તો ભવિષ્યમાં ક્રોધ આવે .

ક્રોધ પોતે જ મા છે અને પોતે જ દીકરો છે. પોતે જ દીકરો છે અને પોતે જ મા છે....!

કષાયનું કામ જુગલિયા જેવું છે. જુગલિયાનો નિયમ છે કે જુગલિયામાં ક્યારેય કોઈ વ્યક્તિ નિર્વંશ ન હોય...! છેલ્લે છેલ્લે બે બાળકને જન્મ આપ્યા વગર તે મરે જ નહીં .

ક્રોધ, માન, માયા અને લોભ જુગલિયા જેવા છે. ક્રોધનો ઉદય થાય એટલે સામે ગમે તે નિમિત્ત બને આપણને ક્રોધ આવે. ક્રોધ આવે એટલે નવા કર્મ બંધાય. નવા કર્મ બંધાય એટલે ફરી પાછું નિમિત્ત બંધાય. નિમિત્ત બંધાય એટલે ફરી પાછો ક્રોધ આવે.

ક્રોધ હંમેશાં બીજ જેવો છે. બીજના બે ઉપાય છે. કાં તેને વાવો, કાં તેને બાળો....! એક બીજને બાળવું એટલે હજાર વૃક્ષનો નાશ કરવો. એક બીજને ઉગાડવું એટલે હજાર વૃક્ષને ઉગાડવા !

બીજનો નિયમ છે કે બીજ વગર હજાર બીજ ઉત્પન્ન થતાં નથી, બીજનો નાશ થઈ ગયો તો ઊગશે ક્યાંથી ? ઊગશે નહીં તો વિકસશે ક્યાંથી ? વિકસશે નહીં તો નવા બીજ આવશે ક્યાંથી ?

એમ, તમે ભૂતકાળમાં કરેલા ક્રોધના કારણે અત્યારે ક્રોધમોહનીય નામનું કર્મ ઉદયમાં આવ્યું છે. પણ તમે તમારા આત્માને સાવધાન કરી દીધો. તમારા આત્માને ક્રોધમાં ભળતો અટકાવી દીધો તો અનંતકાળથી બીજમાંથી બીજની પરંપરાની સાંકળ હતી તે એક સાંકળ તૂટી ગઈ ! અત્યારે તમારી આસપાસમાં ક્રોધની અસંખ્ય સાંકળ અને અનંતા મોહનીયકર્મ વીંટળાયાં છે. તેનો નિયમ એક જ છે કે જેવી એક કડી તોડો તેવી બીજી તૂટી જાય, જેવી બીજી તોડો તેવી ત્રીજી તૂટી જાય !

ક્રોધની પણ અસંખ્ય સાંકળ છે, માટે જ વ્યક્તિ અસંખ્ય સેકંડમાં અસંખ્ય સાંકળને કાપી શકે છે. માટે જ અંતર ૪૮ મિનિટ સુધી સ્થિર રહે તો ૪૯મી મિનિટે

તેને કેવળજ્ઞાન થઈ જાય....! ૪૮ મિનિટમાં ક્રોધની અસંખ્ય અંસખ્ય સાંકળને કાપી શકાય છે, તોડી શકાય છે અને નાશ કરી શકાય છે....!

તમે એક મિનિટ માટે પણ ક્રોધને આવતો અટકાવ્યો તો સમજી લેવાનું કે અનંતકાળથી આવતું ક્રોધનું બીજ તમે બાળી નાખ્યું ! એક વખત ક્રોધનાં બીજ બળી ગયાં પછી નવા ઉત્પન્ન થતાં જ નથી !

એક વખત રાખવામાં આવતી ક્ષમા તે અનંતકાળ પછીની આત્માની સાથે ઘટતી ઘટના છે. એક વખત રાખવામાં આવતી ક્ષમા આત્મા અનંતકાળ માટે સાથે રાખે છે. જો સમજાય તો અનંતકાળ સુધી ક્રોધનો ઉદય થાય છે, નવો ક્રોધ બંધાય છે, નવા ક્રોધનો ઉદય થાય છે. વળી નવો ક્રોધ બંધાય છે. તેમ મા-દીકરાની સાંકળ ચાલુ ને ચાલુ  જ રહે છે. સાંકળ ગમે તેટલી મોટી હોય, તમને જકડીને રાખતી હોય પણ એક કડી તોડો એટલે સાંકળ જેવું કામ કરી શકતી નથી. એક કડીથી આખી સાંકળ નષ્ટ થતી હોય તો એક મિનિટની ક્ષમાથી અનંતકાળની ક્રોધની સાંકળ નષ્ટ થાય છે.

ક્રોધ પર કાબૂ રાખવાનો ઉપાય એક જ છે કે સંબંધો ઘટાડી દો. સંબંધ વગરનો ક્રોધ માન, માયાનો મોહતાજ નથી.

સંબંધો ઓછા તેટલી સમસ્યા ઓછી ! જેટલા રાગ-દ્વેષ ઓછા તેટલા તેની સાથેના ભાવ ઓછા !

લાગણી વગરનો, કામના વગરનો ક્રોધ ક્યાંય હોતો જ નથી. જડ કે ચેતન ઉપર ક્રોધ આવે કામનામાંથી, કામના આવે સંબંધોમાંથી !

સંબંધ ન હોય તો કામના હોય જ નહીં.

આપણો આ શરીર સાથે સંબંધ છે માટે આપણને સુંવાળું કે નરમ હોય તો ગમે.તેની સાથે Relation જ ન હોય તો?

Relation વગર Reaction ન હોય.

**કામના વગરનો ક્રોધ ન હોય !**

ક્રોધ, માન અને માયા તે ત્રણેય માત્ર લોભમાંથી જ જન્મે છે....!

કામના વગરનો ક્રોધ નહીં અને ક્રોધ વગરનો સંસાર નહીં.

ક્રોધ પર વિજય મેળવવાથી શેની પ્રાપ્તિ થશે ?

**'खंति जणयइ'**

ક્રોધનો વિજય કરવાથી ક્ષમા જન્મે છે.

ક્ષમા કોને કહેવાય ?

'સ્વ' જ્યારે 'સ્વ' ના ગુણોને ખીલવે અને પર જ્યારે પોતાના આત્માથી પર થાય ત્યારે ક્ષમાનો જન્મ થાય છે. સૂરજ આવવાથી અંધારું દૂર થાય છે તેમ ક્રોધના વિજયથી, અંધારાના વિજયથી અજવાળું આવે છે.

પોતાનામાં ક્રોધનો ઉદય ન થવા દેવો તેને પરમાત્માએ 'ક્ષમા' કહેલી છે.

ક્રોધ એ ઉદયની અવસ્થા છે. ક્રોધ આવે છે. ક્રોધને આવવા ન દેવો એટલે પરને સ્વમાં ન આવવા દેવો. પરને સ્વમાં ન આવવા દેવો એટલે સુરક્ષિતતા.

**ક્ષમા એટલે સ્વની સ્વ વડે સુરક્ષિતતા !**

પોતે પોતાના વડે પોતાનું જે ધ્યાન રાખે છે... પોતે પોતાના વડે પોતાને સુરક્ષિત રાખે, પોતાને સ્થિર રાખે છે તેને કહેવાય છે **'खंति'** !

આપણે હંમેશાં એમ વિચારીએ છીએ કે આપણે બીજાને માફી આપી દીધી, આપણે તેની ભૂલ માફ કરી દીધી, આપણે તેને ક્ષમા આપી દીધી.

ક્ષમા એ આપવાની વસ્તુ છે કે રાખવાની વસ્તુ છે ?

ક્ષમા પોતે જ સ્વ છે, 'સ્વ' ક્યારેય પરને આપી શકાતું નથી. ભૂલને માફ કરવી એટલે બીજાની ભૂલ પોતાને ભૂલ ન લાગવી તે !

પોતાને બીજાની ભૂલનો અનુભવ જ ન થવા દેવો તેને કહેવાય છે સ્વનું સ્વમાં રહેવું. આપણે પરમાં ગયા તો તેની ભૂલ લાગી, ભૂલ લાગી તો ભૂલ દેખાડી, ભૂલ દેખાડી પછી તેની પાસે કબૂલ કરાવ્યું અને કબૂલ કરાવ્યા પછી માફી આપી. આ

એક પ્રક્રિયા આપણે શીખ્યા છીએ. પણ આ પ્રક્રિયા ઊંધી છે.

આપણે આપણામાં રહ્યા તો સામેવાળાની ભૂલ ભૂલ લાગે નહીં. આપણને સામેવાળા ભૂલ કરવા છતાં ભૂલ લાગે નહીં ત્યારે સામેવાળો નિરાશ થાય કે આ તો આપણને કાંઈ કહેતા નથી. તેને કાંઈ અસર થતી નથી.

સાચી ક્ષમા તે છે જે સામેવાળાને માત્ર અસર કરે પણ તેની અસર આપણા પર થવા દે નહીં !

સ્વ જ્યારે સ્વમાં રહે ત્યારે ખંતી જન્મે છે તેને જન્માવવી પડતી નથી. પરમાં હતો માટે સ્વમાં આવવું પડયું. પરમાંથી સ્વમાં આવ્યો એટલે સ્વમાં હતું તે બધું બહાર આવ્યું... હવે તેને નવું બંધાતું નથી અને જૂનું હતું તે પણ ખપવા લાગે છે.

તમે ઘરમાંથી થોડા દિવસ બહારગામ જાવ પછી ઘરે પાછા આવો ત્યારે શું થાય ?

ઘરમાં આવો એટલે ઘરમાં બાવા, જાળા, ગરોળી, ઉંદર બધું આવી ગયું હોય. પહેલા તે નહોતું કારણ કે તમે ઘરમાં હતા પણ તમે ઘરમાંથી બહાર ગયા એટલે તે અંદર આવી ગયા... તમે નથી રહેતા એટલે બીજા તમારા ઘરમાં આવી જાય છે.

'સ્વ' જ્યારે 'સ્વ'માં રહેતો નથી ત્યારે પર સ્વમાં ઘર કરી જાય છે.

સ્વના અંદર આવવાથી જે સર્જાય તેને 'ખંતી' કહેવાય છે.

પારકાં જેના ઘરમાં આવતા નથી તેને પોતાનાની ચિંતા નથી. અને પારકાં આપણાં ઘરમાં આવ્યાં એટલે સમજી લેવાનું કે આપણું ઘર પારકું થયા વગર રહેવાનું નથી.

ક્રોધના વિજયથી આત્મા પારકાનાં ઘરમાંથી પોતાના ઘરમાં આવે છે. અને 'ખંતી' એટલે 'સ્વ'નું 'સ્વ'નાં ઘરમાં આવવું.

અડસઠમો બોલ

# માન વિજય થકી મૃદુતા

## માન વિજય

माण–विजएणं भंते ! जीवे किं जणयइ ?
माण–विजएणं मद्दवं जणयइ, माणवेयणिज्जं
कम्मं ण बंधइ, पुव्वबद्धं च णिज्जरेइ ।

કોઈપણ વ્યક્તિ માન વિજય કરે ત્યારે તેના આત્માને શો લાભ થાય છે ?

માનના વિજયથી મૃદુતા જન્મે છે.

માન કોને કહેવાય ? આપણામાં અહમ્, અકડાઈ અને માન જન્મે શેનાથી ?

પોતાના સિવાયનું પોતાની આસપાસમાં જે કાંઈ અનુકૂળ છે તે અહમ્નું કારણ છે. વ્યક્તિને પોતાનો અહમ્ ક્યારેય હોતો નથી, પોતાને પોતાનો અહમ્ આસપાસના કારણે હોય છે !

આત્મા જ્યારે આત્મા જ હોય શરીર ન હોય તો ? આંખ ન હોય તો આંધળાને અહ્મ્ કેટલો હોય ? બહેરાને અહમ્ કેટલો હોય ? મૂંગાને અહમ્ કેટલો હોય ? કેન્સરના બિછાને પડેલી વ્યક્તિની ઊભા થવાની પણ ત્રેવડ ન હોય ત્યારે તેનો અહમ્ કેટલો હોય ?

આપણે આસપાસને અનુકૂળ માનીએ ત્યારે અહમ આવે છે અને આસપાસને પ્રતિકૂળ માનીએ ત્યારે ક્રોધ આવે છે. પણ આપણે આસ અને પાસથી પાસ થઈ જઈએ તો અહમ્ રહેતો જ નથી. આંખ ન હોય તો અહમ્ કેટલો ટકે ? બહેરો, મૂંગો કે આંધળો વ્યક્તિ હોય તેનો અહમ્ કેટલો ટકે ?

કોઈ પણ વ્યક્તિ 'સ્વ'માં રહે ત્યારે મૃદુ હોય છે અને પર હોય ત્યારે અહમી હોય છે. અનુકૂળ આધાર  આત્મામાં અહમ્ જન્માવે છે અને પ્રતિકૂળ આધાર આત્મામાં દ્વેષ જન્માવે છે. વ્યક્તિમાં આધાર નથી હોતો ત્યારે તે એકલો હોય છે. એકલાને કોઈ અહમ્ હોતો નથી. **એક પણ અહમ્ એવો નહીં હોય જે આસપાસના વગરનો હોય !**

જોડાણ વગરનો અહમ્ હોતો નથી. આત્મા પોતે મૃદુ છે.પરતું પરને કારણે કડક બને છે. પરને કારણે અકકડ બને છે. અનુકૂળતા ન હોય તેની અક્કડતા ક્યારેય ટકતી નથી.

રાજા ક્યારે છે ? પ્રજા છે માટે, પ્રજા ન હોય તો રાજા ક્યાંથી હોય?

હું વડીલ છું. વડીલપણું આવે ક્યાંથી ? ઘરમાં નાના હોય તો !

હું ગુરુ છું. ગુરુ બને ક્યાંથી ? શિષ્ય હોય તો ને ?

આપણી આસપાસનું જેટલું પારકું છે તેને પોતાનું માનીએ ત્યારે અહમ્ જન્મે છે. મિથ્યા માન્યતા અહમ્ જન્માવવાનું કારણ છે. આપણો ભ્રમ આપણામાં અહમ્ કરાવે છે. આપણી આસપાસ કોઈ હોય નહીં તો આપણને અહમ્ આવતો નથી. આપણી આસપાસ કંઈક છે માટે આપણને અહમ્ આવે છે. આસપાસ કંઈક છે તેવું

માનવું તે આપણો ભ્રમ છે. ભ્રમ વગરની વ્યક્તિમાં અહમ્ ક્યારેય હોતો નથી. અહમ્ માત્ર ભ્રમના કારણે ઉત્પન્ન થાય છે.

**''माण–विजएणं''** વ્યક્તિ પોતાના માનને ત્યારે જ જીતી શકે જ્યારે તે અજ્ઞાનને ટાળે છે. વ્યક્તિ જ્ઞાની બનતો જાય તેમ તેનો અહમ્ ઘટતો જાય છે.

અહમ્‌ની અભિવ્યક્તિ આસપાસથી થાય છે, આસપાસને લીધે થાય છે. આસપાસની વડે થાય છે. આસપાસનું છૂટે એટલે અહમ્ પણ છૂટી જાય છે.

પણ વ્યક્તિ આ ભાવને સમજતો જ નથી કે હું અહંકાર કરું છું તેમાંનું કશું મારું છે જ નહીં. કોઈ પણ જ્ઞાની વ્યક્તિને જ્ઞાનનો અહંકાર હોય છે. પણ સામે કોઈ શીખવાવાળું જ ન હોય, સામે કોઈ સાંભળવાવાળું જ ન હોય, સામે તેને કોઈ તેવું મળે નહીં તો તેનો જ્ઞાનનો અહમ્ કેટલો ?

ડૉક્ટરની પાસે ગમે તેટલી ડીગ્રી હોય, ગમે તેટલી સારી સર્જરી આવડતી હોય પણ કોઈ Patient જ ન આવે તો ? એની ડૉક્ટરી ત્યારે જ ચાલે જ્યારે ઘણાં Patients આવતા હોય ! ઘણાં Patients આવે તો જ તેની કલાનો, તેના જ્ઞાનનો તે ઉપયોગ કરી શકે !

આપણી આસપાસ અનુકૂળ વ્યક્તિ, વસ્તુ કે વાતાવરણ હોય છે ત્યારે આપણે અહમ્‌થી ઘેરાઈએ છીએ અને તે અહમ્‌ને કારણે આપણામાં માન આવે છે. અને માન જાય ત્યારે ?

એક મહારાજ સાહેબ પાસે બત્રીસે આગમનું સંપૂર્ણ જ્ઞાન હતું. જેને કહી શકાય કે ઑલ ઈન્ડિયાના જૈન સમાજમાંથી કોઈ પણ વ્યક્તિ પ્રશ્ન લઈને આવે તો તેમને બધું જ આવડતું હોય.... એક દિવસ ગુજરાતના પાંચ-દસ શ્રાવકો કોઈ પ્રશ્ન પૂછવા માટે ગયા. તે મહારાજ ગામડામાં રહેતા હતા અને ગુરુની સેવા કરતા હતા. બે માળનું બિલ્ડીંગ હતું અને નીચેના માળે આ મહારાજ હતા. તે ગારવાળું મકાન હતું. તે મકાનમાં તે ૩૦ વર્ષથી રહેતા હતા અને તેમના ગુરુ બિમાર હતા.. ત્રીસ વર્ષથી તે જ

મકાનમાં રહેવાના કારણે મકાન બગડી ગયું હતું એટલે પોતે પોતાના હાથે ગાર કરતા હતા. સ્થાનકવાસી બત્રીસે આગમના જાણકાર મહારાજ સાહેબ પોતે ગાર કરતા હતા. લોકોએ ત્યાં જઈને પૂછ્યું કે અમારે સમર્થમલજી મહારાજસાહેબને મળવું છે. તે પોતે ગાર કરતા હતા એટલે આવનારને એમ કે આ કોઈ નાના સાધુ હશે. બત્રીસે આગમના જાણકાર મહારાજ તો ક્યાંય પાટ પર બેઠા હશે, અને પાટ પર પાટ ચડાવી હશે. જ્યારે આ તો ગાર કરતા હતા. મહારાજ સાહેબે પ્રશ્ન કર્યો કે તમે ક્યાંથી આવ્યા છો ? તો કહે, અહીંયાંથી આવ્યા છીએ.  મહારાજ સાહેબે પૂછ્યું કે આપ તસ્થરતા કરોગે ના ? '' આપકે આનેકા કોઈ પ્રયોજન ''?

અમારે અમુક અમુક પ્રશ્નોના જવાબ મેળવવા છે.

મહારાજ સાહેબે ક્હયું કે,'' લોગ મુજે સમર્થ કહેતે હૈ.''

એમણે એમ ન ક્હયું કે,' હું સમર્થમલજી છું.'

તે વ્યક્તિ પોતાના જ્ઞાનનો જરા પણ અહંકાર બતાડતી નથી.

ભાવ એ કે જ્ઞાની વ્યક્તિ પણ અહંકારી બની શકે છે. સારું વ્યાખ્યાન કરતાં આવડી જાય અને બધું જ્ઞાન આવી જાય એટલે વ્યક્તિમાં અહમ્ આવી જાય છે.

માનો કે વાંચણી આપતાં તમારા ચહેરાઓની રેખા ફરી રહી છે અને તેને મારી આંખ જોઈ રહી છે, તમારા ચહેરા પર પ્રસન્નતા ફેલાઈ રહી છે. બોલાઈ રહેલા શબ્દો તમને ગમી રહ્યા છે માટે તમારા ચહેરા પર પ્રસન્નતા છે. કંટાળો દેખાતો નથી. તમારા ચહેરા પર કંટાળો નથી પણ પ્રસન્નતા છે તે મને ગમી રહી છે. કેમ કે મારો અહમ્ મને આનંદ કરાવી રહયો છે...!

એકેએક પરિસ્થિતિનું નિરીક્ષણ કરીએ, એક-એક ક્ષણનું અવલોકન કરીએ ત્યારે ખ્યાલ આવે છે કે આપણામાં અહમ્‌ના કેટલા કેટલા અંશો ક્યાં ક્યાં પડેલા છે ?

અહમ્ ગમે ત્યારે, ગમે તે વ્યક્તિને, ગમે ત્યાંથી પાડયા વગર રહેતો નથી કારણ કે અકકડ વ્યક્તિ સ્થિર રહી શકતી નથી. અકકડ ક્યારેક ને ક્યારેક પડે જ છે.

દરેક આત્મા પરના ભાવોને પોતાના માનવા લાગે,પોતાના થકી માનવા લાગે, પોતાના વડે માનવા લાગે છે, પર મારા થકી સુખી છે, પર મારા વડે આનંદ મેળવે છે, પરને હું સુખી કરું છું,પરને મારા થકી અનુકૂળતા મળી રહી છે તેવો ભ્રમ ઊભો થાય છે ત્યારે વ્યક્તિમાં અહમ્ આવે છે.

પર ન હોય તો અહમ્ ક્યારેય ન હોય. પરનાં ન થઈએ તો અહમ્માં ક્યારેય ન જઈએ. પરનો આધાર હોય ત્યાં સુધી અહમ્ આવ્યા વગર રહે નહીં !

**'माण–विजएणं मद्दवं जणयइ'**

માનનો વિજય કરવાથી મૃદુતા આવે છે.

'મૃદુતા' એટલે શું ?

કોઈ પણ પરિસ્થિતિમાં કઠોર ન બને તેને મૃદુતા કહેવાય છે.

માખણ મૃદુ હોય છે. પણ ફ્રિજમાં મૂકો તો કઠણ થઈ જાય છે. માટે માખણ મૃદુ છે જ નહીં. જેની મૃદુતા આવ્યા પછી જતી નથી તેને સાચી મૃદુતા કહેવાય છે.

કોમળતા આવ્યા પછી કઠોરતા આવે નહીં તેને જ સાચી કોમળતા કહેવાય છે.

વ્યાખ્યાનમાં બેઠા હો ને સામે કોઈ તેવો માણસ આવી જાય પણ તમે કંઈ કરી શકો તેમ છો નહીં.  કંઈ કરી શકો તેમ ન હો ને કાંઈ ન કરો તે તમારી મૃદુતા ન કહેવાય.

**પરિસ્થિતિથી જન્મેલા સદ્ગુણોની ઉંમર અલ્પ હોય છે. પરિસ્થિતિના કારણે થતી સાધના તે સાધના હોતી જ નથી.**

લગ્ન જ ન થતા હોય અને કોઈ કહે કે હું બ્રહ્મચારી છું, તો તે બ્રહ્મચારી ન કહેવાય !

આગમના દશવૈકાલિક સૂત્રના બીજા અધ્યયનમાં વાત કરી છે કે બધું જ હોવા છતાં જેને ભોગવવાનો વિચાર ન આવે તેને ત્યાગી કહેવાય છે.

કૂતરું રોટલી લઈ જાય પછી કહીએ કે પુણ્ય થશે એમ પુણ્ય થતું નથી.

હાથમાં આવે તેમ છે છતાં ન લઈએ તેને નિર્લેપતા કહેવાય. આત્મા ક્યારેય કઠોર ન થઈ શકે તેવી સ્થિતિમાં આવે ત્યારે આત્માની મૃદુતા કહેવાય.

સામેવાળો જડ જેવો છે અને આપણે બોલવાનું જોખમ ન લઈએ તેને આપણી નમ્રતા કહેવાય નહીં. સામેવાળો ગમે તેવો હોય પણ આપણે બોલવું જ નથી કે કહેવું જ નથી તેને 'નમ્રતા' કહેવાય.

પહેલવાનને જોઈને પત્થર મૂકી દઈએ તે આપણી ક્ષમા નથી. નબળો માણસ જોઈને પત્થર મૂકી દે તે તેની સાચી ક્ષમા કે નમ્રતા છે.

આત્મા જયારે આત્મામાં આત્મા સિવાયનું અન્ય ભેળવે છે ત્યારે અહમ્ આવે છે. જ્યારે આત્મા આત્મા રહે ત્યારે અહમ્ આવતો નથી.

આત્મા અન્યને આત્મા માનવા લાગે છે ત્યારે અહમ્ આવ્યા વગર રહેતો નથી.

ક્યારેય કઠોર ન થઈ શકે તેને મૃદુતા કહેવાય છે.

**ઓગણસીત્તેરમો બોલ**

# કપટ કરે ચોપટ

## માયા વિજય

**माया-विजएणं भंते ! जीवे किं जणयइ ?**
**माया-विजएणं अज्जवं जणयइ, मायावेयणिज्जं**
**कम्मं ण बंधइ, पुव्वबद्धं च णिज्जरेइ ।**

માયાને જીતવાથી, હે પરમાત્મા, શેનો લાભ મળે છે ?

માયાને જીતવાથી આર્જવતા પ્રગટ થાય છે, ઋજુતા પ્રગટ થાય છે, સરળતા પ્રગટ થાય છે.

માયા કોને કહેવાય?

મોહ સાથે આસક્તિ ભળે, ઈચ્છા સાથે જ્યારે અસત્ય ભળે તેને 'માયા' કહેવાય છે.

કપટ કરવાનો ભાવ ઈચ્છા હોય ત્યારે જ જન્મે છે. ઈચ્છા વગર કપટ જન્મે જ નહીં.

અંદરની ઈચ્છા ને પોષવા માટે બહાર અસત્ય કરવું તેને પરમાત્માએ ‘માયા’ કહી છે. અંદર પડેલી કોઈ ને કોઈ ઈચ્છાને પોષવા માટે જે અસત્ય અભિવ્યક્ત થાય તેને પરમાત્માએ માયા-કપટ કહ્યું છે.

નાગેશ્રીને બધા પાસેથી વખાણની ઈચ્છા હતી માટે તેનાથી કપટનો ભાવ વ્યક્ત થયો.

મનમાં, વચનમાં કે કાયામાં, ઈચ્છાનાં કારણો જન્મે તેને પરમાત્માએ ‘માયા’ કહી છે. વ્યક્તિમાં કપટનો ભાવ જન્મે ત્યારે તે સેક્રીન બની જાય છે. સેક્રીન લાગે મીઠું પણ હોય કડવું.

વહાલ કરીને વધેરે તેને માયા-કપટ કહેવાય. વહાલ કરીને વધેરવું તેનું નામ સંસાર !

પહેલાં ઘેટાને સારું - સારું ખવડાવવાનું, લીલું - લીલું ખવડાવવાનું, પહેલાં તેને ભોગ આપવાનો પછી તેનો ભોગ લઈ લેવાનો.

મોઢે વખાણ કરે અને પાછળથી ખરાબ બોલે તેને ‘માયાવી’ કહેવાય. માયાવીને બીજી ઉપમા ‘કબર’ની આપી શકાય. કબર ઉપર સુંદર ફૂલો પથરાયેલા હોય. પણ અંદર ખોલીને જુઓ તો મડદાં સિવાય કાંઈ દટાયેલું હોય નહીં. અંદર મડદાં અને બહાર ફૂલ હોય તેને કબર કહેવાય. બહાર ગુણ ગાતા હોય અને અંદર અવગુણ ગાતા હોય તેને માયાવી કહેવાય !

સામેવાળાને સારું લગાડવા માટે આપણા ચહેરા પર આવતી પ્રત્યેક Smile ને પણ પરમાત્માએ ‘કપટ’ કહેલું છે. જે છે નહીં અને દેખાડવું તેને પરમાત્માએ કપટ કહ્યું છે.

પોતાનું કામ કઢાવવા માટે કરેલું કોઈ પણ કામ કપટ કહેવાય છે. પોતાની અંદરની કામના માટે કોઈ પણ કામ કરાવવું તેને પણ પરમાત્માએ ‘કપટ’ કહેલું છે.

ઈચ્છા સાથે ભળેલું કોઈપણ અસત્ય-પછી તે ચહેરામાં ભળેલું હોય કે

આંખમાં ભળેલું હોય-બધું પરમાત્માએ કપટ જ કહેલું છે.

જ્ઞાની હોય તેવો જ દેખાય છે અને કપટી ન હોય તેવો દેખાય છે .

જ્ઞાનીનો ચહેરો એક હોય અને કપટીના ચહેરા અનેક.

વાતે વાતે ફરતો હોય, જેની વાતેવાત જુદી હોય, જેના વિચાર અને દેખાવ જુદા હોય તેને પરમાત્માએ માયા અને કપટ કહેલું છે. અને આવું જેનામાં નથી તે આત્મા 'સરળઆત્મા' હોય છે. કારણ કે સરળ પોતે સારો હોય છે અને સારાને કોઈ દિવસ સારું દેખાડવું પડતું નથી.

અત્તરને ક્યારેય પોતાની Publicity કરવી પડતી નથી. તે તેની સુગંધથી જ ઓળખાઈ જાય છે. તેમ ડાહ્યા માણસને પોતે ડાહ્યા હોવાનું Certificate આપવું પડતું નથી, ગાંડામાંથી ડાહ્યા થયા હોય તેને Certificate આપવું પડે.

માયા અને કપટ કરનારી વ્યક્તિ મૃત્યુ પામીને ક્યાં જાય છે ?

એક ખોટા Smile નો બદલો અસંખ્ય આંસુ હોય છે.

આપણે સામાયિક પ્રતિક્રમણ શીખી ગયા પણ સાચું Smile કરવાનું કોઈ શીખવાડતું નથી.

સંબંધ માત્રમાં વિવેક મોટાભાગે ખોટો જ થતો હોય છે. કારણ કે જેટલાને આપણે 'આવો' કહેતા હોઈએ તેને અંતરમાંથી 'આવો' કહેતાં જ નથી. અંદરથી આપણે કહીએ કે 'ક્યાં આવ્યા' અને હોઠેથી એમ કહીએ કે 'ભલે આવ્યા'. આને કહેવાય સંસાર !

માયા અને કપટ કરનારી વ્યક્તિ હંમેશ માટે તિર્યંચ ગતિમાં જતી હોય છે. માયાને છોડનાર વ્યક્તિ સરળ બને છે. સરળ બનનાર વ્યક્તિ હંમેશાં સિદ્ધલોકમાં જાય છે.

તમને કોઈ પૂછે કે સરળ અને કપટી વ્યક્તિ વચ્ચે શો ફેર ?

એક વાક્યમાં કહેવાય કે સુગર અને સેક્રીન જેટલો.

સરળ વ્યક્તિ પહેલી નજરે કદાચ બહુ મીઠો ન લાગે પણ અનુભવ થતો જાય

તેમ ખબર પડતી જાય કે આના જેવી મીઠાશ બીજે ક્યાંય નથી.

કપટી વ્યક્તિ શરૂઆતમાં બહુ મીઠો લાગે પણ પછી કડવાશ અનુભવાય.

વ્યક્તિને સારું દેખાવું છે, પોતાનું કામ કઢાવવું છે,જોઈતી વસ્તુ મેળવવી છે વગેરે જેવી કામનાને લીધે વ્યક્તિ કપટ કરે છે.

કોઈ પણ કામના માટે જૂઠું બોલવું તે કપટ છે.

કપટની  વાત આવે ત્યારે શકુનિ યાદ આવે.

આપણા જીવનમાં આપણે પળેપળે શકુનિ જેવો વ્યવહાર કરતા હોઈએ છીએ. કારણ કે કપટવૃત્તિ માણસના માનસ સાથે જોડાયેલી છે.

ખોટું એક પણ સ્મિત, ખોટો દેખાવ અથવા ખોટી લાગણીના દર્શન કે ખોટું બોલીને કે વર્તીને કોઈને ખુશ કરવા- આ બધું કપટ છે. જે વ્યક્તિ કારણ વગર અતિશય લાગણી બતાવે તો ચોક્કસ તેનામાં કંઈક ખોટ હશે.

**સ્વાર્થ વગર મીઠાશ હોય નહીં.**

જે વ્યક્તિ તમને સાચાની સાથે ખોટી વાત પણ મોં પર કહી શકતો હોય તેની લાગણી સાચી. કપટી માણસ ગરોળીની જેમ ધીરે ધીરે નજીક આવીને અચાનક જ ઝપટ મારે છે.

વ્યક્તિને લાલચ જ કપટ કરવા પ્રેરે છે.

જે વ્યક્તિ જાહેરમાં તમારા વિષે સારું સારું બોલતો હોય તો સમજવું કે નકકી તેને કંઈક લાલચ છે. તે ક્યારે તમારું અહિત કરે નક્કી નહીં. કારણકે લાલચ અને કપટ એકબીજાનાં પૂરક છે.

માયાનો વિજય કરવાથી જીવને શું પ્રાપ્ત થાય છે ?

માયાને જીતનાર વ્યક્તિ સરળ બની જાય છે. સરળતા આવવાથી વ્યક્તિની અંદર રહેલા કપટતાનાં સંસ્કાર ચાલ્યા જાય છે.

ઘણી વખત અમુક પરિસ્થિતિનું નિર્માણ થવાથી આપણને ગુસ્સો આવી

જાય છે. કદાચ આપણે તેના પર કાબૂ ન રાખી શકીએ તે શક્ય છે .પણ કપટ ક્યારેય આવતું નથી, તેને લાવવામાં આવે છે.

ભગવાન કહે છે કે ક્રોધને છોડવો સહેલો છે, પણ કપટ છોડવું બહુ અઘરું છે.

આત્મા  પરમાત્મા બને ત્યારે પહેલો ક્રોધ, ત્યાર બાદ અહમ્, પછી કપટ અને છેલ્લે લોભ છૂટે છે.

કારણ કે માણસના માનસમાં, રગ રગમાં કપટ જ હોય છે. અને કપટનું કારણ એક જ છે – કામના.

**સીત્તેરમો બોલ**

# સ્વને સ્વથી તોષ

## લોભ વિજય

लोभ–विजएणं भंते ! जीवे किं जणयइ ?
लोभ–विजएणं संतोसं जणयइ, लोभ–वेयणिज्जं
कम्मं ण बंधइ, पुव्वबद्धं च णिज्जरेइ ।

લોભનો વિજય કરવાથી આત્માને સંતોષ પ્રાપ્ત થાય છે. લોભ હંમેશા પરનો હોય છે, પર થકી હોય છે. લોભ સ્વ સિવાયનો હોય છે.

આપણને નામનો, કામનો, વસ્તુનો, વ્યક્તિનો, તેમ બધાજ પ્રકારના લોભ હોય છે. અને તેના ઉપર વિજય મેળવવાથી સંતોષ જન્મે છે.

સંતોષ એટલે શું ?

દરેક વ્યક્તિમાં સંજ્ઞા પડેલી હોય છે તેથી તે પરમાં જાય છે. આહારસંજ્ઞા, ભયસંજ્ઞા, મૈથુનસંજ્ઞા, પરિગ્રહસંજ્ઞા, ક્રોધસંજ્ઞા, લોભસંજ્ઞા વગેરે બધી જ સંજ્ઞાઓનો લોપ એટલે સંતોષ.

જેને સંજ્ઞા નથી, કંઈ જોઈતું નથી, તેને જે છે તેમાં શાંતિ હોય છે, આનંદ હોય છે. કંઈક જોઈતું હોય અને ન મળે તો જ અસંતોષ જન્મે.

કોઈ વ્યક્તિનું પેટ ભરેલું છે, તે તૃપ્ત છે, તો તેને ખાવાની કોઈ ઈચ્છા થશે નહીં. અતૃપ્ત વ્યક્તિને જ ઝંખના હોય છે. પોતાની પાસે નથી તે મેળવવાની-પામવાની ઝંખનામાંથી અસંતોષ જન્મે છે.

જેને આ મેળવવું નથી, તે પોતાનાથી, પોતાના વડે સુખી છે. જે વ્યક્તિ પોતે પોતાના થકી સુખીપણાનો અનુભવ કરે છે તેને કહેવાય સ્વનો સ્વથી તોષ.

તોષ એટલે તૃપ્તિ. આમ, 'સ્વ'નો 'સ્વ'થી તોષ થવો તેને કહેવાય સંતોષ.

'સ્વ' ને 'સ્વ' થી તોષ થાય ત્યારે 'પર'માં જવાનો ભાવ થતો નથી. પણ 'પર'માં જવાનો ભાવ થાય ત્યારે અસંતોષ જન્મે છે.

કોઈ દિવસ એવું સાંભળ્યું કે જુગલિયા ક્ષેત્રમાં જુગલિક મનુષ્યે ખાવા માટે ઘઉં ભરી રાખ્યા કે તેલનો ડબ્બો ભરી રાખ્યો ? ના!

કેમ કે જે જોઈએ તે મળે જ છે,એટલે ભરી રાખવાનો કે સંગ્રહ કરવાનો ભાવ થતો નથી. 'પર'ને પોતાનામાં ભરવાના ભાવ છૂટવા તેને સંતોષ કહે છે.

**'તરસ' એટલે જોઈએ છે અને 'તોષ' એટલે જોઈતું નથી.**

તપેલીમાં પાણી લઈ સ્ટવ કે ચૂલા ઉપર ચડાવવામાં આવે તો અગ્નિ હશે ત્યાં સુધી પાણી ધીમે ધીમે ગરમ થઈ ઉકળવા લાગશે. પણ સ્ટવનો અગ્નિ બુઝાવવામાં આવે તો પાણી ધીમે ધીમે શાંત થવા લાગશે.

આ રીતે ઈચ્છા રૂપી અગ્નિ હશે ત્યાં સુધી લાવ-લાવ કે આ જોઈએ પેલું જોઈએ થયા કરશે પણ, ઈચ્છારૂપી અગ્નિ દૂર કરીએ કે તરત બધું શાંત- શાંત થઈ જશે.

'સ્વ' ક્યારેય 'પર'થી તૃપ્ત થતો નથી. પણ આપણી માન્યતા છે કે પારકું તૃપ્ત કરે છે.

'સ્વ'ને 'સ્વ'થી તૃપ્ત કરવાને બદલે 'પર'થી તૃપ્તિની કામના કરીએ તે જ છે અસંતોષનું કારણ. પારકી વસ્તુ તૃપ્ત કરી શકે છે અથવા તેનાથી તૃપ્ત થવાય છે તે એક ભ્રમ છે. અને આ ભ્રમ થવાનું કારણ મોહનીય કર્મનો ઉદય છે.

કોઈક વસ્તુ વગર ચાલતું નથી તે અલગ વાત છે. તે આપણી પરિસ્થિતિ છે. પણ આપણી જ્ઞાનદૃષ્ટિ એકદમ સ્પષ્ટ હોવી જોઈએ કે પારકી વસ્તુ એટલે કે 'પર'થી ક્યારેય તૃપ્ત થવાતું નથી. આપણા સિવાય આપણા આત્માને કોઈ પણ શાંતિ આપી શકતું નથી અને જેને આપણે શાંતિનું કારણ માનતા હોઈએ તેનાથી વધારે અશાંતિ કોઈ આપતું નથી.

આપણને જેના વગર ચાલતું નથી, ફાવતું નથી અથવા જેનાથી હસવું કે રડવું આવે છે કે પછી કોઈ જીવ કરતાંય વ્હાલી વ્યક્તિ હોય છે તે જ આપણા જીવને બાળતી હોય છે.

'સ્વ'ની 'પર' થકી શાંતિ મેળવવાની પ્રક્રિયા એટલે સંસાર અને 'પર'ની તૃષ્ણાનો અંત કરાવે તેને સંતોષ કહેવાય.

સંસારની શરૂઆત તૃષ્ણાથી થાય છે.

વ્યક્તિને સંતોષ હોતો નથી ત્યારે તે મથામણ કરે છે, પણ મથામણ કરવાથી બધી જ વસ્તુ મળતી નથી અને **મથામણ હોય ત્યાં અથડામણ પણ હોય છે.**

આપણા મનમાં એક કામના પડેલી છે માટે આપણને આપણું કામ કઢાવવું છે. આપણું કામ સર્યું નહીં એટલે આપણે પારકાને દોષ દીધો.

પરની કામના આપણી અંદર અસંતોષ જન્માવે છે. તે અસંતોષ વધે ત્યારે પહેલાં આપણે બળીએ છીએ અને પછી પારકાને બાળીએ છીએ.

**જે વ્યક્તિ નવરી હોય, એટલે કે જેની પાસે કોઈ કામ નથી તેની પાસે કામનાઓ વધારે હોય છે. આવી વ્યક્તિ પહેલાં ખાડો ખોદીને પોતે પડે છે અને પછી બીજાને પણ પાડે છે. પોતાની કામનાઓ પૂરી ન થવાથી પહેલાં પોતે અને**

**પછી બીજાને બાળે છે.**

જે આત્મા પોતાના કામમાં લાગેલો રહે તેને પારકાની પરવા હોતી નથી. મારે મારા આત્માનું જ કામ કરવું છે તે જ તેની કામના હોય છે. પોતાને બદલે પારકાનું જ કામ કર્યા રાખે તેવી વ્યક્તિની કામનાનો અંત હોતો નથી.

આત્માનું કામ એટલે ક્રોધ, માન, માયા અને લોભ પરનો વિજય.

હવે તેની નજર બીજે બધે ભટકતી નથી. તે બીજામાંથી કંઈ મેળવવાનો પ્રયત્ન કરતો નથી.

બીજામાંથી મેળવવાનો પ્રયત્ન તે જ કરે જેના પોતાનામાં ખોટ હોય. અધૂરા હોય તે બીજાથી પૂરા થવાના પ્રયત્ન કરે છે. સંપૂર્ણ હોય તે બીજાનો સહારો લેતા નથી.

બીજાનું કંઈ પણ જોઈતું નથી કે જોવું પણ નથી તેના જેવું સુખી કોઈ નથી.

'પર'ની જે નોંધ રાખે તે આત્માની નોંધ રાખી શકે નહીં.

અવસાન નોંધ વાંચવાવાળા ઘણા હોય છે જે પારકાની નોંધ રાખતા હોય તેને અવસાન નોંધ વાંચવાનું ગમતું હોય છે.

કોઈ વ્યક્તિ માટે 'અહીંથી જાય તો સારું' તેમ ક્યારે લાગે છે?

આપણને તે વ્યક્તિ માટે અણગમો હોય ત્યારે.

'અહીંથી જવું ' તે પણ એક પ્રકારનું અવસાન જ છે.

જે વ્યક્તિ 'પર'ની નિંદામાં અને ટીકાઓમાં રચ્યો પચ્યો હોય તેની કામનાઓનો પાર હોતો નથી. કામનાઓને કારણે કંટાળો તથા અકળામણ જન્મે છે. આ અકળામણ 'આગ' જેવી હોય છે. તે પોતાને તો બાળે જ છે પણ આસપાસનાને પણ બાળે છે. તેથી આ આગથી દૂર રહેવું જોઈએ.

વ્યક્તિ લોભથી વિજય મેળવે ત્યારે શું થાય છે ?

ભગવાન કહે છે કે લોભ પણ આગ જેવો છે. આગમાં લાકડાં નાંખીએ તેમ આગ વધે છેતે પ્રમાણે લાભ વધે તેમ લોભ પણ વધે છે.

તૃષ્ણા-ઈચ્છા સંતોષાતી જાય તેમ નવી નવી ઈચ્છાઓ જન્મ લેતી હોય છે. પોતાની ઈચ્છારૂપી આગને શાંત પાડે ત્યારે જ વ્યક્તિ સંતોષી બને છે. કંઈ પણ જોઈએ છે તેને શાંતિ મળતી નથી.

ભગવાન મહાવીર પાસે રાજય હતું, પત્ની અને દીકરી હતાં, છતાં તે વસ્ત્ર સુદ્ધાંનો ત્યાગ કરી ચાલી નીકળ્યા હતા. કેમ ?

એક વસ્ત્ર પણ હશે તો આજે પહેરવાનું અને કાલે ઓઢવાનું મન થશે.

એક બાવાજી હતા. શાંતિથી રહેતા હતા. એક વાર એક બકરીનું બચ્ચું ત્યાં આવી ચડયું. બાવાજીને તેને પંપાળવાનું મન થયું. પંપાળ્યું એટલે સારું લાગ્યું. બચ્ચાને તેમણે રાખી લીધું. પછી પ્રશ્ન આવ્યો તેના ભોજનનો. એટલે તેમણે એક નાનું ખેતર બનાવ્યું. પણ ખેતરમાં અન્ય પ્રાણીઓ આવવા લાગ્યા. તેથી જરૂર પડી વાડની પણ વાડ કેમ બનાવવી ? એટલે એક કૂતરો પાળ્યો જે બીજાં પ્રાણીઓને દૂર ભગાડે. કૂતરા માટે દૂધનો પ્રબંધ, દૂધ માટે ગાય તેમ બાવાજીની ગૂંચ વધતી જ ગઈ.

એમણે બકરીના બચ્ચાંને પંપાળ્યું ન હોત તો ?

જે વ્યક્તિ લોભને 'આગ'ની જેમ જોવે તે લાભરૂપી લાકડાં ઘટાડતી જાય છે.

પરમાત્મા કહે છે કે સંસારની વ્યક્તિ વસ્તુ કે, આપણે જોઈએ છીએ તે બધું જ 'આગ' છે. આગમાં લાકડાં નાંખીએ તેમ તે વધતી જ જાય છે. તેમ પદાર્થને વધારવાથી ઈચ્છા અનેકગણી વધે છે. ઈચ્છા ને કારણે વ્યક્તિ અશાંત બની જાય છે.

આસપાસનો મેળો છૂટે તો જ માળાનો મેળ પડે.

આપણે કોઈના બનીએ નહીં અને કોઈને આપણા કર્યા ન હોય તો ઈચ્છાની આગ દઝાડે નહીં અને માળા ફરતી જાય તેમ મગજ શાંત બનતું જાય .

ઈચ્છાઓને ઘટાડવી તે જ સંતોષ મેળવવાનો ઉપાય છે. ઈચ્છા માત્રથી અશાંતિ ઉત્પન્ન થાય છે.

જેનાથી કંઈ છૂટે નહીં, અશાંતિ તેને છોડે નહીં. મન અશાંત થઈ જાય ત્યારે

તમારી ગમતી વસ્તુ કોઈને આપી દો. થોડી વાર પછી શાંતિનો અનુભવ થશે.

આગ ઘટાડવા માટે લાકડાં ઘટાડવાં જરૂરી છે.

અશાંતિ ઘટાડવા માટે પદાર્થ સાથેનો સંબંધ ઘટાડવો પડશે.

પોતાની પાસેનું કંઈક આપતા શીખીએ ત્યારે શાંતિ મેળવતા શીખી જ જવાય છે.

આગળ કહ્યું તેમ 'સ્વ'એ 'સ્વ'થી 'સ્વ થકી' 'તોષ' પામવો એટલે સંતોષ. સ્વ જયારે સ્વથી તોષ પામે ત્યારે 'પર'ની ઈચ્છા જન્મતી નથી. ઈચ્છા જન્મતી નથી એટલે દાઝવાનું બનતું નથી.

ઈચ્છા ઘટશે-સંજ્ઞા ઘટશે તેટલી જ શાંતિ વધશે.

ઈચ્છા પોષાય છે તેટલી જ શાંતિ શોષાય છે.

ઈચ્છા નાગણી જેવી છે. નાગણી એક જ રાતમાં દસ હજાર ઈંડા મૂકતી હોય છે. તે પ્રમાણે એક ઈચ્છા પોષીએ એટલે અનેક ઈચ્છાઓ જન્મતી હોય છે.

આપણી ઈચ્છાઓ ઘટે, આપણે કંઈક આપતા શીખીએ તો અવશ્ય શાંતિ મળશે.

ઈક્કોતેરમો બોલ

# રાગથી રાગ પરની જીત

## રાગ-દ્વેષ મિથ્યાત્વ વિજય

पिज्ज–दोस–मिच्छादंसण–विजएणं भंते ! जीवे किं जणयइ ?

पिज्ज–दोस–मिच्छादंसण–विजएणं णाणदंसणचरित्ताराहणयाए अब्भुट्ठेइ,

अट्ठविहस्स कम्मस्स कम्मगंठिं विमोयणयाए तप्पढमयाए जहाणुपुव्विं अट्ठावीसइविंह मोहणिज्जं कम्मं उग्घाएइ, पंचविहं णाणावरणिज्जं, णवविहं दंसणावरणिज्जं, पंचविहं अंतरायं एए तिण्णि वि कम्मंसे जुगवं खवेइ, तओ पच्छा अणुत्तरं अणंतं कसिणं पडिपुण्णं णिरावरणं वितिमिरं विसुद्धं, लोगालोगप्पभावं केवलवरणाणदंसणं समुप्पडेइ, जाव सजोगी भवइ ताव ईरिया–वहियं कम्मं णिबंधइ सुहफरिसं दुसमयट्ठिइयं, तं पढमसमए बद्धं, बिइयसमए वेइयं, तइयसमये णिज्जिजण्णं,

तं बद्धं पुट्ठं उदीरियं वेइयं णिज्जिजण्णं, सेयाले य अकम्मं यावि भवइ ।

રાગ, દ્વેષ અને મિથ્યાત્વને જીતવાથી આત્માને શેની પ્રાપ્તિ થાય છે?

આપણે આ ત્રણ વસ્તુને ઉંડાણથી સમજવાની છે. રાગ અને દ્વેષને જીતનાર એટલે જિન .

'રાગ' એટલે શું ? દ્વેષ એટલે શું ?

'સ્વ' જ્યારે 'પર' થી રંગાય તેને રાગ કહેવાય. અને રાગ જ્યારે વિકૃત બને ત્યારે દ્વેષ કહેવાય.

દ્વેષ સ્વતંત્ર હોતો નથી. રાગ છે માટે દ્વેષ છે. 'રાગ' એ દૂધ છે તો દ્વેષ એ ફાટેલું દૂધ છે.

કોઈ પણ રંગથી રંગાવું એટલે રાગ. એટલે કે જોવું, સુંઘવું, સાંભળવું ખાવું-પીવું આ બધાંથી આત્મા રંગાવો એટલે રાગ.

પાંચ ઈન્દ્રિયોના વિષયના રંગથી આત્મા રંગાય તેને પરમાત્માએ 'રાગ' કહ્યો છે. ઈન્દ્રિયોને જોવી તેને વિષયી કહેવાય અને ઈન્દ્રિયોના રંગે રંગાવું તેને વિકાર કહેવાય.

આગમમાં કહેવાયું છે કે રાગ દ્વેષ **'मिच्छादंसण–विजएणं'**

મિથ્યાદર્શન એટલે શું ?

આંખેથી જોનાર વ્યક્તિ આંખોને પોતાની માને અને આંખથી જોયેલું પણ પોતાનું માને તેને મિથ્યાદર્શન કહેવાય. સાંભળ્યા પછી પોતાનું માને અને સાંભળ્યા પછી તેના વિચારમાં રાગ-દ્વેષના ભાવ કરે તેને મિથ્યાત્વ કહેવાય.

મિથ્યાત્વનો જનક રાગ અને દ્વેષ હોય છે. મિથ્યાત્વને જીતવા રાગ-દ્વેષને જીતવા પડે. રાગ-દ્વેષનું મારણ રાગ-દ્વેષ જ છે.

**રાગને જીતવા રાગ કરવો તેને સમ્યક્દર્શન કહેવાય છે.**

રાગથી રંગાવું તેને મિથ્યાદર્શન કહેવાય.

રાગને રાગ થકી જીતવો એટલે શું ?

દેવ, ગુરુ અને ધર્મ પ્રત્યે રાગી બને, દ્રઢ ધર્મી બને, અને શ્રદ્ધાથી રંગાય છે ત્યારે મિથ્યાદર્શન જાય છે.

એટલે કે રાગ-દ્વેષને જીતવા રાગી થવું પડે. રાગને જીતવા રાગ કરવો એટલે સમ્યક્ દર્શન. સમ્યક્દર્શનથી મિથ્યાદર્શન જીતાય છે. આ જ ભગવાનનો માર્ગ છે.

આપણે જેના થવા જઈએ તેના જેવા થઈએ છીએ. જ્ઞાનીના થઈએ તો જ્ઞાની જેવા થઈએ અને અજ્ઞાનીના થઈએ તો અજ્ઞાની જેવા થઈએ.

જેવું **વાતાવરણ હોય તેવું આત્માનું વલણ થાય અને જેવું વલણ સર્જાય તેવું જ વર્તન સર્જાય છે.**

તેથી  જેનાં મા-બાપ ક્રોધી હોય તેનાં સંતાનો પણ વાત-વાતમાં ગુસ્સે થતા હોય છે.

વાતાવરણનું શુદ્ધિકરણ થાય તો વલણનું શુદ્ધિકરણ થાય અને વલણને કારણે વર્તનનું શુદ્ધિકરણ થાય છે.

એક શાળાના વર્ગમાં સો વિધાર્થીઓને એક શિક્ષક ભણાવે છે. ભણાવનાર, જ્ઞાન આપનાર શિક્ષક એક જ છે. સરખા સમયે સરખું જ્ઞાન પીરસવા છતાં પરીક્ષામાં કેટલાક નાપાસ થાય છે તો કેટલાંક મુશ્કેલથી પાસ થાય છે તો વળી કેટલાક ઘણા જ સારા માર્ક મેળવે છે. આમ કેમ ?

વ્યક્તિ પાસે ધ્યેય હોય ત્યારે જ ધ્યાન લાગે છે. જ્ઞાન પણ ત્યારે જ મળે,જ્યારે અંતરમાં ધ્યેય હોય છે. પરંતુ ધ્યાન તથા જ્ઞાન ત્યારે જ લાગે જ્યારે વ્યક્તિ આત્માથી તેની સાથે એકરસ થઈને જોડાઈ જાય છે.

જ્યારે એકરસ થઈને જોડાય ત્યારે સ્મૃતિના પડળમાં યાદ રાખવું પડતું નથી,બધુ યાદ રહી જાય છે.

જે વિધાર્થીઓને શિક્ષક પ્રત્યે ઋણાનુબંધ હતો, જે વિધાર્થીને શિક્ષક પ્રત્યે આંતરિક ભાવનું ખેંચાણ હતું તેનું ધ્યાન ભટકતું ન હતું. દરેકનું ખેંચાણ શિક્ષક પ્રત્યે

જુદુ જુદુ હતું. માટે બધા ગુણ પણ જુદા જુદા મેળવે છે.

આ પ્રમાણે ભવોભવના સંસ્કાર વ્યક્તિને એકતરફ રાખે છે ત્યારે વ્યક્તિ ધ્યાનમાં આવી જાય છે. ધ્યાનમાં આવવાથી સ્મૃતિ તીવ્ર બની જાય છે અને યાદ રાખવું પડતું નથી.

ધ્યાન આપણા જ્ઞાનને વધારે છે જ્ઞાન આપણા દર્શનને વધારે છે. જ્ઞાન અને દર્શન મળે ત્યારે ચારિત્ર આવી જાય છે. ચારિત્ર આવે ત્યારે તપ આવે છે અને તપના આવવાથી મોક્ષ નજીક આવે છે.

ઉત્તરાધ્યયન સૂત્રમાં પહેલા અધ્યયનમાં આવે છે કે પૂજ્યતા ક્યારે અનુભવાય ?
પ્રિયતા વગરની પૂજ્યતા જન્મતી નથી અને પૂજ્યતા વગર પ્રાપ્તિ મળતી નથી.

વ્યક્તિ પૂજ્યને પ્રિય માનીને એકાગ્ર બને ત્યારે પૂજ્ય વ્યક્તિ તેના પર પ્રસન્ન થાય છે.

ભવોભવનો ઋણાનુબંધ કે પ્રેમ ઉત્પન્ન થાય ત્યારે જ વ્યક્તિ પૂજ્યતા અને પ્રિયતા અનુભવે છે.પ્રસન્ન થયેલા ગુરુ તેને અનેરો આત્મલાભ આપે છે. આ લાભ મળ્યા વગર જગતનો લોભ ઘટતો નથી.

અર્થ મળી શકે તેવું વિપુલ જ્ઞાન આપવામાં આવે છે, જેનાથી આત્મા આત્મા સાથે જોડાય તેવું બીજજ્ઞાન આપવામાં આવે છે. અને જેની પાસે આવા પ્રકારની ગુરુકૃપાનું જ્ઞાન હોય તેને જ ધ્યાન લાગે છે અને જેનું **ધ્યાન લાગે છે તે જ ધ્યેય સુધી પહોંચી શકે છે.**

ઉત્તરાધ્યયન સૂત્રનો અમૂલ્ય બોધ છે કે આપણે ભવોભવના ઋણાનુબંધ રૂપના ભાવો દેવ, ગુરુ અને ધર્મ માટે અનુભવીએ ત્યારે સમજવું કે સાધના માટેનો માર્ગ મોકળો થઈ ગયો છે, તેને એક દિશા મળી ગઈ છે. અને જેને દિશા મળી છે તેની દશા સુધર્યા વગર રહેતી નથી.

પરમાત્માનું ધ્યાન, પરમાત્માનું જ્ઞાન આપણને પરમાત્મા તરફ લઈ જાય અને તે તરફ જતાં જતાં આપણે પરમાત્મા જેવા બનવા લાગીએ તો જ આ ભવ

સાર્થક થાય.

જેનું મન પોતાનું હોય છે તે કદી બીજાનું બનતું નથી, બીજાનો વિચાર કરતું નથી. જે વ્યક્તિએ પોતાનું મન પરમાત્માના ચરણમાં સોંપ્યું હોય તેણે કદી મનને મારવું પડતું નથી.

મન સ્પ્રિંગ જેવું છે. દબાવો તેમ તેમ પોતાનું સ્થાન મેળવવા પાછો ધક્કો મારે છે. સાધના એટલે મનના આવા સ્પ્રિંગભાવને તોડવો.

સ્પ્રિંગને ગમે તેટલી દબાવો તો પણ તેનો સ્પ્રિંગભાવ - મૂળ સ્થિતિ મેળવવાનો ભાવ છૂટતો નથી. પણ સામસામે પકડી ખેંચીને સીધી કરવામાં આવે તો સ્પ્રિંગભાવ તૂટે છે. આ પ્રમાણે, મનરૂપી સ્પ્રિંગનો એક છેડો પરમાત્માના ચરણમાં સોપવામાં આવે અને એ પરમાત્મા તરફ ખેંચાણ અનુભવે ત્યારે મનનો સંસાર પ્રત્યેનો સ્પ્રિંગભાવ તૂટે છે.

આમ થાય કે આમ ન જ થાય, સાધનામાં તો આવું જ થાય, આમ ન કરાય, આવું મન પર લાદવામાં આવે તેને દમન કર્યું કહેવાય.

**મન તે દમનનો નહીં પણ શમનનો વિષય છે.**

મનનું દમન કરવામાં આવે તે શું કરે છે ? આવું મન બેવડું ઉછળે છે. પણ જે આત્મા આત્માનું દમન કરે તેણે મનને દબાવવું પડતું નથી.

જેનું મન પરમાત્માના ચરણમાં હોય તેના મનનું શમન થતું હોય છે.

સાધનાના ક્ષેત્રમાં મનનું દમન કરનાર કરતાં તેનું શમન કરનાર સાધકો વહેલા મોક્ષમાં જાય છે.

પોતાની સાધનાને સાચી રીતે સમજનાર વ્યક્તિના મનનું દમન થતું નથી. દમન નથી થતું માટે કોઈ પણ જાતનું કૌભાંડ થતું નથી. દમન કરનારી વ્યક્તિઓ વચ્ચે જ એવા વ્યવહારો થાય છે, જેથી કૌભાંડ થાય છે.

કારણ કે શક્તિ જ્યારે પ્રવાહિત થતી નથી ત્યારે આડી-અવળી જાય છે.

નદીનો પ્રવાહ અવરોધાય ત્યારે તે તારાજી સર્જે છે.

આ પ્રમાણે મન-વચન અને કાયાની શક્તિ પરમાત્માના ચરણમાં, પરમાત્માના જ્ઞાનમાં કે પરમાત્માની પ્રક્રિયામાં જોડી દેવામાં આવે તો તેને પરમાત્માની દિશા મળી જાય છે. જે મન, વચન કે કાયાને પરમાત્માની દિશા મળે તેની દશા પણ પરમાત્મા જેવી થઈ જાય છે. પરંતુ જેને પરમાત્માની **દિશા મળતી નથી તેની અવદશા થાય છે.** તે પોતે તો તારાજ થાય છે અને આજુબાજુનાને પણ તારાજ કરે છે.

સાધનાનું ક્ષેત્ર એટલે માત્ર એક કલાકનું નહીં, સાધનાની સાધક દશા એક ઉપવાસ નહીં, પણ પોતાની શક્તિનું પળે પળે ઉર્ધ્વગમન. સાધના એટલે પોતાની શક્તિનો સદ્‌ઉપયોગ, પોતાની શક્તિને સાચી દિશામાં લઈ જઈને પરમાત્માના શરણમાં પહોંચીને અંતે સિદ્ધિને પામવી.

વિકલ્પો અને વિચારો પરમાત્માની દિશાના થાય ત્યારે વિરામ પામે છે. માત્ર બહારનો દેખાડો પરમાત્મા તરફનો થાય તેને અલ્પવિરામ કહેવાય છે. આવો દેખાડો 'વિરામ' પામે એ જરૂરી હોતું નથી.

**આ પ્રમાણે અધકચરી કે અધૂરી કોઈ પણ સાધના પાણી ભરેલા ખાબોચિયા જેવી હોય છે જે અંતે કાદવ જ નીપજાવે છે.**

કાદવથી જે રીતે દૂર રહીએ તે રીતે આવી અધકચરી સાધનાથી પણ દૂર રહેવું જોઈએ.

મન, વચન અને કાયારૂપી નદીને યોગ્ય દિશા - પરમાત્માની દિશા ન મળે તો તે ઠેર ઠેર ખાબોચિયાનું સર્જન કરે છે.

જેમ જેમ ખોટો દેખાડો વધુ - પ્રવાહ વધુ, તેમ તેમ નુકશાન પણ મોટું જ હોવાનું.જો મન, વચન ને કાયારૂપી નદીનો પ્રવાહ સાચી પરમાત્મા તરફની દિશામાં વહેતો હોય તો આ કાળમાં પણ પરમાત્માના ચરણને પામી શકાય છે.

ઘણી વખત એવું બનતું હોય છે કે બહારનું ગમતું હોય છે અને અહીંનું

(ઉપાશ્રયનું) ગમાડવું પડતું હોય છે. પરંતુ અહીંનું ખરેખર ગમવા લાગે ત્યારે બહાર અકળામણ થવા લાગે છે કારણ કે,

**અણગમતું હોય ત્યાં અકળામણ હોય છે.**

અધર્મથી અકળામણ થાય ત્યારે સમજવું કે સાધક દશાની શરૂઆત થઈ છે. અને એક વાર શરૂઆત થઈ તો ગમે ત્યારે 'સિદ્ધિ' આવશે જ.

અહીં ઉપાશ્રયમાં બીજાં નિમિત્ત મળતાં નથી તેથી ધ્યાન લાગે છે પણ બહારના જગતમાં હજારો નિમિત્તોની વચ્ચે પોતાની મનઃસ્થિતિને પરમાત્મા તરફનો વેગ આપે તે જ પરમાત્માનો સાચો સાધક.

નદી વહે છે ત્યાં સુધી તેનું પોતાનું 'નદી' તરીકે અસ્તિત્વ છે, તેની પોતાની દિશા છે, પણ દરિયાને મળ્યા પછી તેની કોઈ દિશા હોતી નથી, તેનું 'નદી' તરીકેનું અસ્તિત્વ મટી જાય છે અને તે 'સાગર' તરીકે જ ઓળખાય છે.

'સ્વ' હોય ત્યાં સુધી 'પર'માં જવાનો ભાવ થાય છે, પણ 'સ્વ'નું અસ્તિત્વ જ રહેતું નથી તેને કહેવાય સંતોષ.

'સ્વ'નું અસ્તિત્વ રહેતું નથી, **'સ્વ' 'સ્વ' માં વિલીન થઈ જાય છે તેને સિદ્ધ કહેવાય છે.**

''**नमो सिद्धाणं**'' વાળાને એક પણ કામ હોય નહીં. કેમ ?

કાયા જ નહીં તો કામના નહીં, અને કામના ન હોય તો પરમ શાંતિ જ શાંતિ !

બોત્તેરમો બોલ

# યોગ વડે અયોગ અવસ્થા..

## શૈલેશી અવસ્થા

अहाउयं पालइत्ता अंतोमुहुत्तद्धावसेसाए जोगणिरोहं करेमाणे
सुहुमकिरियं अप्पडिवाइं सुक्कज्झाणं
झायमाणे तप्पढमयाए मणजोगं णिरुंभइ, णिरुंभित्ता वयजोगं
णिरुंभइ, णिरुंभित्ता कायजोगं
णिरुंभइ, णिरुंभित्ता आणापाणणिरोहं करेइ, करित्ता,
ईसिपंचहस्सक्खरुच्चारणद्धाए य णं अणगारे समुच्छिण्णकिरियं
अणियट्टि–सुक्कज्झाणं झियायमाणे वेयणिज्जं आउयं णामं गोयं
च एए चत्तारि वि कम्मंसे जुगवं खवेइ !

કેવળજ્ઞાન પ્રાપ્ત થયા પછી સાધક પોતાનું જેટલું આયુષ્ય બાકી હોય તે પૂરું કરે છે.

પરમાત્મા મહાવીરને ૪૩મા વર્ષે કેવળજ્ઞાન થયું, પણ આયુષ્ય ભોગવ્યું સાડા બોંતેર વરસનું, પણ જ્યારે છેલ્લી ૪૮ મિનિટ બાકી હોય ત્યારે અને જ્યારે આયુષ્યનો અંતર્મુહૂર્ત કાળ બાકી રહ્યો હોય ત્યારે સાધક પોતાના આત્માનું સંકોચન કરવાનું ચાલુ કરે છે. શરીરનાં જે જે ભાગમાં પોલાણ હોય ત્યાં પ્રસરવાનું શરૂ કરે છે.

અને આત્મા નક્કર બનવા લાગે છે. યોગોનો નિરોધ કરવા માટે શુકલ ધ્યાનનાં ત્રીજા ચરણનું ધ્યાન ધરવા લાગે છે.

શુક્લ ધ્યાનના પ્રભાવથી ચાર અઘાતી કર્મોનો સંપૂર્ણ ક્ષય થઈ જાય છે.

યોગનો નિરોધ એટલે મન, વચન અને કાયાની પ્રવૃત્તિ ને મંદ પાડવી અને એમ કરતાં કરતાં સંપૂર્ણ પણે પ્રવૃત્તિ માંથી નિવૃત થઈ જવું.

સૌથી પહેલાં સાધક મન યોગનો નિરોધ કરે છે અને મનયોગના નિરોધ પછી વચન યોગનો અને કાય યોગનો નિરોધ કરે છે. ત્યારે આત્મા નકકર બની જાય છે. શીતલીભૂત થઈ જાય છે. મન સ્વર યંત્ર બંધ પડી જાય છે. આત્મા શરીરમાં છે પણ કંપન બંધ થઈ જાય છે.

યોગ નિરોધ પછી શ્વાસોચ્છ્વાસ જેવી સૂક્ષ્મ ક્રિયા બાકી રહે છે અને તે પણ અ, ઈ, ઉ, ઋ, લૃ, આ પાંચ અક્ષરોના ઉચ્ચારણ કરવામાં આવે અને જેટલો સમય વ્યતીત થાય તેટલા સમયમાં આત્મા બહાર નીકળી જાય છે. શરીરના સંયોગો છૂટી જાય છે.

યોગોનો સંર્પૂણ નિરોધ થતાં જ શૈલેશી અવસ્થા પ્રાપ્ત થઈ જાય છે. શૈલેશી અવસ્થા એટલે શું ?

શૈલશી અવસ્થા એટલે અયોગી અવસ્થા.

મન, વચન અને કાયા અયોગી બની જાય તે અવસ્થા !

આત્માનું કંપન બંધ થઈ જાય તે અવસ્થા !

**તોંત્તરમો બોલ**

# સ્વ થી સર્વસ્વ

## સિધ્ધત્વ

**તઓ ओरालिय–तेयकम्माइं सव्वाहिं विप्पजहणाहिं**
**विप्पजहित्ता उज्जुसेढिपत्ते**
**अफुसमाणगईए उड्ढं एगसमएणं अविग्गहेणं तत्थ गंता**
**सागारोवउत्ते**
**सिज्झइ बुज्झइ मुच्चइ परिणिव्वायइ सव्वादुक्खाणमंतं करेइ ।**

ચાર અઘાતી કર્મોનો ક્ષય કરી આત્મા શીતલીભૂત થઈ જાય છે. પછી આત્મા ઔદારિક, તેજસ અને કાર્મણ, એમ ત્રણે શરીરનો ત્યાગ કરે છે.

સંપૂર્ણ રૂપે શરીરથી રહિત થઈને તે સમશ્રેણીને પ્રાપ્ત કરે છે. આકાશ પ્રદેશોનો સ્પર્શ કર્યા વિના જ એક સમયમાં અવિગ્રહ ગતિથી મોક્ષમાં ચાલ્યો જાય છે. ત્યાં જઈને જ્ઞાનપયોગી અવસ્થામાં સિદ્ધ થાય છે. જ્ઞાન સ્વરૂપ થાય છે મુક્ત થાય છે. પરમ શાંત અવસ્થા પ્રાપ્ત કરે છે અને સમસ્ત દુઃખોનો અંત કરે છે.

જેમ માટીના લેપવાળા તુંબડામાંથી માટીનો લેપ દૂર થતાં જ તુંબડું પાણીની ઉપર આવી જાય છે,તેમ કર્મોથી મુક્ત થયેલો જીવ એક સમયમાં ઊર્ધ્વગતિથી લોકાગ્રે પહોંચી જાય છે.

Contact us at: +91-98609-05678
Visit our website: www.parasdham.org
WhatsApp "Jai Jinendra" to: +91-76662-66566
Subscribe to: www.youtube.com/ParasdhamTV
Follow us on: www.facebook.com/ParasdhamIndia
Listen to Pujya Gurudev on: www.soundcloud.com/Parasdham
Write to us: pranpushpa@yahoo.com/parasdham108@gmail.com